

# શ્રાવક સામાયિક-પ્રતિક્રમણ સૂત્ર

(અર્થ અને વિધિ સહિત)

• પ્રકાશક •

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

# શ્રાવક સામાયિક-પ્રતિક્રમણ સૂત્ર

(સામાયિક-પ્રતિક્રમણ અર્થ- વિધિ, મોટા ખામણા સહિત)


• પ્રકાશક •

**શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**



માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**આરાધ્યા -1 અર્થ, ગ્રાઉંડ ફ્લોર, H-વીંગ, નાયડુ કોલોની,**
**પંતનગર, ઘાટકોપર ઈસ્ટ મુંબઈ-400075**

બોર્ડ ઓફિસ: 9702277914 શ્રી છાયાબેન: 9029933775

શ્રી અલ્પાબેન: 9820462132

**E-mail : jainshikshanboard@gmail.com**
**website : www.jainshikshan.org**


**જ્ઞાનાર્થે 25/-**

## પ્રકાશન દિન

વીર સંવત : 2551
વિક્રમ સંવત : 2081
ઈ.સ : August 2025

## પ્રથમ આવૃત્તિ

પ્રત : 1500
જ્ઞાનાર્થે : 25 ₹

## પ્રાપ્તિ સ્થાન

શ્રી બૃહદ મુંબઇ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**: સંચાલિત :**

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Aaradhya one Earth**
**Gr floor, H wing, Naidu colony,**
**Pantnagar, Ghatkopar (East), Mumbai 400075**
**Office : 9702277914**
**Chhayaben Kotecha : 9029933775**
**Alpaben Mehta: 9820462132**

E-mail : jainshikshanboard@gmail.com
website : www.jainshikshan.org

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

# શ્રી બૃહદ મુંબઇ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh**

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board,

Aaradhya one Earth - Gr floor, H wing,
Naidu colony, Pantnagar, Ghatkopar (East), Mumbai 400075

# જ્ઞાનદાન મહાદાન

### જ્ઞાન યોજના

₹1,00,000/- શ્રુતસ્તંભ

| | |
|---|---|
| ₹51,000/- શ્રુતાધાર | ₹5,000/- શ્રુતસહયોગી |
| ₹25,000/- શ્રુતપ્રભાવક | ₹2500/- શ્રુતસહાયક |
| ₹11,000/- શ્રુતપ્રેરક | ₹1000/- શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 25 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે. આપશ્રી જ્ઞાનદાન યોજનામાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

## Banking Details for DONATION to Dharmik Sikshan Board

**A/c Name** : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh

**Bank Name** : Bank of Baroda **Branch** : Ghatkopar East

**IFSC Code** : BARB0GHAEAS

**A/c. No.** : 70130100028329

ચેક / ડ્રાફ્ટ શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા. જૈન મહાસંઘના નામે લખવો.

# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)

શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના શ્યામ પરિવારના શિષ્યરત્ન
પ. પૂ શ્રી ધૈર્ય - સૌમ્ય ગુરુદેવના શિષ્ય પ. પૂ ઉપાધ્યાયજી
શ્રી ભવ્ય ગુરુદેવના સુશિષ્ય તપસ્વીરત્ન
પ. પૂ શ્રી રાજવિર્યમુનિ મહારાજ સાહેબનું

## જીવન દર્શન



દીક્ષા દિન - 1st ફેબ્રુઆરી, 2015
(ઉંમર વર્ષ - 63) અને
ત્યાર બાદનો તપમય માર્ગ
અઠ્ઠાઈ - 62, માસક્ષમણ - 4,
16 ભથ્થાં - 3

॥ पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणांइ
जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च ॥

પાછલી ઉંમરે દિક્ષીત થનાર આત્મા પણ તપ, સંયમ,
ક્ષમા અને બ્રહ્મચર્યના પાલનથી શિઘ્રાતીશિઘ્ર ઉચ્ચ ગતિને પામે છે.

## દીક્ષા પૂર્વ જીવન

ગામ રવ (કચ્છ-વાગડ) ના સુશ્રાવક શ્રી કરસનભાઈ દેવરાજભાઈ કારીયાના પુત્રરત્ન શ્રી રાયશીભાઈ, શ્રી થાણા સંઘના પ્રમુખ પદે 7 વર્ષ સુધી સેવાને જીવનમૂલ્ય બનાવી, અનેક ધાર્મિક પ્રવૃત્તિઓનું સફળ નેતૃત્વ કરનાર અને આ સમયમાં 64 પ્રહરી ચૌવિહારા પૌષધ-અઠ્ઠાઈ જેવી તપસ્યાની એ પાવન ક્ષણોમાં અંદરથી સંયમ જીવન માટે ઊંડો ભાવ ઉદ્‌ભવ્યો.

એવા શ્રી ગુરુભગવંતને કોટી કોટી પ્રણામ

# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)



## માતુશ્રી નીલુબેન રાયશીભાઈ કરસનભાઈ કારીયા

**ગામ-રવ (કચ્છ વાગડ) હાલ-થાણા, મુંબઈ**

શ્રી થાણા સંઘની પાઠશાળામાં છેલ્લા 40 વર્ષથી
નિ:સ્વાર્થ ભાવથી જ્ઞાનદાતા તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે.

તેમના સેવા કાર્યકાળ દરમિયાન સેંકડો બાળકોમાં જ્ઞાનનું
સિંચન કર્યું અને અનેક બહેનોને દીક્ષા ગ્રહણ કરવાની પ્રેરણા મળી છે.

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર, લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

## ધાર્મિક શિક્ષણ બોર્ડ

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

શ્રી મહાવીરાય નમઃ



# શ્રુતાધાર

**આ જ છે આપણું કાર્ય,**
**સેવા-સહાય અને સત્કાર્ય**

## સમર્પણ ગ્રુપ (દાદર)

**જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની**
**જ્ઞાનપ્રસારના કાર્યમાં સહકાર આપી**
**સ્વયંના જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરનાર,**
**લોકોત્તર પુણ્યનો બંધ કરનાર,**
**સમર્પણ ગ્રુપનાં સર્વ મેમ્બર્સનો**
**ધાર્મિક શિક્ષણ બોર્ડ ખૂબ ખૂબ આભાર માને છે.**
**તેઓના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

# અતીતની અટારીએથી

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યાં છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહીં પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોષમાંથી ક્યારના રવાના થઈ ગયાં છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે, સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે!

પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ?

કદાચ યંત્ર યુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા રહી જાય છે. દરેક વ્યકિત કોઈને કોઈ દુ:ખથી ઘેરાયેલી છે. આ બધાં દુ:ખોથી મુક્ત થવું હોય તો સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માનો ધર્મ અને ધર્મની યથાર્થ સમજણ જ સહાયક થાય છે.

પરિસ્થિતિને જાણીને સમજીને વિચક્ષણ દીર્ઘદ્રષ્ટા વડીલોની આગેવાની લઈને 30.07.1961 ના બૃહદ મુંબઇ સ્થાનકવાસી જૈન મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના 32 આગમમાંથી પ્રેરણા લઈ આગમ સાગરમાંથી મંથન કરીને સરળ ભાષામાં તેનો બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વના સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત જ્ઞાનનો વિકાસ થાય તે માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે પ્રારંભમાં શ્રેણી એકથી સાતના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. આ પાઠ્યક્રમ તૈયાર કરવામાં પૂજ્ય શ્રી સંત-સતીજીઓનો અવિસ્મરણીય સાથ સહકાર મળ્યો.

પછી ક્રમશઃ સંઘના વિદ્વાનોએ course નો વિકાસ કર્યો, જેને કારણે આજે એકથી પચ્ચીસ શ્રેણીનો course તૈયાર થઈ ગયો છે અને જ્યારે જ્યારે જરૂર લાગી, ત્યારે નવી આવૃત્તિમાં ફેરફાર પણ કર્યા છે. વર્તમાને ફરીથી આ book ફેરફાર સાથે નવા સ્વરૂપમાં આપણે પ્રકાશિત કરીએ છીએ. આની પાછળનો હેતુ આબાલવૃદ્ધ બધાં આમાં જોડાઈ શકે અને વધુમાં વધુ લોકો પરમાત્માના ધર્મની સન્મુખ થાય, એ જ છે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતાં કરતાં આજે માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન સાથે સંસ્કાર સંપન્ન ભાવિ પેઢીના નિર્માણ માટે કાર્યશીલ છે.

Course તૈયાર કરવામાં અનેક ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે અને એ માર્ગદર્શન અનુસાર અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે અભિવાદન કરીએ છીએ.

આ Courseને કારણે આજ સુધીમાં લાખો લોકો પરીક્ષાના માધ્યમથી જૈનત્વના સંસ્કારને પામ્યા અને ભવિષ્યમાં પણ વધુમાં વધુ લોકો આ અભ્યાસક્રમમાં જોડાઈને, સુસંસ્કારને પામીને પોતાના ભાવિને ઉજ્જવળ બનાવે એ જ અભ્યર્થના.

## ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિઓ

1. જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન.
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી, તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. બાલ પાઠાવલી એવં એકથી પચ્ચીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને શ્રેણી પરીક્ષાનો અભ્યાસ કરાવવામાં આવે છે.
8. Technologyના માધ્યમથી online, મૌખિક અને લિખિત પરીક્ષા દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online certificate અને ઇનામ વિતરણ.
10. ધાર્મિક ટેલેન્ટ શો , એક્ઝિબિશન વગેરેનું આયોજન પણ થાય છે.

આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે
જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# છ આવશ્યક-અર્થાધિકાર

## સામાયિક - સાવદ્યયોગ વિરતિઃ

48 મિનિટ માટે ચૌદરાજલોકમાં થતી તમામ પાપપ્રવૃત્તિનું
પૂર્ણવિરામ તથા વીતરાગદશાની અનુભૂતિનું સેંપલ.

## ચતુર્વિંશતિસ્તવ - ઉત્કીર્તનઃ

તીર્થંકર પરમાત્માની સ્તુતિ-ભક્તિ દ્વારા
શ્રદ્ધાને નિર્મળ અને દઢ બનાવવાનું અમોઘ સાધન.

## વંદના - ગુણવ્રત્ પ્રતિપતિઃ

ગુણવાન સાધુ-સાધ્વીજીઓ પ્રતિ
આદરભાવ સહિત વંદના દ્વારા
અહંકારનો નાશ અને સૌભાગ્યફળની પ્રાપ્તિનો ઉપાય.

## પ્રતિક્રમણ- સ્ખલિત નિંદાઃ

પ્રમાદજન્ય દોષોથી પીછેહઠ તથા
આત્મશુદ્ધિ તરફ... પ્રયાણ.

## કાયોત્સર્ગ - વ્રણચિકિત્સાઃ

વિભાવ ભાવ રૂપ વ્રણની ચિકિત્સા
અને સ્વભાવ સ્થિરતાનો શ્રેષ્ઠ પ્રયોગ.

## પચ્ચક્ખાણ - ગુણધારણાઃ

તપ-ત્યાગથી આત્મગુણોના સ્થિરીકરણની સાધના.

**(વિધિ: સ્થાનને જોઈને આસન પાથરીને પાઠ 1 થી 4 બોલવા.)**

## પાઠ-1 નમસ્કાર મંત્ર

| | | |
|---|---|---|
| **નમો અરિહંતાણં** | - | અરિહંત ભગવંતોને નમસ્કાર હો |
| **નમો સિદ્ધાણં** | - | સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો |
| **નમો આયરિયાણં** | - | આચાર્ય ભગવંતોને નમસ્કાર હો |
| **નમો ઉવજ્ઝાયાણં** | - | ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર હો |
| **નમો લોએ સવ્વ સાહૂણં** | - | લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર હો. |

## પાઠ-2 ગુરુવંદન સૂત્ર

| | | |
|---|---|---|
| **તિક્ખુત્તો** | - | ત્રણવાર |
| **આયાહિણં** | - | પોતાના જમણા કાનથી શરૂ કરીને |
| **પયાહિણં** | - | (જમણા કાન સુધી) પ્રદક્ષિણા કરીને |
| **વંદામિ** | - | સ્તુતિ અથવા વંદન કરું છું |
| **નમંસામિ** | - | પાંચ અંગો નમાવીને નમસ્કાર કરું છું |
| **સક્કારેમિ** | - | સત્કાર કરું છું |
| **સમ્માણેમિ** | - | સન્માન આપું છું |
| **કલ્લાણં** | - | હે ગુરુદેવ ! આપ કલ્યાણ રૂપ છો |
| **મંગલં** | - | આપ મંગલરૂપ છો |
| **દેવયં** | - | આપ ધર્મ દેવ છો |
| **ચેઇયં** | - | આપ જ્ઞાન સ્વરૂપ છો |
| **પજ્જુવાસામિ** | - | (હું) મન, વચન, કાયાથી આપની સેવા-ભક્તિ કરું છું. |

# પાઠ-3 આલોચના સૂત્ર

| | | |
|---|---|---|
| **ઈચ્છામિ** | - | ઈચ્છું છું |
| **પડિક્કમિઉં** | - | પાપથી નિવૃત્ત થવાને |
| **ઈરિયાવહિયાએ** | - | માર્ગમાં ચાલવાથી થનારી |
| **વિરાહણાએ** | - | વિરાધનાથી |
| **ગમણાગમણે** | - | રસ્તામાં જતાં - આવતાં |
| **પાણક્કમણે** | - | પ્રાણીઓ(વિકલેન્દ્રિય)ને કચર્યા હોય |
| **બીયક્કમણે** | - | (સચિત્ત) બીજોને કચર્યા હોય |
| **હરિયક્કમણે** | - | લીલી વનસ્પતિને કચરી હોય |
| **ઓસા** | - | ઝાકળ-ઠાર |
| **ઉત્તિંગ** | - | કીડિયારાં વગેરે જીવોનાં દર |
| **પણગ** | - | પંચવર્ણી લીલફૂગ-સેવાળ |
| **દગ** | - | સચિત્ત પાણી |
| **મટ્ટી** | - | સચિત્ત માટી |
| **મક્કડા-સંતાણા** | - | કરોળિયાનાં જાળાં - પડ |
| **સંકમણે** | - | (પગ મૂકીને) કચર્યા હોય |
| **જે મે જીવા** | - | મેં જે કોઈ (મારા જીવે) જીવોની |
| **વિરાહિયા** | - | વિરાધના કરી હોય, દુ:ખ દીધું હોય |
| **એગિંદિયા** | - | એક ઈન્દ્રિયવાળા જીવ - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ (કાયા) |
| **બેઈંદિયા** | - | બે ઈન્દ્રિયવાળા જીવ - પોરા, કરમિયા, શંખ, છીપ, જળો, અળસિયા વગેરે (કાયા અને જીભ) |

**તેઈંદિયા** - ત્રણ ઈન્દ્રિયવાળા જીવ- કીડી, મકોડા, ધનેડા, કંથવા, માંકડ, જૂ વગેરે (કાયા, જીભ અને નાક)

**ચઉરિંદિયા** - ચાર ઈન્દ્રિયવાળા જીવ- માખી, મચ્છર, ડાંસ, વીંછી, ભમરા વગેરે (કાયા, જીભ, નાક અને આંખ)

**પંચિંદિયા** - પાંચ ઈન્દ્રિયવાળા જીવ - જલચર, સ્થલચર, ખેચર, ઉરપર, ભુજપર તથા મનુષ્ય, દેવ, નારકી વગેરે (કાયા, જીભ, નાક, આંખ અને કાન)

## (વિરાધનાના પ્રકારો)

**અભિહયા** - (1) સામાં આવતાં હણ્યા હોય

**વત્તિયા** - (2) ધૂળ આદિથી ઢાંક્યા હોય

**લેસિયા** - (3) જમીન સાથે મસળ્યા હોય

**સંઘાઈયા** - (4) એકબીજાનાં શરીરને અથડાવ્યા હોય

**સંઘટ્ટિયા** - (5) સ્પર્શ કરી ખેદ પમાડ્યો હોય

**પરિયાવિયા** - (6) પરિતાપ - પીડા ઉપજાવી હોય

**કિલામિયા** - (7) કિલામના - ગ્લાનિ ઉત્પન્ન કરી હોય

**ઉદ્દવિયા** - (8) ધ્રાસ્કો પમાડ્યો હોય

**ઠાણાઓ ઠાણં** - (9) એક સ્થાનેથી, બીજા સ્થાને

**સંકામિયા** - સંક્રમણ કર્યું હોય, રાખ્યા હોય

**જીવિયાઓ** - (10) જીવનથી જ

| | | |
|---|---|---|
| **વવરોવિયા** | - | રહિત કર્યા હોય તો |
| **તસ્સ** | - | તેનું - તે સંબંધી |
| **મિચ્છામિ** | - | મારું મિથ્યા (નિષ્ફળ) થાઓ |
| **દુક્કડં** | - | દુષ્કૃત - પાપ |

## પાઠ-4 તસ્સ ઉત્તરી સૂત્ર

| | | |
|---|---|---|
| **તસ્સ** | - | તેને, (પાપ યુક્ત આત્માને) |
| **ઉત્તરી-કરણેણં** | - | વિશેષ શ્રેષ્ઠ બનાવવા માટે |
| **પાયચ્છિત્ત-કરણેણં** | - | પ્રાયશ્ચિત્ત કરવા માટે |
| **વિસોહી-કરણેણં** | - | વિશેષ શુદ્ધિ કરવા માટે |
| **વિસલ્લી-કરણેણં** | - | શલ્યોથી રહિત કરવા માટે |
| **પાવાણં કમ્માણં** | - | પાપ (સંસાર નિબંધન રૂપ) કર્મોનો |
| **નિગ્ઘાયણટ્ઠાએ** | - | મૂળથી નાશ કરવાને માટે |
| **ઠામિ** | - | કરું છું |
| **કાઉસ્સગ્ગં** | - | કાયોત્સર્ગ - શરીરના વ્યાપારોનો ત્યાગ |
| **અન્નત્થ** | - | અન્યત્ર, નીચે બતાવેલા આગારો સિવાય |
| **ઊસસિએણં** | - | ઉચ્છ્વાસ - ઊંચો શ્વાસ લેવાથી (1) |
| **નીસસિએણં** | - | નિ:શ્વાસ-નીચો શ્વાસ મૂકવાથી (2) |
| **ખાસિએણં** | - | ખાંસી-ઉધરસ આવવાથી (3) |
| **છીએણં** | - | છીંક આવવાથી (4) |
| **જંભાઈએણં** | - | બગાસુ આવવાથી (5) |
| **ઉડ્ડુએણં** | - | ઓડકાર આવવાથી (6) |

| | | |
|---|---|---|
| **વાયનિસગ્ગેણં** | - | અધોવાયુ નીકળવાથી (7) |
| **ભમલીએ** | - | ચક્કર આવવાથી (8) |
| **પિત્તમુચ્છાએ** | - | પિત્તના પ્રકોપથી મૂર્ચ્છા આવવાથી (9) |
| **સુહુમેહિં** | - | સૂક્ષ્મપણે |
| **અંગ સંચાલેહિં** | - | શરીરના હલવાથી (10) |
| **સુહુમેહિં** | - | સૂક્ષ્મપણે |
| **ખેલ સંચાલેહિં** | - | કફ ગળવા વડે થતાં સંચારથી (11) |
| **સુહુમેહિં** | - | સૂક્ષ્મપણે |
| **દિટ્ઠિ સંચાલેહિં** | - | દૃષ્ટિના સંચારથી (12) |
| **એવમાઈએહિં** | - | ઈત્યાદિ (એવા બીજા પણ) |
| **આગારેહિં** | - | આગારોથી |
| **અભગ્ગો** | - | ભાંગે નહિ |
| **અવિરાહિઓ** | - | વિરાધના રહિત, અખંડિત |
| **હુજ્જ મે** | - | હોજો, મારો |
| **કાઉસ્સગ્ગો** | - | કાયોત્સર્ગ |
| **જાવ** | - | જ્યાં સુધી |
| **અરિહંતાણં** | - | અરિહંત |
| **ભગવંતાણં** | - | ભગવંતોને |
| **નમોક્કારેણં** | - | નમસ્કાર કરીને |
| **ન પારેમિ** | - | ન પાળું (કાયોત્સર્ગ પૂરો ન કરું) |
| **તાવ** | - | ત્યાં સુધી (હું) |
| **કાયં** | - | કાયાને |

| | | |
|---|---|---|
| **ઠાણેણં** | - | (એક સ્થાને) સ્થિર રાખીને |
| **મોણેણં** | - | વચન દ્વારા મૌન રહીને |
| **ઝાણેણં** | - | ધર્મધ્યાને કરીને (મનને એકાગ્ર કરીને) |
| **અપ્પાણં** | - | મારા આત્માને (કાયાને) પાપથી |
| **વોસિરામિ** | - | અલગ કરું છું. |

**(વિધિ: હવે ત્રીજા પાઠનો કાઉસ્સગ્ગ કરવો. પ્રગટપણે 'નમો અરિહંતાણં' બોલવો. કાઉસ્સગ્ગ પાળીને પાંચમો પાઠ બોલવો)**

## પાઠ-5 લોગસ્સ સૂત્ર

| | | |
|---|---|---|
| **લોગસ્સ** | - | સંપૂર્ણ લોકમાં - જગતમાં |
| **ઉજ્જોયગરે** | - | ઉદ્યોત - જ્ઞાનરૂપી પ્રકાશના કરનારા |
| **ધમ્મતિત્થયરે** | - | ધર્મરૂપ તીર્થની સ્થાપના કરનારા |
| **જિણે** | - | રાગ-દ્વેષના વિજેતા, જિનેશ્વર |
| **અરિહંતે** | - | કર્મરૂપી શત્રુને હણનાર - અરિહંત |
| **કિત્તઈસ્સં** | - | નામ લઈને કીર્તન-સ્તુતિ કરીશ |
| **ચઉવીસં પિ** | - | ચોવીસે તીર્થંકરોની (તથા અન્ય પણ) |
| **કેવલી** | - | કેવલજ્ઞાનીઓની |
| **ઉસભ** | - | શ્રી ઋષભદેવ સ્વામી (આદિનાથ)ને (1) |
| **મજિયં ચ** | - | અને શ્રી અજિતનાથ સ્વામીને (2) |
| **વંદે** | - | વંદન કરું છું. |
| **સંભવ** | - | શ્રી સંભવનાથ સ્વામીને (3) |
| **મભિનંદણં ચ** | - | અને શ્રી અભિનંદન સ્વામીને (4) |

| | |
|---|---|
| **સુમઈં ચ** | - અને શ્રી સુમતિનાથ સ્વામીને (5) |
| **પઉમપ્પહં** | - શ્રી પદ્મપ્રભ સ્વામીને (6) |
| **સુપાસં** | - શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને (7) |
| **જિણં ચ ચંદપ્પહં** | - અને શ્રી ચંદ્રપ્રભ જિનને (8) |
| **વંદે** | - વંદન કરું છું |
| **સુવિહિં ચ** | - અને શ્રી સુવિધિનાથ સ્વામી અથવા |
| **પુપ્ફદંતં** | - જેનું બીજું નામ પુષ્પદંત પ્રભુ છે તેમને (9) |
| **સીયલ** | - શ્રી શીતલનાથ સ્વામીને (10) |
| **સિજ્જંસ** | - શ્રી શ્રેયાંસનાથ સ્વામીને (11) |
| **વાસુપુજ્જં ચ** | - અને શ્રી વાસુપૂજ્ય સ્વામીને (12) |
| **વિમલ** | - શ્રી વિમલનાથ સ્વામીને (13) |
| **મણંતં ચ જિણં** | - અને શ્રી અનંતનાથ જિનને (14) |
| **ધમ્મં** | - શ્રી ધર્મનાથ સ્વામીને (15) |
| **સંતિં ચ** | - અને શ્રી શાંતિનાથ સ્વામીને (16) |
| **વંદામિ** | - વંદન કરું છું |
| **કુંથું** | - શ્રી કુંથુનાથ સ્વામીને (17) |
| **અરં ચ** | - અને શ્રી અરનાથ સ્વામીને (18) |
| **મલ્લિં** | - શ્રી મલ્લિનાથ સ્વામીને (19) |
| **વંદે** | - વંદન કરું છું |
| **મુણિસુવ્વયં** | - શ્રી મુનિસુવ્રત સ્વામીને (20) |
| **નમિ જિણં ચ** | - અને શ્રી નમિનાથ જિનને (21) |
| **વંદામિ** | - વંદન કરું છું |

**રિટ્ઠનેમિં** - શ્રી અરિષ્ટનેમિ - નેમિનાથ સ્વામીને (22)

**પાસં** - શ્રી પાર્શ્વનાથ સ્વામીને (23)

**તહ** - તથા

**વદ્ધમાણં ચ** - શ્રી વર્ધમાન - મહાવીર સ્વામી (24)

**એવં મએ** - આ રીતે, મારા વડે

**અભિથુઆ** - સ્તુતિ કરાયેલા (તીર્થંકરો કેવા છે ?)

**વિહુય રય-મલા** - કર્મરૂપી રજ અને મેલથી રહિત

**પહીણ જર-મરણા** - જરા (ઘડપણ) અને મરણથી મુક્ત

**ચઉવીસં પિ** - આવા ચોવીસેય (તથા અન્ય પણ)

**જિણવરા** - જિનેશ્વર દેવ

**તિત્થયરા મે** - તીર્થંકરો, મારા ઉપર

**પસીયંતુ** - પ્રસન્ન થાઓ

**કિત્તિય** - વાણીથી સ્તુતિ કરાયેલા

**વંદિય** - મસ્તકથી વંદિત

**મહિયા** - ભાવ(મન)થી પૂજિત

**જે એ** - જે, આ

**લોગસ્સ** - અખિલ લોક - સંસારમાં

**ઉત્તમા** - સૌથી ઉત્તમ

**સિદ્ધા** - સિદ્ધ થાય છે, તે

**આરુગ્ગ** - આરોગ્ય - આત્મિક શાંતિ અને

**બોહિલાભં** - બોધિ - સમકિતરૂપ ધર્મનો લાભ

**સમાહિવર મુત્તમં દિંતુ** - સર્વોત્કૃષ્ટ શ્રેષ્ઠ ભાવસમાધિ આપો

| | | |
|---|---|---|
| **ચંદેસુ** | - | ચંદ્રમાઓથી પણ |
| **નિમ્મલયરા** | - | વિશેષ નિર્મળ |
| **આઇચ્ચેસુ અહિયં** | - | સૂર્યથી પણ અધિક |
| **પયાસયરા** | - | પ્રકાશના કરનાર |
| **સાગરવર ગંભીરા** | - | સ્વયંભૂરમણ સમુદ્રથી પણ વધારે ગંભીર |
| **સિદ્ધા સિદ્ધિં** | - | સિદ્ધ ભગવંત સિદ્ધિ (મોક્ષ) |
| **મમ દિસંતુ** | - | મને બતાવો (આપો) |

**(વિધિઃ પૂ. સંત-સતીજીઓ બિરાજમાન હોય તો તેઓને અને જો સંત-સતીજીઓ ન હોય તો ઈશાન કોણમાં 3 વંદના કરી શ્રી સીમંધર સ્વામીની સામાયિકની આજ્ઞા લેવી.)**

## પાઠ-6 પ્રતિજ્ઞા સૂત્ર

| | | |
|---|---|---|
| **દ્રવ્ય થકી સાવજ્જ જોગ સેવવાનાં પચ્ચક્ખાણ** | - | કાયાથી પાપકારી વ્યાપાર પ્રવૃત્તિનો પરિત્યાગ કરું છું. |
| **ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે** | - | આખા લોકના પ્રમાણમાં |
| **કાળ થકી બે ઘડી ઉપરાંત ન પાળું ત્યાં સુધી** | - | તેનો સમય કેટલો ? બે ઘડી 48 મિનિટ, ઉપરાંત મારી ઇચ્છાપર્યંત |
| **ભાવ થકી છ કોટિએ પચ્ચક્ખાણ** | - | (મારા શુદ્ધ અંતઃકરણ વડે છ પ્રકારે પાપના યોગોને ત્યાગું છું.) |

| | | |
|---|---|---|
| **કરેમિ** | - | કરું છું |
| **ભંતે !** | - | હે પૂજ્ય (આપની સાક્ષીથી હું) |
| **સામાઇયં** | - | સામાયિક |
| **સાવજ્જં** | - | સાવદ્ય (સ + અવદ્ય-પાપ સહિત) |
| **જોગં** | - | કાર્યોનો |
| **પચ્ચક્ખામિ** | - | પરિત્યાગ કરું છું |
| **જાવ** | - | જ્યાં સુધી |
| **નિયમં** | - | મારા (ધારેલા) નિયમની |
| **પજ્જુવાસામિ** | - | ઉપાસના કરું છું, પાલના કરું છું |
| **દુવિહં** | - | બે કરણને |
| **તિવિહેણં** | - | ત્રણ યોગથી |
| **ન કરેમિ** | - | હું સ્વયં પાપ કરું નહીં } આ બે કરણ |
| **ન કારવેમિ** | - | બીજા પાસે કરાવું નહીં } કહેવાય |
| **મણસા** | - | મનથી } આ ત્રણ પ્રકારના યોગ છે |
| **વયસા** | - | વચનથી } બે કરણને ત્રણ યોગથી ગુણતાં |
| **કાયસા** | - | કાયાથી } છ કોટિ'એ પ્રત્યાખ્યાન થયા. |
| **તસ્સ** | - | તેનું - ભૂતકાળમાં લાગેલાં પાપોનું |
| **ભંતે !** | - | હે પૂજ્ય ! (ગુરુદેવ !) |
| **પડિક્કમામિ** | - | પ્રતિક્રમણ કરું છું |
| **નિંદામિ** | - | આત્મ-સાક્ષીએ નિંદા કરું છું |
| **ગરિહામિ** | - | ગુરુસાક્ષીએ ગર્હા કરું છુ |
| **અપ્પાણં** | - | મારા આત્માને તે પાપ-વ્યાપારથી |
| **વોસિરામિ** | - | વોસિરાવું છું, દૂર રાખું છું. |

# પાઠ-7 નમોત્થુણં સૂત્ર

**(વિધિઃ ડાબો ગોઠણ ઊભો રાખી, જમણો ગોઠણ ધરતી પર રાખી, બંને હાથ જોડીને, મસ્તકે અંજલિ કરીને ત્રણ નમોત્થુણં કહેવા.)**

## પહેલું નમોત્થુણં શ્રી સિદ્ધ ભગવંતોને કરું છું.

| | | |
|---|---|---|
| **નમોત્થુણં** | - | નમસ્કાર હો ('ણ' વાક્યના અલંકારાર્થે) |
| **અરિહંતાણં** | - | અરિહંત |
| **ભગવંતાણં** | - | ભગવંતોને |
| **આઇગરાણં** | - | ધર્મની આદિ કરનારા |
| **તિત્થયરાણં** | - | (તીર્થ) ચતુર્વિધ સંઘની સ્થાપના કરનાર |
| **સયં-સંબુદ્ધાણં** | - | પોતાની મેળે જ સમ્યક્ બોધને પામેલા |
| **પુરિસુત્તમાણં** | - | પુરુષોમાં ઉત્તમ |
| **પુરિસસીહાણં** | - | પુરુષોમાં સિંહ સમાન |
| **પુરિસવર** | - | પુરુષોમાં શ્રેષ્ઠ |
| **પુંડરિયાણં** | - | કમળ સમાન |
| **પુરિસવર** | - | પુરુષોમાં શ્રેષ્ઠ |
| **ગંધ હત્થીણં** | - | ગંધ હસ્તી સમાન |
| **લોગુત્તમાણં** | - | લોકમાં ઉત્તમ |
| **લોગ નાહાણં** | - | લોકના નાથ |
| **લોગ હિયાણં** | - | લોકના હિત કરનાર |
| **લોગ પઇવાણં** | - | લોકમાં દીપક સમાન |
| **લોગ પજ્જોયગરાણં** | - | લોકમાં જ્ઞાનનો પ્રકાશ કરનારા |
| **અભય દયાણં** | - | અભયદાનના દેનારા |

| | | |
|---|---|---|
| **ચક્ખુ દયાણં** | - | જ્ઞાનરૂપી ચક્ષુના દેનારા |
| **મગ્ગ દયાણં** | - | ધર્મ માર્ગના દેનારા-દેખાડનારા |
| **સરણ દયાણં** | - | સર્વ જીવોને શરણ દેનારા |
| **જીવ દયાણં** | - | સંયમરૂપી જીવનના દેનારા |
| **બોહિ દયાણં** | - | બોધિ - સમ્યક્ત્વના દેનારા |
| **ધમ્મ દયાણં** | - | ચારિત્ર ધર્મનું દાન કરનાર |
| **ધમ્મ દેસયાણં** | - | ધર્મના શુદ્ધ સ્વરૂપનો ઉપદેશ આપનાર |
| **ધમ્મ નાયગાણં** | - | ધર્મસંઘ અને તીર્થના નાયકો |
| **ધમ્મ સારહીણં** | - | ધર્મરથના સારથિઓ |
| **ધમ્મવર ચાઉરંત** | - | ધર્મના સર્વથી શ્રેષ્ઠ, ચારગતિનો અંત કરનાર |
| **ચક્કવટ્ટીણં** | - | ધર્મ-ચક્રવર્તી |
| **દીવોત્તાણં** | - | દ્વીપ-બેટ સમાન રક્ષણ કરનાર |
| **સરણ** | - | ચાર ગતિમાં પડતાં જીવોને શરણ રૂપ |
| **ગઈ પઈટ્ઠાણં** | - | ગતિ - આશ્રયરૂપ આધાર રૂપ |
| **અપ્પડિહય** | - | અપ્રતિહત |
| **વર નાણ** | - | શ્રેષ્ઠ, જ્ઞાન |
| **દંસણ ધરાણં** | - | દર્શનના ધારક |
| **વિયટ્ટ છઉમાણં** | - | છદ્મ અર્થાત્ ઘાતી કર્મથી રહિત |
| **જિણાણં** | - | પોતે રાગ-દ્વેષને જિતનારા |
| **જાવયાણં** | - | બીજાના રાગ-દ્વેષના જિતાડનારા |
| **તિન્નાણં** | - | પોતે સંસાર સાગરથી તરી ગયેલા |
| **તારયાણં** | - | બીજાને સંસાર સાગરથી તારનારા |

| | | |
|---|---|---|
| **બુદ્ધાણં** | - | પોતે જીવાદિ તત્ત્વનો બોધ પામેલા |
| **બોહયાણં** | - | બીજાને બોધ પમાડનારા |
| **મુત્તાણં** | - | પોતે કર્મોથી મુક્ત થયેલા |
| **મોયગાણં** | - | બીજાને કર્મબંધનથી મુક્ત કરાવનાર |
| **સવ્વન્નૂણં** | - | સર્વજ્ઞ, લોકના સર્વ પદાર્થોને જાણનારા |
| **સવ્વદરિસીણં** | - | સર્વદર્શી, સર્વ પદાર્થોને દેખનારા તથા |
| **સિવ** | - | ઉપદ્રવ રહિત |
| **મયલ** | - | અચલ-સ્થિર સ્વરૂપ |
| **મરુય** | - | અરુજ - રોગ રહિત |
| **મણંત** | - | અનંત-અંત રહિત |
| **મક્ખય** | - | અક્ષય-ક્ષય રહિત |
| **મવ્વાબાહ** | - | અવ્યાબાધ-બાધા-પીડા રહિત |
| **મપુણરાવિત્તિ** | - | અપુનરાવૃત્તિ- જ્યાંથી ફરી પાછું ન આવવું |
| **સિદ્ધિગઈ નામધેયં** | - | સિદ્ધિગતિ નામના (મોક્ષ) |
| **ઠાણં સંપત્તાણં** | - | સ્થાનને પામેલા. |
| **નમો જિણાણં** | - | જિનેશ્વર દેવોને નમસ્કાર હો. |
| **જિય ભયાણં** | - | (સાત) ભયને જિતનારા (એવા) |

## બીજું નમોત્થુણં શ્રી અરિહંત દેવોને કરું છું.

**નમોત્થુણં અરિહંતાણં જાવ... સિદ્ધિ ગઈ નામધેયં (સુધી પાઠ બોલવો પછી...) ઠાણં સંપાવિઉ કામાણં - આ સ્થાનને પામવાના ઈચ્છુકોને નમો જિણાણં જિયભયાણં.**

## ત્રીજું નમોત્થુણં

**ત્રીજું નમોત્થુણં મારા (તમારા) ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, સમ્યક્ત્વરૂપી બોધિબીજનાં દાતાર, જિનશાસનના શણગાર એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન જે - જે સાધુ-સાધ્વીજીઓ વીતરાગ દેવની આજ્ઞામાં જ્યાં - જ્યાં વિચરતાં હોય, ત્યાં-ત્યાં તેઓને મારી (તમારી) સમય - સમયની વંદના હોજો.**

## પાઠ-8 સમાપ્તિ સૂત્ર

**દ્રવ્ય થકી સાવજ્જ જોગ સેવવાનાં પચ્ચક્ખાણ**
**ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે**
**કાળ થકી બે ઘડી ઉપરાંત ન પાળું ત્યાં સુધી**
**ભાવ થકી છ કોટિએ પચ્ચક્ખાણ કર્યાં હતાં તે પૂરાં થતાં પાળું છું.**

| | | |
|---|---|---|
| **એવા નવમાં સામાયિક વ્રતના** | - | અંગીકાર કરેલા સમભાવરૂપી સામાયિક નામના નવમાં વ્રતના |
| **પંચ અઈયારા** | - | પાંચ અતિચાર |
| **જાણિયવ્વા** | - | જાણવા યોગ્ય છે, પણ |
| **ન સમાયરિયવ્વા** | - | આચરણ કરવા યોગ્ય નથી |
| **તં જહા** | - | તે અતિચાર આ પ્રકારે છે |
| **તે આલોઉં** | - | તેની આલોચના કરું છું |
| **મણ દુપ્પણિહાણે** | - | સામાયિકમાં મન માઠું પ્રવર્તાવ્યું હોય |
| **વય દુપ્પણિહાણે** | - | સામાયિકમાં વચન માઠું પ્રવર્તાવ્યું હોય |
| **કાય દુપ્પણિહાણે** | - | સામાયિકમાં કાયા માઠી પ્રવર્તાવી હોય |
| **સામાઇયસ્સ સઇ** | - | સામાયિકની સ્મૃતિ |

| | | |
|---|---|---|
| **અકરણયા** | - | ન રાખી હોય |
| **સામાઇયસ્સ** | - | સામાયિક |
| **અણવટ્ઠિયસ્સ** | - | જેમ તેમ (અવ્યવસ્થિત) |
| **કરણયા** | - | કરી હોય |
| **તસ્સ** | - | તે સંબંધી |
| **મિચ્છામિ** | - | મારું મિથ્યા થાઓ |
| **દુક્કડં** | - | દુષ્કૃત - પાપ (1) |
| **સામાઇયં** | - | સામાયિક |
| **સમ્મં** | - | સમ્યક્ પ્રકારે , ભલી રીતે |
| **કાએણં** | - | કાયા-શરીરથી |
| **ન ફાસિયં** | - | સ્પર્શ્યું ન હોય |
| **ન પાલિયં** | - | પાળ્યું ન હોય |
| **ન તીરિયં** | - | પાર ઉતાર્યું ન હોય |
| **ન કિટ્ટિયં** | - | કીર્તન કર્યું ન હોય |
| **ન સોહિયં** | - | શુદ્ધતાપૂર્વક કર્યું ન હોય |
| **ન આરાહિયં** | - | આરાધના કરી ન હોય |
| **આણાએ** | - | વીતરાગદેવની આજ્ઞાનુસાર |
| **અણુપાલિયં** | - | પાલન કર્યું |
| **ન ભવઇ** | - | ન હોય તો |
| **તસ્સ** | - | તે સંબંધી |
| **મિચ્છામિ** | - | મારું મિથ્યા થાઓ |
| **દુક્કડં** | - | દુષ્કૃત પાપ (2) |

સામાયિકમાં દસ મનના, દસ વચનના, બાર કાયાના આ બત્રીસ દોષમાંથી કોઈ દોષ લાગ્યો હોય, તો તસ્સ મિચ્છામિ દુક્કડં. (3)

સામાયિકમાં સ્ત્રીકથા, (બહેનોએ 'પુરુષકથા' બોલવું) ભત્તકથા, દેશકથા, રાજકથા, આ ચાર વિકથામાંથી કોઈ કથા કરી હોય, તો તસ્સ મિચ્છામિ દુક્કડં. (4)

સામાયિકમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, આ ચાર સંજ્ઞામાંથી કોઈ સંજ્ઞાનું સેવન કર્યું હોય, તો તસ્સ મિચ્છામિ દુક્કડં. (5)

સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર જાણતાં-અજાણતાં, મન-વચન-કાયાએ કરી કોઈ દોષ લાગ્યો હોય, તો તસ્સ મિચ્છામિ દુક્કડં. (6)

સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાળ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય, તો તસ્સ મિચ્છામિ દુક્કડં. (7)

સામાયિકમાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં. (8)

## સામાયિક સૂત્ર સમાપ્ત

## સામાયિક ગ્રહણ કરવાની વિધિ

સૌથી પહેલાં સ્થાન, પાથરણું, ગુચ્છો, મુહપત્તિ આદિ તપાસી લેવાં, ભૂમિનું ગુચ્છાથી યત્નાપૂર્વક પ્રમાર્જન કરી પાથરણું પાથરવું. પછી પૂ. સાધુ-સાધ્વીજીઓ અથવા ઈશાન કોણ સન્મુખ મુખ રાખવું. ત્યાર પછી **પાઠ - 1 થી 4** સુધી બોલવા. પછી કાઉસ્સગ્ગમાં **પાઠ - ત્રીજો** બોલવો અને **નમો અરિહંતાણં** બોલીને કાઉસ્સગ્ગ પાળવો. ત્યાર પછી **પાઠ - પાંચમો** બોલવો. પછી ગુરુદેવ (બિરાજતાં ન હોય તો સીમંધર સ્વામી) ને સવિધિ વંદના કરી. **પાઠ - છઠ્ઠો** બોલવો. આ પાઠમાં જ્યાં **કાળ થકી** શબ્દ આવે, ત્યાં જેટલી ઘડીનું સામાયિક વ્રત લેવાનું હોય, તેટલી ઘડી (2,4,6) બોલવી. ત્યાર પછી આસન ઉપર બેસી ડાબો ગોઠણ ઊભો રાખીને **પાઠ - 7માં** બતાવ્યા પ્રમાણે **ત્રણ નમોત્થુણં** બોલવા.

## સામાયિક પાળવાની વિધિ

સામાયિકનો સમય પૂરો થાય ત્યારે **1 થી 4 પાઠ** બોલીને **ત્રીજા પાઠ** નો કાઉસ્સગ્ગ કરવો. **નમો અરિહંતાણં** બોલીને કાઉસ્સગ્ગ પાળવો. ત્યાર પછી **પાંચમો પાઠ** બોલીને **પાઠ છઠ્ઠા**ને બદલે **પાઠ 8મો** બોલવો. પછી ડાબો ગોઠણ ઊભો રાખીને **ત્રણ નમોત્થુણં** બોલવા. અંતમાં ત્રણ વાર **નમસ્કાર મંત્ર**નું સ્મરણ કરવું.

## શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર

**પ્રતિક્રમણની સમય મર્યાદા : 'દેવસિય પ્રતિક્રમણ'** સૂર્યાસ્ત થયા પછી શરૂ કરવામાં આવે છે અને સૂર્યાસ્ત પછીથી શક્ય હોય, ત્યાં સુધી બે ઘડીમાં પૂરું થઈ જવું જોઈએ. **'રાઈસિય પ્રતિક્રમણ'** રાત્રિના છેલ્લા પ્રહરના ચોથા ભાગે એટલે સૂર્યોદય પહેલાં લગભગ બે ઘડી રાત્રિ બાકી હોય, ત્યારે શરૂ કરવામાં આવે છે. સૂર્યોદય પૂર્વે પચ્ચક્ખાણ થઈ જવા જોઈએ.

**પ્રતિક્રમણ પ્રારંભ :**

**(વિધિ: પ્રતિક્રમણ કરવાના સમયે પૂ. સાધુ-સાધ્વીજીઓ બિરાજમાન ન હોય તો ઈશાનકોણ તરફ મુખ રાખીને શ્રી સીમંધર સ્વામીને તિક્ખુત્તોના પાઠથી ત્રણ વખત વંદના કરીને 'પ્રતિક્રમણની આજ્ઞા' એમ બોલીને માંગવી)**

**નમો અરિહંતાણં નમો સિદ્ધાણં**

**નમો આયરિયાણં નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વસાહૂણં**

પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરીને...

**તિક્ખુત્તો આયાહિણં પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ**

**સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ**

**સ્વામીનાથ ! પાપનું આલોચણ કરવાને દેવસિય પ્રતિક્રમણ★ની આજ્ઞા**

(એમ બોલીને)...

★ વિશેષ કાળની અપેક્ષાથી પ્રતિક્રમણનાં પાંચ ભેદ પણ માનવામાં આવે છે : દિવસ સંબંધી કરવામાં આવે તે 'દેવસિય', રાત્રિ સંબંધી કરવામાં આવે તે 'રાઈસિય', દર મહિનાની અમાસ અને પૂનમે (15 દિવસે) કરવામાં આવે, તે 'પક્ખિય', ચાર-ચાર મહિને–કારતક સુદ પૂનમ, ફાગણ સુદ પૂનમ અને અષાઢ સુદ પૂનમે કરવામાં આવે તે ચાઉમ્માસિય, વર્ષમાં એક વખત ભાદરવા સુદ-5 ના કરવામાં આવે તે 'સંવચ્છરિય' પ્રતિક્રમણ કહેવાય છે.

# પાઠ-1 પ્રતિક્રમણ સંકલ્પ સૂત્ર

| | | |
|---|---|---|
| **ઇચ્છામિણં** | - | ઈચ્છું છું |
| **ભંતે !** | - | હે પૂજ્ય ! |
| **તુબ્ભેહિં** | - | આપની |
| **અબ્ભણુણ્ણાએ** | - | આજ્ઞા |
| **સમાણે** | - | મળ્યેથી |
| **દેવસિયં**[1] | - | દિવસ સંબંધી |
| **પડિક્કમણં** | - | પ્રતિક્રમણ |
| **ઠાએમિ** | - | એક સ્થાને બેસીને કરું છું |
| **દેવસિય**[2] | - | દિવસ સંબંધી |
| **જ્ઞાન** | - | સમ્યગ્ જ્ઞાન |
| **દર્શન** | - | સમ્યગ્ દર્શન – યથાર્થ શ્રદ્ધા |
| **ચરિત્તાચરિતે** | - | શ્રાવકનાં દેશવિરતિ ચારિત્રમાં |

1. યથાકાળ પ્રતિક્રમણમાં 'દેવસિયં' ની જગ્યાએ (1) 'રાઈયં' (2) 'પક્ખિયં' (3) 'ચાઉમ્માસિયં' અને (4) 'સંવચ્છરિયં' શબ્દ બોલવા.

2. 'દેવસિય' ની જગ્યાએ (1) 'રાઈય' (2) 'પક્ખિય' (3) 'ચાઉમ્માસિય' અને (4) 'સંવચ્છરિય' શબ્દ બોલવા.

| | | |
|---|---|---|
| **તપ** | - | સમ્યક્ તપશ્ચર્યાદિ |
| **અતિચાર** | - | લીધેલાં વ્રતોમાં દોષ લાગ્યાં હોય તેનું |
| **ચિન્તવનાર્થં** | - | ચિંતન કરવાને માટે |
| **કરેમિ** | - | કરું છું |
| **કાઉસ્સગ્ગં** | - | કાયોત્સર્ગ - કાયાને સ્થિર રાખવી |

**નમો અરિહંતાણં નમો સિદ્ધાણં**

**નમો આયરિયાણં નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વસાહૂણં**

## પહેલો સામાયિક આવશ્યક

પહેલા આવશ્યકની આજ્ઞા (એમ કહીને)

### • પ્રતિજ્ઞા સૂત્ર •

**કરેમિ ભંતે !**
**સામાઇયં**
**સાવજ્જં જોગં**
**પચ્ચક્ખામિ**
**જાવ નિયમં**
**પજ્જુવાસામિ**

**દુવિહં તિવિહેણં**
**ન કરેમિ,**
**ન કારવેમિ**
**મણસા**
**વયસા**
**કાયસા**

**તસ્સ ભંતે !**
**પડિક્કમામિ**
**નિંદામિ**
**ગરિહામિ**
**અપ્પાણં વોસિરામિ**

# પાઠ-2 સંક્ષિપ્ત* પ્રતિક્રમણ સૂત્ર

| | | |
|---|---|---|
| **ઈચ્છામિ** | - | હું, ઈચ્છું છું |
| **ઠામિ** | - | એક સ્થાને રહીને |
| **કાઉસ્સગ્ગં** | - | કાઉસ્સગ્ગ |
| **જો મે** | - | જે, મારા જીવે |
| **દેવસિઓ**[1] | - | દિવસ સંબંધી |
| **અઈયારો**[2] | - | અતિચાર |
| **કઓ** | - | કર્યા હોય (કયા અતિચાર ?) |
| **કાઈઓ** | - | કાયાથી - શરીરથી |
| **વાઈઓ** | - | વચનથી |
| **માણસિઓ** | - | મનથી |
| **ઉસ્સુત્તો** | - | સૂત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરી હોય |
| **ઉમ્મગ્ગો** | - | સાચા જૈન માર્ગ વિરુદ્ધ |

---

* આ પાઠ ઘણો જ અગત્યનો છે. આખા દિવસમાં આપણે જે પાપો કર્યાં હોય, તે સર્વ પાપો યાદ કરીને ખરા અંત:કરણપૂર્વક તેનો પશ્ચાત્તાપ કરવાનો છે. આખાયે પ્રતિક્રમણના સારરૂપ આ પાઠ છે, તેથી તેને 'સંક્ષિપ્ત પ્રતિક્રમણ' સૂત્ર કહેવાય છે.

1. યથાકાળ પ્રતિક્રમણમાં (1) 'રાઈઓ' (2) 'પક્ખિઓ' (3) 'ચાઉમ્માસિઓ' અને (4) 'સંવચ્છરિઓ' બોલવું.

2. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર, એ ચાર પાપનાં પગથિયાં છે. અતિક્રમ-પાપ કરવાનું મન થાય તે, વ્યતિક્રમ-પાપ કરવાને પગલું ભરવું તે, અતિચાર-વસ્તુને સ્પર્શ કરવો તે, અનાચાર- વસ્તુને સેવી પાપ કરવું તે. દરેકમાં ક્રમ અનુસાર વધારે-વધારે પાપ છે. અનાચારમાં તો સર્વથા ભંગ છે.

| | |
|---|---|
| **અકપ્પો** | - કલ્પે નહીં (તેવું કાર્ય કર્યું હોય) |
| **અકરણિજ્જો** | - અકરણીય-ન કરવા યોગ્ય (કાર્ય કર્યું હોય) |
| **દુજ્ઝાઓ** | - આર્ત-રૌદ્ર ધ્યાન ધર્યું હોય[1] |
| **દુવ્વિચિંતિઓ** | - માઠી ચિંતવણા કરી હોય |
| **અણાયારો** | - નહીં આચરવા યોગ્ય |
| **અણિચ્છિયવ્વો** | - નહીં ઈચ્છવા યોગ્ય |
| **અસાવગ પાઉગ્ગો** | - શ્રાવકને નહીં કરવા યોગ્ય પાપ |
| | - (આ અતિચાર કયા વિષય સંબંધી હોય છે ?) |
| **નાણે** | - જ્ઞાનને વિશે |
| **તહ** | - તેમજ |
| **દંસણે** | - સમ્યગ્દર્શનને વિશે |
| **ચરિત્તાચરિત્તે** | - શ્રાવકના દેશવિરતિ ચારિત્રમાં[2] |
| **સુએ** | - શ્રુત જ્ઞાનને વિશે |
| **સામાઈએ** | - સમતારૂપ સામાયિક વિશે |
| **તિણ્હં** | - ત્રણ પ્રકારની |
| **ગુત્તીણં** | - ગુપ્તિઓ[3] |

---

1. ધ્યાન ચાર પ્રકારનાં છે : (1) આર્ત ધ્યાન (2) રૌદ્ર ધ્યાન (3) ધર્મ ધ્યાન અને (4) શુક્લ ધ્યાન. આ ચારમાં પહેલાં બે ધ્યાન છોડવા યોગ્ય છે અને છેલ્લાં બે ધ્યાન આદરવા યોગ્ય છે.

2. જેટલાં અંશે પચ્ચક્ખાણ તેટલા અંશે ચારિત્ર અને જેટલા અંશે અપચ્ચક્ખાણ તેટલા અંશે અચારિત્ર

3. ગુપ્તિ ત્રણ પ્રકારની છે : (1) મન ગુપ્તિ, (2) વચન ગુપ્તિ, (3) કાય ગુપ્તિ. મન, વચન અને કાયાને ગોપવી રાખવાં. અશુભથી નિવૃત્તિ યા સર્વથા નિવૃત્તિ તે ગુપ્તિ.

| | | |
|---|---|---|
| **ચઉણ્હં** | - | ચાર પ્રકારના |
| **કસાયાણં** | - | કષાય (ક્રોધ, માન, માયા અને લોભ) |
| **પંચણ્હં** | - | પાંચ પ્રકારનાં |
| **મણુવ્વયાણં** | - | (અણુવ્વયાણં) અણુવ્રત[1] |
| **તિણ્હં** | - | ત્રણ પ્રકારનાં |
| **ગુણવ્વયાણં** | - | ગુણ વ્રતો (6, 7 અને 8 મું વ્રત) |
| **ચઉણ્હં** | - | ચાર પ્રકારનાં |
| **સિક્ખાવયાણં** | - | શિક્ષાવ્રત (9, 10, 11,12મું વ્રત) |
| **બારસ** | - | એ બાર |
| **વિહસ્સ** | - | પ્રકારના |
| **સાવગ ધમ્મસ્સ** | - | શ્રાવક ધર્મની |
| **જં ખંડિયં** | - | જે કાંઈ ખંડના (દેશ-ભંગ) કરેલ હોય |
| **જં વિરાહિયં** | - | જે કાંઈ વિરાધના (સર્વથા ભંગ) કરેલ હોય |
| **તસ્સ** | - | તેનું-તે સંબંધી |
| **મિચ્છામિ દુક્કડં** | - | મારું પાપ નિષ્ફળ થાઓ. |

1. સાધુ-સાધ્વીજીઓને પાંચ મહાવ્રતોમાં કોઈ જાતની છૂટ નહીં હોવાથી તેમજ જિંદગી પર્યંતનાં હોવાથી, તે 'મહાવ્રતો' કહેવાય છે, જ્યારે શ્રાવક-શ્રાવિકાઓને આ વ્રતો અમુક સમયનાં તેમજ અમુક-અમુક છૂટછાટો હોવાથી તે 'અણુવ્રતો' કહેવાય છે, આ પાંચ અણુવ્રતોની હકીકત આગળ ઉપર આવશે.

(વિધિ: ‘તસ્સ ઉત્તરી કરણેણં’ નો આખો પાઠ બોલવો
અને ત્યારબાદ 99 અતિચારનો કાઉસ્સગ્ગ કરવો.)

## • તસ્સ ઉત્તરી સૂત્ર •

તસ્સ ઉત્તરી કરણેણં
પાયચ્છિત્ત કરણેણં
વિસોહી કરણેણં
વિસલ્લી કરણેણં
પાવાણં કમ્માણં
નિગ્ઘાયણટ્ઠાએ
ઠામિ કાઉસ્સગ્ગં
અન્નત્થ
ઊસસિએણં
નીસસિએણં
ખાસિએણં
છીએણં
જંભાઈએણં
ઉડ્ડુએણં
વાયનિસગ્ગેણં
ભમલીએ
પિત્તમુચ્છાએ
સુહુમેહિં અંગ સંચાલેહિં
સુહુમેહિં ખેલ સંચાલેહિં
સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં
એવમાઈ એહિં આગારેહિં
અભગ્ગો
અવિરાહિઓ
હુજ્જ મે
કાઉસ્સગ્ગો
જાવ
અરિહંતાણં-ભગવંતાણં
નમોક્કારેણં
ન પારેમિ
તાવ
કાયં
ઠાણેણં
મોણેણં
ઝાણેણં
અપ્પાણં
વોસિરામિ

(વિધિ: નીચે મુજબ 99 અતિચારનો અથવા 4 લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.)

## • 99 અતિચારનો કાઉસ્સગ્ગ •

જં વાઈદ્ધં
વચ્ચામેલિયં
હીણક્ખરં
અચ્ચક્ખરં
પયહીણં
વિણયહીણં
જોગહીણં
ઘોસહીણં
સુટઠુદિન્નં
દુટ્ઠુપડિચ્છિયં
અકાલે કઓ સજ્ઝાઓ
કાલે ન કઓ સજ્ઝાઓ
અસજ્ઝાઈએ સજ્ઝાયં
સજ્ઝાઈએ ન સજ્ઝાયં...
સંકા
કંખા
વિતિગિચ્છા
પરપાસંડ પસંસા
પરપાસંડ સંથવો...
બંધે
વહે
છવિચ્છેએ

અઈભારે
ભત્તપાણ વોચ્છેએ...
સહસાભક્ખાણે
રહસાભક્ખાણે
સદાર મંતભેએ
(બહેનોએ 'સભર્ત્તાર
મંતભેએ' બોલવું.)
મોસોવએસે
કુડલેહકરણે...
તેનાહડે
તક્કરપ્પઓગે
વિરૂદ્ધ રજ્જાઈક્મ્મે
કૂડતોલે કૂડમાણે
તપ્પડિરૂવગવવહારે...
ઈત્તરિય પરિગ્ગહિયાગમણે
અપરિગ્ગહિયાગમણે
અનંગકીડા
પર વિવાહ કરણે
કામભોગેસુ
તિવ્વાભિલાસા...
ખેત-વત્થુપ્પમાણાઈક્કમે
હિરણ્ણ-

સુવણ્ણપ્પમાણાઈક્કમે
ધન-ધાન્યપ્પમાણાઈક્કમે
દુપદ-ચઉપ્પદપ્પમાણાઈક્કમે
કુવિયપ્પમાણાઈક્કમે...
ઉઙ્ઢદિસિપ્પમાણાઈક્કમે
અહોદિસિપ્પમાણાઈક્કમે
તિરિયદિસિપ્પમાણાઈક્કમે
ખેત વુઙ્ઢી
સઈ અંતરદ્ધાએ...
સચિત્તાહારે
સચિત્ત પડિબદ્ધાહારે
અપ્પોલિઓ સહિ
ભક્ખણયા
દુપ્પોલિઓ સહિ ભક્ખણયા
તુચ્છોસહિ ભક્ખણયા...
ઈંગાલ કમ્મે
વણ કમ્મે
સાડી કમ્મે
ભાડી કમ્મે
ફોડી કમ્મે
દંત વાણિજ્જે
કેસ વાણિજ્જે
રસ વાણિજ્જે
લક્ખ વાણિજ્જે
વિસ વાણિજ્જે

જંતપીલણ કમ્મે
નિલ્લંછણ કમ્મે
દવગ્ગિદાવણયા
સરદહ તલાગ પરિસોસણયા
અસઈજણ પોસણયા...
કંદપ્પે
કુક્કુઈએ
મોહરિએ
સંજુત્તાહિગરણે
ઉવભોગ-પરિભોગ
અઈરત્તે...
મણ દુપ્પણિહાણે
વય દુપ્પણિહાણે
કાય દુપ્પણિહાણે
સામાઈયસ્સ સઈ અકરણયા
સામાઈયસ્સ અણવઙ્ઢિયસ્સ-
કરણયા
આણવણપ્પઓગે
પેસવણપ્પઓગે
સદ્દાણુવાએ
રૂવાણુવાએ
બહિયા પોગ્ગલ પક્ખેવે...
અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય
સિજ્જા સંથારએ
અપ્પમજ્જિય-દુપ્પમજ્જિય

સિજ્જા સંથારએ
અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય
ઉચ્ચાર પાસવણ ભૂમિ
અપ્પમજ્જિય-દુપ્પમજ્જિય
ઉચ્ચાર પાસવણ ભૂમિ
પોસહસ્સ સમ્મં
અણણુપાલણયા...
સચિત્ત ણિક્ખેવણયા
સચિત્ત પેહણયા
કાલાઈક્કમે
પરોવએસે
મચ્છરિયાએ...
ઈહલોગા સંસપ્પઓગે
પરલોગા સંસપ્પઓગે
જીવિયા સંસપ્પઓગે
મરણા સંસપ્પઓગે
કામભોગા સંસપ્પઓગે
તસ્સ મિચ્છામિ દુક્કડં

એમ 99 અતિચારનો કાઉસ્સગ્ગ પૂરો થતાં પાળું (પળાવું) છું. કાઉસ્સગ્ગમાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર ઓછું-અધિક-વિપરીત ભણાયું હોય, તો અરિહંત અનંત સિદ્ધ કેવળી ભગવંતોની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

નમો અરિહંતાણં નમો સિદ્ધાણં
નમો આયરિયાણં નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વસાહૂણં

## બીજો ચઉવીસત્થો આવશ્યક

(વિધિ: કાઉસ્સગ્ગ પાળીને **'બીજા આવશ્યકની આજ્ઞા'**
(એમ બોલીને) લોગસ્સનો પાઠ બોલવો.)

## લોગસ્સ સૂત્ર

(अनुष्टुप् छंद)

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. (1)

(आर्या छंद)

**ઉસભમજિયં ચ વંદે, સંભવ મભિનંદણં ચ સુમઈં ચ;**
**પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. (2)**
**સુવિહિં ચ પુપ્ફદંતં, સીયલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ;**
**વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. (3)**
**કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;**
**વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. (4)**
**એવં મએ અભિથુઆ, વિહુય રય-મલા પહીણ જર-મરણા;**
**ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (5)**
**કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;**
**આરુગ્ગ બોહિલાભં, સમાહિ વર મુત્તમં દિંતુ. (6)**
**ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા;**
**સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (7)**

## ત્રીજો વંદના આવશ્યક

## પાઠ-3 દ્વાદશાવર્ત્ત - ગુરુવંદન સૂત્ર

**(વિધિઃ 'ઈચ્છામિ ખમાસમણો' પાઠ ગુરુને ઉત્કૃષ્ટ વંદના કરવાનો અને તે ઉભડક-ઉત્કટુક આસને બે વાર બોલવાનો છે.)**

**(ત્રીજા આવશ્યકની આજ્ઞા, એમ બોલીને)**

**ઈચ્છામિ** - (હું) ઈચ્છું છું.

**ખમાસમણો !** - હે ક્ષમાશ્રમણ !

**વંદિઉં** - (આપને) વંદના કરવાને

**જાવણિજ્જાએ** - (શરીરની) યથાશક્તિ પ્રમાણે

| | | |
|---|---|---|
| **નિસીહિયાએ** | - | અશુભયોગ પાપક્રિયાને નિષેધીને |
| **અણુજાણહ** | - | અનુજ્ઞા-આજ્ઞા આપો |
| **મે** | - | મને |
| **મિ ઉગ્ગહં** | - | અવગ્રહમાં આવવાની |
| **નિસીહિ** | - | અશુભ પાપક્રિયાને રોકીને |
| **અહોકાયં** | - | (આપનાં) ચરણોને |
| **કાયસંફાસં** | - | મસ્તકથી યા હાથથી સ્પર્શ (કરું છું) |
| **ખમણિજ્જો** | - | ક્ષમા કરજો |
| **ભે !** | - | હે પૂજ્ય ! (મારા સ્પર્શથી) આપને |
| **કિલામો** | - | બાધા પીડા થઈ હોય તો |
| **અપ્પકિલંતાણં** | - | અલ્પ પણ કિલામના થઈ ગઈ હોય તો |
| **બહુ સુભેણં** | - | ઘણા શુભયોગે-સમાધિ ભાવે |
| **ભે દિવસો**[1] | - | હે પૂજ્ય ! આપનો આજનો દિવસ |
| **વઈક્કંતો** | - | વ્યતીત થયો છે ? |
| **જત્તા ભે ?** | - | આપની સંયમ યાત્રા સુખરૂપ છે ? |
| **જવણિજ્જં** | - | મન તથા ઈન્દ્રિયોની પીડાથી રહિત છે ? |
| **ચ** | - | અને |
| **ભે ?** | - | હે પૂજ્ય ! હું આપની |
| **ખામેમિ** | - | ક્ષમા માગું છું |

---

1. યથાકાળ પ્રતિક્રમણમાં (1) 'રાઈઓ વઈક્કંતો' (2) પક્ખિઓ વઈક્કંતો' (3) 'ચાઉમ્માસિઓ વઈક્કંતો' (4) 'સંવચ્છરો વઈક્કંતો' આ રીતે શબ્દ બોલવા.

**ખમાસમણો** - હે ક્ષમાશ્રમણ !

**દેવસિયં**[2] - (હું) દિવસ સંબંધી

**વઈક્કમં** - અપરાધ થયો હોય ?

**આવસ્સિયાએ** - આવશ્યક કરણી કરતાં લાગેલા અતિચારથી

**પડિક્કમામિ** - નિવૃત્ત થાઉં છું

**ખમાસમણાણં** - ક્ષમાવંત સાધુજીઓની

**દેવસિયાએ** - દિવસ સંબંધી

**આસાયણાએ** - અશાતના વડે

**તિત્તીસન્નયરાએ** - તેત્રીસમાંથી કોઈપણ

**જં કિંચિ** - જે , કાંઈ પણ

**મિચ્છાએ** - મિથ્યાભાવે કરેલી

**મણ દુક્કડાએ** - દુષ્ટ મનથી કરેલી

**વય દુક્કાડાએ** - દુષ્ટ વચનથી કરેલી

**કાય દુક્કડાએ** - શરીરની દુષ્ટ ચેષ્ટાથી કરેલી

**કોહાએ** - ક્રોધથી કરેલી

**માણાએ** - માનથી કરેલી

**માયાએ** - કપટથી કરેલી

**લોહાએ** - લોભથી કરેલી

**સવ્વ કાલિયાએ** - સર્વ કાળ સંબંધી

---

2. યથાકાળ પ્રતિક્રમણમાં (1) રાઈયં (2) પક્ખિયં (3) ચાઉમ્માસિયં અને (4) સંવચ્છરિયં શબ્દ બોલવા.

**સવ્વમિચ્છોવયારાએ** - સર્વ પ્રકારનાં મિથ્યા આચરણો વડે
**સવ્વ ધમ્માઇક્કમણાએ** - સર્વ ધર્મોનું ઉલ્લંઘન કરનારી
**આસાયણાએ** - અશાતના વડે
**જો મે** - જે, મારા જીવે
**દેવસિઓ**[3] - દિવસ સંબંધી
**અઈયારો** - અતિચાર
**કઓ** - કર્યા હોય
**તસ્સ** - તેનું (અતિચારનું)
**ખમાસમણો** - હે ક્ષમાશ્રમણ !
**પડિક્કમામિ** - પ્રતિક્રમણ કરું છું.
**નિંદામિ** - આત્માની સાક્ષીએ નિંદા કરું છું.
**ગરિહામિ** - (ગુરુની સાક્ષીએ) ધિક્કારું છું.
**અપ્પાણં** - મારા આત્માને તે પાપથી
**વોસિરામિ** - વોસિરાવું છું, દૂર કરું છું.

**સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસત્થો બે અને વંદના ત્રણ, એ ત્રણે આવશ્યક પૂરા થયા, તેને વિશે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત અનંત સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

---

3. યથાકાળ પ્રતિક્રમણમાં (1) 'રાઈઓ' (2) 'પક્ખિઓ' (3) 'ચાઉમ્માસિઓ' અને (4) 'સંવચ્છરિઓ' શબ્દ બોલવા.

(વિધિઃ 'ચોથા આવશ્યકની આજ્ઞા' એમ બોલીને ઊભા થઈને વિધિપૂર્વક ત્રણ વંદના કરવી.)

## ચોથો પ્રતિક્રમણ આવશ્યક

### પાઠ-4 જ્ઞાનના અતિચાર

**દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને વિશે જે અતિચાર લાગ્યા હોય તે આલોઉં છું-**

**આગમે** - સૂત્ર, સિદ્ધાંત
**તિવિહે** - ત્રણ પ્રકારનાં
**પન્નત્તે** - કહ્યાં છે
**તં જહા** - તે જેમ છે તેમ (કહું છું)
**સુત્તાગમે** - સૂત્રરૂપ આગમ
**અત્થાગમે** - અર્થરૂપ આગમ
**તદુભયાગમે** - સૂત્ર અને અર્થરૂપ આગમ

**એવા શ્રી જ્ઞાનને વિશે જે અતિચાર લાગ્યા હોય તે આલોઉં છું -**

**જં** - જે
**વાઈદ્ધં** - સૂત્રો આઘાં પાછાં ભણાયાં હોય (1)
**વચ્ચામેલિયં** - ધ્યાન વિના સૂત્રો ભણાયાં હોય (2)
**હીણક્ખરં** - અક્ષરો ઓછા ભણાયાં હોય (3)
**અચ્ચક્ખરં** - અક્ષરો અધિક ભણાયાં હોય (4)
**પયહીણં** - પદ ઓછું ભણાયું હોય (5)
**વિણયહીણં** - વિનય રહિત ભણાયું હોય (6)

| | | |
|---|---|---|
| **જોગહીણં** | - | મન, વચન, કાયાના અસ્થિર યોગે ભણાયું હોય (7) |
| **ઘોસહીણં** | - | શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય (8) |
| **સુટ્ઠુ દિન્નં** | - | રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય (9) |
| **દુટ્ઠુપડિચ્છિયં** | - | અવિનીતપણે જ્ઞાન લીધું હોય (10) |
| **અકાલે કઓ સજ્ઝાઓ** | - | અકાળે સ્વાધ્યાય કર્યો હોય (11) [1] |
| **કાલે ન કઓ સજ્ઝાઓ** | - | સ્વાધ્યાય કરવાના સમયે સ્વાધ્યાય ન કર્યો હોય (12) |
| **અસજ્ઝાઈએ સજ્ઝાયં** | - | સ્વાધ્યાય ન કરવા યોગ્ય સ્થળે સ્વાધ્યાય કર્યો હોય (13) |
| **સજ્ઝાઈએ ન સજ્ઝાયં** | - | સ્વાધ્યાય કરવા યોગ્ય સ્થળે સ્વાધ્યાય ન કર્યો હોય (14) |

**એમ ભણતાં, ગણતાં, ચિંતવતાં ચૌદે પ્રકારે કોઈ પાપ-દોષ લાગ્યો હોય, તો અરિહંત અનંતા સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

---

1. **બાર અકાળની સમજણ** - પ્રાત:કાળ, મધ્યાહ્નકાળ, સંધ્યાકાળ ને મધ્યરાત્રિ. તેમાં સવારે અને સાંજે લાલ રંગની દિશા રહે ત્યાં સુધી અને મધ્યાહ્નકાળ, મધ્યરાત્રિએ પ્રાય: 12 થી 1 વાગ્યા સુધી તેમજ (1) ચૈત્ર સુદ પૂનમ અને ચૈત્ર વદ એકમ (2) અષાઢ સુદ પૂનમ, વદ એકમ, (3) ભાદરવા સુદ પૂનમ, વદ એકમ (4) આસો સુદ પૂનમ, વદ એકમ, તથા (5) કારતક સુદ પૂનમ, વદ એકમ, આટલા દિવસો અકાળના છે, તે સમયમાં સૂત્રોના મૂળપાઠ વંચાય કે ભણાય નહીં. (ફાગણ સુદ પૂનમ-હોળી પ્રગટે ત્યારે અસ્વાધ્યાય અમુક સંપ્રદાયમાં માનવામાં આવે છે.)

# પાઠ-5 દર્શન સમ્યક્ત્વ

(સાચા દેવ, ગુરુ અને ધર્મને ઓળખી તેમના પર શ્રદ્ધા રાખવાનો પાઠ)

(અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરુણો
જિણ પન્નત્તં તત્તં, ઈય સમ્મત્તં મએ ગહિયં.)

| | | |
|---|---|---|
| **દંસણ** | - | દર્શન-યથાર્થ શ્રદ્ધા |
| **સમકિત** | - | સુદેવ, સુગુરુ, સુધર્મ પ્રત્યે સાચી શ્રદ્ધા તે દર્શન |
| **પરમત્થ** | - | એવા પરમ અર્થને બતાવનાર (સિદ્ધાંતનો) |
| **સંથવો વા** | - | પરિચય કરવો અને અથવા |
| **સુદિટ્ઠ** | - | ભલી દ્રષ્ટિથી જોયા છે, (એવા) |
| **પરમત્થ** | - | સિદ્ધાંતને, તત્વને, (એવા સાધુજીની) |
| **સેવણા** | - | સેવા કરવી, ઉપાસના કરવી, |
| **વા વિ** | - | અને વળી |
| **વાવન્ન** | - | જ્ઞાન-દર્શન-ચારિત્રને પામીને ભ્રષ્ટ થયા હોય[1] તેની તેમજ |
| **કુદંસણ વજ્જણા** | - | ખોટા માર્ગનો (પાપ કરીને ધર્મ માનનારાઓનો) ત્યાગ કરવો. |
| **સમ્મત્ત સદ્દહણા** | - | સમકિતની શ્રદ્ધા |
| **એવા સમકિતના** | - | એવા સમકિતી જીવ |
| **સમણોવાસએણં** | - | શ્રમણોપાસક - શ્રાવકને |
| **સમ્મત્તસ્સ** | - | સમકિતના |
| **પંચ અઈયારા** | - | પાંચ અતિચાર |

1. આપણા સ્થાનકવાસી ધર્મની દીક્ષા લઇને પછી પાળી ન શકવાથી દીક્ષા છોડી દીધી હોય, તેઓનો પરિચય ન કરવો, કારણ કે તેઓનો પરિચય કરવાથી આપણા ઉચ્ચ વિચારો પણ મલિન થઇ જાય છે.

| | | |
|---|---|---|
| **પેયાલા** | - | પ્રધાન, પાતાળ કળશ સમાન |
| **જાણિયવ્વા** | - | જાણવા યોગ્ય (પણ) |
| **ન સમાયરિયવ્વા** | - | આચરવા યોગ્ય નહીં |
| **તં જહા** | - | તે જેમ છે તેમ |
| **તે આલોઉં** | - | કહું છું |
| **સંકા** | - | જૈન ધર્મને વિશે શંકા રાખવી તે[1] |
| **કંખા** | - | મિથ્યાત્વીના મતની ઈચ્છા કરવી[2] |
| **વિતિગિચ્છા** | - | કરણીના ફળમાં સંદેહ રાખવો[3] |
| **પરપાસંડ પસંસા** | - | બીજા પાખંડી મતના વખાણ કર્યા હોય |
| **પરપાસંડ સંથવો** | - | પાખંડી મતનો પરિચય કર્યો હોય[4] |

**એમ સમકિત રૂપ રત્નને વિશે મિથ્યાત્વરૂપ રજ, મેલ, દોષ લાગ્યો હોય, તો અરિહંત અનંત સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

1. જૈન ધર્મ સાચો હશે કે ખોટો ? આવી શંકા ન કરવી. કોઈ વાત ન સમજાતી હોય તે ગુરુજીને પૂછી શંકાનું નિવારણ કરવું, પણ આપણો ધર્મ સાચો હશે કે કેમ વગેરે શંકા કરવી નહીં. આપણો જૈન ધર્મ સો ટચનું સોનું છે, તેમાં શંકા કરવા જેવું કાંઈ છે જ નહીં, એવી દૃઢ શ્રદ્ધા રાખવી.

2. અન્ય ધર્મના ઠાઠમાઠ આડંબર દેખી તેવા ધર્મની ઈચ્છા કરવી તે.

3. હું આટલી ધર્મ ક્રિયા કરું છું. તેનું ફળ મળશે કે નહીં વગેરે શંકા કરવી, દરેક ચીજનું ફળ હોય છે, તો સામાયિક સંવર, પૌષધ વગેરેનું ફળ કેમ ન હોય ? ફળ જરૂર મળશે જ અને તે પણ અતિ ઉત્તમ માટે જરા પણ શંકા રાખ્યા વગર એકાંત કર્મોની નિર્જરા માટે શુભ કરણી કરવી.

4. પહેલા પોતાના ધર્મનાં ૩૨ શાસ્ત્રો વાંચી - વિચારી પછી અન્ય ધર્મનાં પુસ્તકો વાંચે તો વાંધો નહીં, પણ પોતાના ધર્મમાં શું કહ્યું છે, તે જાણ્યા વગર બીજા ધર્મનો પરિચય કરે, તો જરુર તે ધર્મમાં ફસાઇ જાય. આજકાલ આવું બહુ જોવામાં આવે છે.

# પાઠ-6 પહેલું અણુવ્રત

## (સ્થૂલ પ્રાણાતિપાત- વેરમણ વ્રત)

(આત્માનો ગુણ અહિંસક હોવા છતાં, એ ભાવથી ભ્રષ્ટ થઈ હિંસક ભાવ ઉત્પન્ન કરી, ત્રસ, સ્થાવર જીવોની હિંસા કરીને જે કર્મો બાંધેલાં છે, તે તોડી મારા અમરપદનું રક્ષણ કરવા માટે ત્રસ જીવોની હિંસા ન કરવા સંબંધી)

| | | |
|---|---|---|
| **પહેલું** | - | પહેલું |
| **અણુવ્રત** | - | નાનું વ્રત[1] |
| **થૂલાઓ** | - | સ્થૂલ-મોટા |
| **પાણાઈવાયાઓ** | - | પ્રાણોના વ્યતિપાત - હિંસાથી |
| **વેરમણં** | - | નિવર્તું છું |
| **ત્રસ જીવ** | - | હાલતા-ચાલતા જીવો (જેવા કે) |
| **બેઇંદિય** | - | બે ઈન્દ્રિયવાળા (સ્પર્શ, રસ) |
| **તેઇંદિય** | - | ત્રણ ઈન્દ્રિયવાળા (સ્પર્શ, રસ, ઘ્રાણ) |
| **ચઉરિંદિય** | - | ચાર ઈન્દ્રિયવાળા (સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ) |
| **પંચેંદિય** | - | પાંચ ઈન્દ્રિયવાળા (સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને કાન) |

1. સાધુ-સાધ્વીજીને મન-વચન-કાયાથી હિંસા કરવી નહીં, કરાવવી નહીં તથા અનુમોદવી નહીં, એમ નવ કોટિએ જિંદગી પર્યંતના પચ્ચક્ખાણ હોય છે, તેથી તેઓનાં વ્રતને 'મહાવ્રતો' કહેવામાં આવે છે. જ્યારે શ્રાવક-શ્રાવિકાઓને મન, વચન, કાયાથી ત્રસ જીવોની હિંસા કરવી નહીં, કરાવવી નહીં, એમ છ કોટિએ પચ્ચક્ખાણ હોય છે, તેથી તેમના વ્રતો 'અણુવ્રતો' કહેવાય છે.

| | | |
|---|---|---|
| **જીવ** | - | જીવોને |
| **જાણી-પ્રીછી** | - | જાણીને, ઓળખ્યા છતાંયે, |
| **સ્વ સંબંધી** | - | પોતાના તથા સંબંધીના |
| **શરીર માંહેલા** | - | શરીરમાં પીડા ઉપજાવે તેવા |
| **પીડાકારી** | | |
| **સ અપરાધી** | - | પોતાનો અપરાધ કર્યો હોય તેવા (પણ) |
| **વિગલેન્દ્રિય વિના** | - | બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળા જીવો તથા બાળક-પાગલ વગેરે જ્ઞાન-ભાન વિનાના જીવોને વર્જીને બાકીના ત્રસ જીવોને, |
| **આકુટ્ટી** | - | જાણી જોઈને ઈરાદાપૂર્વક |
| **હણવા નિમિત્તે** | - | હણવાની બુદ્ધિએ |
| **હણવાના પચ્ચક્ખાણ** | - | મારી નાખવાનાં પ્રત્યાખ્યાન |

**તથા સૂક્ષ્મ એકેન્દ્રિય પણ હણવાના પચ્ચક્ખાણ**[2]

| | | |
|---|---|---|
| **જાવજ્જીવાએ** | - | જીવું ત્યાં સુધી |
| **દુવિહં** | - | બે કરણે |
| **તિવિહેણં** | - | ત્રણ યોગે કરી |
| **ન કરેમિ** | - | હું પોતે (ત્રસ જીવોની) હિંસા કરું નહીં, (પહેલી ક્રિયા) અને |

2. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો માર્યા મરતા નથી, હણ્યા હણાતા નથી, પણ પચ્ચક્ખાણ કર્યાં ન હોય તો ક્રિયા આવે છે, તેથી આ વાક્ય બોલાય છે. સૂક્ષ્મ અહિંસાના ભાવોને દિલમાં ધારણ કરવાની ભાવના જૈન ધર્મ સિવાય અન્યત્ર જોવા મળતી નથી.

| | |
|---|---|
| **ન કારવેમિ** | - હું બીજા પાસે (ત્રસ જીવોની) હિંસા કરાવું નહીં,<br>(બીજી ક્રિયા) |
| **મણસા** | - મને કરી |
| **વયસા** | - વચને કરી |
| **કાયસા** | - કાયાએ કરી |
| **એવા પહેલા** | - એવા પહેલા |
| **થૂલ પ્રાણાતિપાત** | - મોટા જીવની હિંસાથી |
| **વેરમણં વ્રતના** | - નિવર્તવાના, વ્રતના |
| **પંચ અઈયારા** | - પાંચ અતિચાર |
| **પેયાલા** | - પાતાળ કળશ સમાન મોટા |
| **જાણિયવ્વા** | - જાણવા યોગ્ય (પણ) |
| **ન સમાયરિયવ્વા** | - આચરવા યોગ્ય નહીં |
| **તં જહા** | - તે જેમ છે તેમ |
| **તે આલોઉં** | - કહું છું |
| **બંધે** | - ત્રસ જીવોને ગાઢે બંધને બાંધ્યા હોય |
| **વહે** | - ત્રસ જીવને લાકડી પ્રમુખના પ્રહાર કર્યા હોય |
| **છવિચ્છેએ** | - નાક, કાનાદિ અવયવો છેદ્યાં હોય |
| **અઈભારે** | - ગજા ઉપરાંત ભાર ભર્યો હોય, અથવા ગજા ઉપરાંત કામ કરાવ્યું હોય |
| **ભત્તપાણ વોચ્છેએ** | - દ્વેષબુદ્ધિથી ભોજન-પાણીની અંતરાય પાડી હોય |

**એવા પહેલા વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-7 બીજું અણુવ્રત

### (મૃષાવાદ - વેરમણ વ્રત)

(આપણો આત્મા સત્ય ભાવથી ભરપૂર હોવા છતાં સત્યથી ભ્રષ્ટ થઈ અસત્ય ઉત્પન્ન કરી દરેક પદાર્થ પ્રત્યે અસત્ય બોલી જે કર્મો બાંધેલાં છે, તે કર્મોથી મુક્ત થઈ સત્યનું રક્ષણ કરવા માટે મોટું જૂઠ નહીં બોલવા સંબંધી)

| | |
|---|---|
| **બીજું અણુવ્રત** | - બીજું નાનું વ્રત |
| **થૂલાઓ મુસાવાયાઓ** | - મોટું જૂઠ બોલવાથી |
| **વેરમણં** | - નિવર્ત્તુ છું |
| **કન્નાલિક** | - વરકન્યાનાં રૂપ, ગુણ અને ઉંમર સંબંધી જૂઠ |
| **ગોવાલિક** | - ગાય, ભેંસ વગેરે ચોપગાં પશુના રૂપ, ગુણ, વર્ષ સંબંધી જૂઠ |
| **ભોમાલિક** | - જમીન સંબંધી જૂઠ |
| **થાપણમોસો** | - થાપણ ઓળવવા સંબંધી જૂઠ, |
| **મોટકી કુડી સાખ** | - મોટી ખોટી સાક્ષી આપવા સંબંધી જૂઠ, |

**ઈત્યાદિક મોટકું જૂઠું બોલવાનાં પચ્ચક્ખાણ જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવા બીજા થૂલ મૃષાવાદ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં**

| | | |
|---|---|---|
| **સહસાભક્ખાણે** | - | ઉતાવળમાં ધ્રાસકો પડે તેવું બોલ્યા હોય |
| **રહસાભક્ખાણે** | - | કોઈની છાની વાત ઉઘાડી કરી હોય |
| **સદાર મંતભેએ**[1] | - | પોતાની સ્ત્રીનાં મર્મ ઉઘાડાં કર્યા હોય |
| **મોસોવએસે** | - | ખોટો ઉપદેશ, ખોટી સલાહ આપી હોય |
| **કુડલેહકરણે** | - | ખોટા લેખ, દસ્તાવેજ, બિલ, ચોપડા વગેરે લખ્યા હોય |

**એવા બીજા વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-૪ ત્રીજું અણુવ્રત

### (સ્થૂલ અદત્ત ત્યાગ વ્રત)

(આત્માનું સ્વરૂપ અચૌર્ય હોવા છતાં એ ભાવથી ભ્રષ્ટ થઈ મારો આત્મા જીવઅદત્ત, સ્વામીઅદત્ત, ગુરુઅદત્ત, તીર્થંકરઅદત્ત, આચરી, પરપુદ્‌ગલને ગ્રહણ કરીને ચોરી કરી, કરાવી, અનુમોદના કરી ચીકણાં ગાઢાં કર્મ ઉપાર્જન કર્યાં છે, તે કર્મોનો ક્ષય કરી મારા અચૌર્ય સ્વરૂપનું રક્ષણ કરવા સંબંધી)

| | | |
|---|---|---|
| **ત્રીજું અણુવ્રત** | - | ત્રીજું નાનું વ્રત |
| **થૂલાઓ** | - | મોટી ચોરી કરવાથી |
| **અદિન્નાદાણાઓ** | | |
| **વેરમણં** | - | નિવર્ત્તુ છું |
| **ખાતરખણી** | - | ખાતર પાડી |
| **ગાંઠડી છોડી** | - | ગાંઠડી છોડી, ખીસાં કાતરી, |

1. શ્રાવિકાઓએ ‘સભર્ત્તાર-મંતભેએ’ પાઠ બોલવો.

**તાળું પર કુંચીએ કરી** - કોઈનું તાળું બીજી ચાવીથી ઉઘાડીને લેવું.

**પડી વસ્તુ ધણિયાતી જાણી** - રસ્તામાં પડેલી વસ્તુનો કોઈ ધણી છે, એમ જાણ્યા છતાં લેવી

**ઈત્યાદિક મોટકું અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ સગાસંબંધી તથા વ્યાપાર સંબંધી નભરમી[1] વસ્તુ ઉપરાંત અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવા ત્રીજા થૂલ અદત્તાદાન વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં**

**તેનાહડે** - ચોરાઉ વસ્તુ લીધી હોય

**તક્કરપ્પઓગે** - ચોરને મદદ કરી હોય

**વિરૂદ્ધ રજ્જાઇક્કમે** - રાજ્ય વિરુદ્ધ દાણચોરી વગેરે કરી હોય

**કુડતોલે-કૂડમાણે** - ખોટાં તોલાં, ખોટાં માપ રાખ્યાં હોય

**તપ્પડિરૂવગ વવહારે** - સારી વસ્તુ દેખાડી નરસી વસ્તુ આપી હોય, ભેળસેળ કરી આપી હોય

**એવા ત્રીજા વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઇ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

---

1. કલમ, પેન્સિલ વગેરે તુચ્છ વસ્તુ લેવાથી 'આ ચોરી છે' એવો ભ્રમ ન થાય, તેવી ચીજો.

## પાઠ-9 ચોથું અણુવ્રત

### (સ્વદાર-સંતોષ વ્રત)

(આત્મા વેદાતીત હોવા છતાં એ ભાવથી ભ્રષ્ટ થઈ વેદભાવ સ્ત્રી, પુરુષ, નપુંસકપણે, મન, વચન, કાયાએ કરી દૃષ્ટિ, ખોરાક, પોશાક, ભાષા વડે વિવિધ પ્રકારની અબ્રહ્મચર્યની ક્રિયા કરી, કરાવી જે ચીકણાં કર્મો બાંધેલાં છે, તે કર્મોનો ક્ષય કરી, મારા અવેદી ભાવનું રક્ષણ કરવા માટેનું અને પરસ્ત્રીનો ત્યાગ કરવા સંબંધી)

**ચોથું અણુવ્રત** - ચોથું નાનું વ્રત

**થૂલાઓ મેહુણાઓ** - મોટકા મૈથુનથી

**વેરમણં** - નિવર્ત્તું છું

**સદાર[1] સંતોસિએ** - પોતાની સ્ત્રીથી સંતોષ રાખવો

**અવસેસ મેહુણવિહિંના પચ્ચક્ખાણ** - તે સિવાય બીજી કોઈ સ્ત્રીની સાથે મૈથુન સેવવાના પ્રત્યાખ્યાન

**અને જે સ્ત્રી-પુરુષને મૂળ થકી કાયાએ કરી મેહુણ સેવવાના પચ્ચક્ખાણ હોય તેને દેવતા-મનુષ્ય-તિર્યંચ સંબંધી મેહુણ સેવવાના પચ્ચક્ખાણ, જાવજ્જીવાએ દેવતા સંબંધી દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા, મનુષ્ય તિર્યંચ સંબંધી**

**એગવિહં** - એક કરણ

**એગવિહેણં** - એક જોગે

1. બહેનોએ અહીં 'સભર્ત્તાર-સંતોસિએ' પાઠ બોલવો.

**ન કરેમિ કાયસા** - કાયાથી મૈથુન સેવવું નહીં

**એવા ચોથા થૂલ મેહુણ વેરમણં વ્રતના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા તં જહા, તે આલોઉં**

**ઈત્તરિય પરિગ્ગહિયાગમણે** - નાની ઉંમરની પોતાની પરણેલી સ્ત્રી સાથે ગમન કર્યું હોય

**અપરિગ્ગહિયાગમણે** - જે સ્ત્રીની સાથે સગાઈ થઈ છે, લગ્ન થયાં નથી તેની સાથે ગમન કર્યું હોય

**અનંગકીડા** - સ્વાભાવિક અંગ સિવાય અનેરા અંગે કામક્રીડા કરી હોય

**પર વિવાહ કરણે** - પોતાનાં પુત્ર-પુત્રી સિવાય બીજાના વિવાહ મેળવી આપ્યા હોય

**કામભોગેસુ તિવ્વાભિલાસા** - કામભોગને વિશે તીવ્ર અભિલાષા કરી હોય

**એવા ચોથા વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઇ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-10 પાંચમું અણુવ્રત

### (નવ પ્રકારના પરિગ્રહ મર્યાદા-વ્રત)

(આત્માનું સ્વરૂપ અપરિગ્રહ હોવા છતાં એ ભાવથી ભ્રષ્ટ થઈ મારા આત્માએ સચેત, અચેત અને મિશ્ર પરિગ્રહ ભેગો કરી, કરાવી, અનુમોદના કરી ચીકણાં, ગાઢાં કર્મો ઉપાર્જન કર્યાં છે, નવ પ્રકારના બાહ્ય અને ચૌદ પ્રકારના આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી આત્માનો અપરિગ્રહ ગુણ પ્રાપ્ત કરવા સંબંધી)

**પાંચમું અણુવ્રત** - પાંચમું નાનું વ્રત

**થૂલાઓ પરિગ્ગહાઓ** - સ્થૂલ પરિગ્રહથી

**વેરમણં** - નિવર્તુ છું

**ખેત્ત-વત્થુનું યથા પરિમાણ** - ખેતર, વાડી, બાગ, બગીચા વગેરે ખુલ્લી જમીન અને ઘર, દુકાન, વખાર આદિ ઢાંકી જમીનની જે મર્યાદા કરી હોય

**હિરણ્ણ-સુવણ્ણનું યથા પરિમાણ** - રૂપા તથા સોનાની જે પ્રમાણે મર્યાદા કરી હોય

**ધન-ધાન્યનું યથા પરિમાણ** - ચલણી નાણું અને ચોવીસ જાતનાં ધાન્યની જે પ્રમાણે મર્યાદા કરી હોય

**દુપદ-ચઉપ્પદનું યથા પરિમાણ** - બે પગાં મનુષ્ય, પક્ષી અને ચોપગાં પશુની જે પ્રમાણે મર્યાદા કરી હોય

**કુવિયનું યથા પરિમાણ** - ઘરવખરીની જે પ્રમાણે મર્યાદા કરી હોય

**એ યથા પરિમાણ કીધું છે, તે ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાનાં પચ્ચક્ખાણ**

**જાવજ્જીવાએ** - જીવન પર્યંત

**એગવિહં** - એક કરણ

**તિવિહેણં** - ત્રણ યોગથી

**ન કરેમિ મણસા વયસા કાયસા એવા પાંચમા થૂલ પરિગ્રહ પરિમાણ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં**

| | | |
|---|---|---|
| **ખેત્ત-વત્થુપ્પમાણાઈક્કમે** | - | ખેતર આદિ ખુલ્લી અને ઘર આદિ ઢાંકી જમીનની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય |
| **હિરણ્ણ-સુવણ્ણપ્પમાણાઈક્કમે** | - | રૂપા ને સોનાની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય |
| **ધન-ધાન્યપ્પમાણાઈક્કમે** | - | રોકડ નાણું તથા અનાજની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય |
| **દુપદ-ચઉપ્પદપ્પમાણાઈક્કમે** | - | મનુષ્ય, પક્ષી આદિ બે પગાં અને પશુ આદિ ચોપગાંની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય |
| **કુવિયપ્પમાણાઈક્કમે** | - | ઘરવખરીની મર્યાદા ઓળંગી હોય |

**એવા પાંચમાં વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-11 છઠ્ઠું અણુવ્રત

### (દિશા પરિમાણ - પહેલું ગુણવ્રત)

(6 દિશાઓની મર્યાદા કરી તેની બહાર ન જવા સંબંધી)

| | | |
|---|---|---|
| **છઠ્ઠું દિસિ વ્રત** | - | છઠ્ઠું દિશાઓની મર્યાદા બાંધવાનું વ્રત |
| **ઉડ્ઢ દિસિનું યથા પરિમાણ** | - | ઊંચી દિશાની જે મર્યાદા કરી હોય |
| **અહો દિસિનું યથા પરિમાણ** | - | અધો (નીચી) દિશાની જે મર્યાદા કરી હોય |
| **તિરિય દિસિનું યથા પરિમાણ** | - | તિરછી દિશા-પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર દિશાની જે મર્યાદા કરી હોય |

**એ યથા પરિમાણ કીધું છે તે ઉપરાંત સઇચ્છાએ[1] કાયાએ જઈને પાંચ આ શ્રવ[2] સેવવાનાં પચ્ચક્ખાણ જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા-વયસા-કાયસા એવા છઠ્ઠા દિસિ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા, તે આલોઉં**

| | | |
|---|---|---|
| **ઉડ્ઢ દિસિપ્પમાણાઈક્કમે** | - | ઊંચી દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય |
| **અહો દિસિપ્પમાણાઈક્કમે** | - | નીચી દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય |
| **તિરિય દિસિપ્પમાણાઈક્કમે** | - | તિરછી - પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, અને ઉત્તર દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય |
| **ખેતવુડ્ઢી** | - | એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારી હોય |
| **સઈઅંતરદ્ધાએ** | - | સંદેહ પડ્યા છતાં આગળ વધાયું હોય |

**એવા છઠ્ઠા વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઇ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

---

1. પોતાની ઈચ્છાથી મર્યાદા કરેલી જગ્યાની બહાર જવું નહીં.
2. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ યોગ આ પાંચ આશ્રવ છે.

# પાઠ-12 સાતમું અણુવ્રત

## (ઉપભોગ-પરિભોગ પરિમાણ - બીજું ગુણવ્રત)

(ભોજનના પદાર્થો અને કર્માદાનના વ્યાપાર સંબંધી)

**સાતમું વ્રત** - સાતમું વ્રત

**ઉવભોગ** - એક વખત ભોગવાય તે ખાન, પાન આદિ

**પરિભોગવિહિં** - વારંવાર ભોગવાય તે(કપડાં, ઘરેણાં વગેરે) એની વિધિના

**પચ્ચક્ખાયમાણે** - પચ્ચક્ખાણ કરતાં થકાં

**પહેલે બોલે**

**(1) ઉલ્લણિયા વિહિં** - અંગૂછા, ટુવાલ વગેરેની જાત અને સંખ્યાની મર્યાદા

**(2) દંતણ વિહિં** - દાતણની જાત અને મર્યાદા

**(3) ફલ વિહિં** - વૃક્ષની ફળની જાત અને સંખ્યાની મર્યાદા

**(4) અબ્ભંગણ વિહિં** - મર્દન કરવા યોગ્ય તેલની જાત અને તેના પ્રમાણની મર્યાદા

**(5) ઉવ્વટ્ટણ વિહિં** - પીઠી વગેરે શરીરે ચોળવાની વસ્તુની જાત અને તેની મર્યાદા

**(6) મજ્જણ વિહિં** - નાહવાના પાણીની મર્યાદા (એક દિવસમાં કેટલી વાર અને કેટલા પાણીએ સ્નાન કરવું)

**(7) વત્થ વિહિં** - પહેરવાનાં વસ્ત્રોની મર્યાદા, એક વરસમાં પોતાનાં માટે કેટલાં જોડી વસ્ત્ર રાખવાં.

**(8) વિલેવણ વિહિં** - સુખડ, અત્તર, તેલ આદિ વિલેપન કરવાની વસ્તુની મર્યાદા

**(9) પુપ્ફ વિહિં** - ફૂલની જાત, સંખ્યાની મર્યાદા

**(10) આભરણ વિહિં** - ઘરેણાંની જાત, સંખ્યાની મર્યાદા

**(11) ધૂવણ વિહિં** - ધૂપની જાત અને તેના વજનની મર્યાદા

**(12) પેજ્જ વિહિં** - પીવાના પદાર્થોની અને માપની મર્યાદા (ચા, દૂધ, ઓસડ આદિ)

**(13) ભક્ખણ વિહિં** - સુખડી વગેરેની જાત અને તેનાં વજનની મર્યાદા

**(14) ઓદણ વિહિં** - ચોખા વગેરે ધાન્યની જાત અને તેનાં માપની મર્યાદા

**(15) સૂપ વિહિં** - કઠોળની જાત, અને તેનાં માપની મર્યાદા

**(16) વિગય વિહિં** - ઘી, તેલ, દૂધ, દહીં, ગોળ, સાકર વગેરે વસ્તુની જાત અને તેનાં માપની મર્યાદા

**(17) સાગ વિહિં** - શાકની જાત, વજનની મર્યાદા

**(18) માહુરય વિહિં** - મધુરાં ફળની જાત, માપની મર્યાદા (તરબૂચ, દ્રાક્ષ વગેરે)

**(19) જેમણ વિહિં** - જમણના પદાર્થોની મર્યાદા

**(20) પાણિય વિહિં** - પીવાના પાણીની મર્યાદા

**(21) મુહવાસ વિહિં** - મુખવાસની જાત અને માપની મર્યાદા (સોપારી, લવિંગ વગેરે)

**(22) વાહણ વિહિં** - બેસવા માટે વાહનની જાત અને સંખ્યાની મર્યાદા

**(23) ઉવાણહ વિહિં** - પગરખાંની જાત અને મર્યાદા

**(24) સયણ વિહિં** - સૂવા-બેસવાનાં સાધનોની જાત અને સંખ્યાની મર્યાદા

**(25) સચિત્ત વિહિં** - સચેત્ત વસ્તુ ખાવાની જાત અને સંખ્યાની મર્યાદા

**(26) દવ્વ વિહિં** - ખાવા-પીવાનાં દ્રવ્યોની મર્યાદા

**ઈત્યાદિકનું યથા પરિમાણ કીધું છે. તે ઉપરાંત ઉવભોગ પરિભોગ ભોગનિમિત્તે ભોગવવાના પચ્ચક્ખાણ જાવજ્જીવાએ એગવિહં તિવિહેણં ન કરેમિ મણસા વયસા કાયસા એવા સાતમા ઉવભોગ - પરિભોગ**

**દુવિહે** - બે પ્રકારે

**પન્નત્તે** - કહ્યા છે

**તં જહા** - તે આ પ્રમાણે

**ભોયણાઉ ય** - ભોજન સંબંધી અને

**કમ્મઉ ય** - કર્મ (વ્યાપાર) સંબંધી

**ભોયણાઉ** - ભોજન સંબંધી

**સમણોવાસએણં** - શ્રમણોપાસક-શ્રાવકને

**પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા, તં જહા, તે આલોઉં**

**સચિત્તાહારે** - મર્યાદાથી ઉપરાંતની સચેત વસ્તુનો ઉપયોગ થયો હોય

**સચિત્ત પડિબદ્ધાહારે** - સચેત વસ્તુ સાથે લાગેલ અચેત વસ્તુનો ઉપયોગ થયો હોય (વૃક્ષને લાગેલો ગુંદ, ઝાડને લાગેલાં પાકાં ફળ વગેરે)

**અપ્પોલિઓસહિ** - થોડી કાચી અને થોડી પાકી વસ્તુનો ઉપયોગ

| | | |
|---|---|---|
| **ભક્ખણયા** | | કર્યો હોય (તરતનાં તૈયાર કરેલા ખારિયાં વગેરે) |
| **દુપ્પોલિઓસહિ ભક્ખણયા** | - | દુષ્પક્વ એટલે માઠી રીતે પકવેલી વસ્તુનો ઉપયોગ કર્યો હોય (રીંગણાના ભડથા, ઓળો, પોંક વગેરે) |
| **તુચ્છોસહિ ભક્ખણયા** | - | તુચ્છ આહારનો ઉપયોગ કર્યો હોય (ખાવું થોડું અને ફેંકી દેવું વધુ, શેરડી, સીતાફળ વગેરે) |
| **કમ્મઓણં** | - | કર્મ એટલે વ્યાપાર સંબંધી |
| **સમણોવાસએણં** | - | શ્રમણોપાસક-શ્રાવકને |
| **પન્નરસ કમ્માદાણાઈં** | - | પંદર કર્માદાન (જે કામો તથા વેપાર કરવાથી ગાઢાં પાપ બંધાય તે) |

**જાણિયવ્વા, ન સમાયરિયવ્વા, તં જહા, તે આલોઉં**

| | | |
|---|---|---|
| **ઇંગાલ કમ્મે** | - | લુહાર, ભાડભૂંજા વગેરેના ધંધા જેમાં અગ્નિનો આરંભ કરવો પડે તેવાં કાર્યો કરવાં (1) |
| **વણ કમ્મે** | - | વનનાં ઝાડો કાપવાનાં કાર્યો કરવાં (2) |
| **સાડી કમ્મે** | - | ગાડું, રથ, જહાજ, મોટર આદિ બનાવી વેચવાનાં કાર્યો કરવાં. (3) |
| **ભાડી કમ્મે** | - | ગાડાં, ઘોડા, રિક્ષા, ટેક્સી વગેરે રાખી ભાડાં ખાધાં હોય (4) |
| **ફોડી કમ્મે** | - | પૃથ્વીનાં પેટ ફોડવાના ધંધા કર્યા હોય (કૂવા, વાવ, તળાવ આદિ ખોદાવવાના ધંધા) (5) |
| **દંત વાણિજ્જે** | - | દાંત, હાડકાં, શીંગડા વગેરેનો વેપાર કર્યો હોય (6) |
| **કેસ વાણિજ્જે** | - | ચમરી ગાય આદિના કેશ (વાળ)નો વેપાર કર્યો હોય (7) |

| | | |
|---|---|---|
| **રસ વાણિજ્જે** | - | દારૂ, માંસ, મધ, માખણ, ચરબી આદિ રસનો વેપાર કર્યો હોય (8) |
| **લક્ખ વાણિજ્જે** | - | લાખ, રંગ, મીણ આદિનો વેપાર કર્યો હોય (9) |
| **વિસ વાણિજ્જે** | - | ઝેર, અફીણ, સોમલ, જંતુ મારવાની દવા આદિનો વેપાર કર્યો હોય (10) |
| **જંતપીલણ કમ્મે** | - | તલ, શેરડી, મગફળી, કપાસ, બીયા વગેરેને ઘાણી, ચરખાદિ સંચાઓ વડે પીલવાનો વેપાર કર્યો હોય (11) |
| **નિલ્લંછણ કમ્મે** | - | બળદ, પાડા વગેરેને નપુંસક બનાવવાનો ધંધો કરવો. અંગોપાંગોનું છેદન કરવું. (12) |
| **દવગ્ગિદાવણયા** | - | જંગલ, ખેતર, પર્વત આદિને આગ લગાડવાનો વેપાર કર્યો હોય (13) |
| **સર દહ તલાગ પરિસોસણયા** | - | સરોવર, કૂવા તળાવ વગેરે ઉલેચવાનો વેપાર કર્યો હોય (14) |
| **અસઈ જણ પોસણયા** | - | હિંસક પશુ, ગુલામ, દુરાચારી મનુષ્યો વગેરેનું આજીવિકા અર્થે પાલનપોષણ કર્યું હોય (15)[1] |

**એવા સાતમા વ્રતને વિશે આજના દિવસ સંબંધી ભોજનના પાંચ અતિચાર અને પંદર કર્માદાન સંબંધી જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

---

1. આ પંદર જાતના વેપાર મહાપાપથી ભરેલા છે, તેથી શ્રાવકોએ આમાંના કોઈ પણ વેપાર કરવા જોઈએ નહીં..

# પાઠ-13 આઠમું અણુવ્રત

## (અનર્થદંડ ત્યાગ - ત્રીજું ગુણવ્રત)

| | | |
|---|---|---|
| **આઠમું વ્રત** | - | આઠમું વ્રત |
| **અનર્થદંડનું વેરમણં** | - | વિના પ્રયોજને આત્મા દંડાય છે, તેથી નિવર્તુ છું. |
| **ચઉવ્વિહે** | - | ચાર પ્રકારે |
| **અણત્થા દંડે** | - | અર્થ વિના દંડાય |
| **પન્નત્તે** | - | કહ્યા છે |
| **તં જહા** | - | તે આ પ્રમાણે |
| **અવજ્ઝાણાચરિયં** | - | માઠું ધ્યાન (આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન) ધરવાથી |
| **પમાયાચરિયં** | - | પ્રમાદ કરવાથી[1] (બીજાના પ્રાણ હરણ થાય તે, એંઠાં વાસણ ખુલ્લાં રાખવાં, પોંજ્યા વિના ચૂલા, ગૅસ સળગાવવા, ઘી, તેલ, સરબત આદિનાં વાસણ ખુલ્લાં રાખવા) |
| **હિંસપ્પયાણં** | - | હિંસા થાય તેવાં શસ્ત્રો આપવાથી (ચપ્પુ-છરી, તલવાર, રિવોલ્વર, ભાલા, મિક્સર ગ્રાઇન્ડર વગેરે) |
| **પાવકમ્મોવએસં** | - | પાપકર્મનો ઉપદેશ આપવાથી |

1. ધાર્મિક કાર્યોમાં આળસ અને પાપનાં કાર્યમાં ઉદ્યમ, તેનું નામ પ્રમાદ- તેના પાંચ પ્રકાર છે : મદ, વિષય, કષાય, નિંદા અને વિકથા. સાધક આત્માએ પાંચ પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ.

**એવા આઠમાં અનર્થદંડ સેવવાના પચ્ચક્ખાણ જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવા આઠમા અનર્થદંડ વેરમણં વ્રતના પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં**

| | | |
|---|---|---|
| **કંદપ્પે** | - | વિષય-વિકાર વધે તેવાં વચનો બોલ્યા હોય |
| **કુક્કુઇએ** | - | આંખ, મુખ, હાથ આદિથી કુચેષ્ટા કરી હોય |
| **મોહરિએ** | - | જેમ તેમ નિરર્થક બોલ્યા હોય (હાંસી-મશ્કરી કરવી; એપ્રિલફૂલ બનાવવા વગેરે) |
| **સંજુત્તાહિગરણે** | - | હિંસાકારી જૂનાં હથિયારને સજાવી નવાં કર્યા હોય તેમજ નવાં વસાવ્યાં હોય |
| **ઉવભોગ પરિભોગ અઈરત્તે** | - | ઉપભોગ-પરિભોગોની વસ્તુઓમાં અતિ આસક્ત ભાવ રાખ્યો હોય |

**એવા આઠમા વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-14 નવમું સામાયિક વ્રત

### (પહેલું શિક્ષાવ્રત)

| | | |
|---|---|---|
| **નવમું સામાયિક વ્રત** | - | નવમું સમતાભાવમાં રહેવારૂપ સામાયિક વ્રત |
| **સાવજ્જંજોગનું વેરમણં** | - | પાપના કાર્યથી નિવર્ત્તુ છું |
| **જાવ નિયમં** | - | જ્યાં સુધી મર્યાદા કરી |
| **પજ્જુવાસામિ** | - | ત્યાં સુધી સમભાવમાં રહું |

**દુવિહં, તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવી મારી (તમારી) સદ્દહણા પ્રરૂપણાએ કરી સામાયિકનો અવસર આવે અને સામાયિક કરીએ તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એવા નવમાં સામાયિક વ્રતના પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં**

| | | |
|---|---|---|
| **મણ દુપ્પણિહાણે** | - | સામાયિકમાં મન માઠું પ્રવર્તાવ્યું હોય |
| **વય દુપ્પણિહાણે** | - | સામાયિકમાં વચન માઠું પ્રવર્તાવ્યું હોય |
| **કાય દુપ્પણિહાણે** | - | સામાયિકમાં કાયા માઠી પ્રવર્તાવી હોય |
| **સામાઇયસ્સ સઇ અકરણયા** | - | સામાયિક વેઠની જેમ, જેમ તેમ કરી હોય, સામાયિક કરી છે, છતાં કરી છે કે નથી કરી, તેની ખબર ન રહી હોય |
| **સામાઇયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા** | - | સામાયિકનો સમય પૂર્ણ થયા પહેલાં પાળી લીધી હોય |

**એવા નવમાં વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઇ પાપદોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-15 દસમું દેશાવગાસિક વ્રત

### (બીજું શિક્ષાવ્રત)

**દસમું દેશાવગાસિક વ્રત** - દસમું દિશા અને ભોગોપભોગની અમુક મર્યાદાવાળું વ્રત

**દિન પ્રત્યે પ્રભાત થકી પ્રારંભીને પૂર્વાદિક છ દિશિ જેટલી ભૂમિકા મોકળી રાખી છે. તે ઉપરાંત સઇચ્છાએ કાયાએ જઇને પાંચ આ શ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ, જાવ અહોરત્તં દુવિહં તિવિહેણં, ન કરેમિ ન**

**કારવેમિ, મણસા વયસા કાયસા; જેટલી ભૂમિકા મોકળી રાખી છે, તે માંહે દ્રવ્યાદિકની જે મર્યાદા કીધી છે. તે ઉપરાંત ઉવભોગ-પરિભોગ ભોગ-નિમિત્તે ભોગવવાનાં પચ્ચક્ખાણ, જાવ અહોરત્તં એગવિહં તિવિહેણં ન કરેમિ મણસા વયસા કાયસા એવા દસમાં દેશાવગાસિક વ્રતના પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં**

| | | |
|---|---|---|
| **આણવણપ્પઓગે** | - | મર્યાદાની બહારથી વસ્તુ મંગાવી હોય |
| **પેસવણપ્પઓગે** | - | મર્યાદાની બહારથી ચાકર દ્વારા વસ્તુ મંગાવી હોય અગર મર્યાદા બહાર વસ્તુ મોકલી હોય |
| **સદ્દાણુવાએ** | - | સાદ (અવાજ) કરીને મર્યાદાની બહારથી કોઈને બોલાવ્યા હોય |
| **રૂવાણુવાએ** | - | પોતાનું રૂપ બતાવીને મર્યાદા બહારથી કોઈને બોલાવ્યા હોય અથવા વસ્તુ મંગાવી હોય |
| **બહિયા પોગ્ગલ પક્ખેવે** | - | કાંકરો આદિ નાખી મર્યાદા બહારથી કોઈને બોલાવ્યા હોય |

**એવા દસમાં વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઇ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-16 અગિયારમું પૌષધ વ્રત

### (ત્રીજું - શિક્ષાવ્રત)

(ધર્મધ્યાન વડે આત્માને પોષવો તે પૌષધ વ્રત અથવા અનાદિકાલીન હિંસા, આહાર, મૈથુન અને પરિગ્રહના ભાવો તોડી, અહિંસક, અણાહારી, અવેદી અને અપરિગ્રહી પદ પ્રાપ્ત કરવા સંબંધી)

| | | |
|---|---|---|
| **અગિયારમું પરિપૂર્ણ** | - | અગિયારમું ધર્મકરણીથી આત્માને |
| **પૌષધ વ્રત** | - | પોષવાનું વ્રત |
| **અસણં - પાણં - ખાઇમં** | - | અન્ન, પાણી, મેવો અને |
| **સાઇમંના પચ્ચક્ખાણ** | - | મુખવાસ ખાવાના પ્રત્યાખ્યાન |
| **અબંભના પચ્ચક્ખાણ** | - | મૈથુન સેવવાનાં પ્રત્યાખ્યાન |
| **મણિસોવનનાં પચ્ચક્ખાણ** | - | ઝવેરાત, સોનું વગેરે રાખવાના પ્રત્યાખ્યાન |
| **માલાવન્નગ વિલેવણના** | - | ફૂલની માળા, ચંદન વગેરે વિલેપન |
| **પચ્ચક્ખાણ** | - | કરવાના પ્રત્યાખ્યાન |
| **સત્થ મુસલાદિક સાવજ્જ** | - | શસ્ત્ર, સાંબેલાં વગેરે પાપકારી |
| **જોગનાં પચ્ચક્ખાણ** | - | કાર્યનાં પ્રત્યાખ્યાન |
| **જાવ અહોરત્તં પજ્જુવાસામિ** | - | એક દિવસ અને રાત્રિ (8 પ્રહર સુધી) તે પ્રમાણે કરીશ. |

**દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવી મારી (તમારી) સદ્દહણા પ્રરૂપણાએ કરી પૌષધનો અવસર આવે અને પૌષધ કરું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એવા અગિયારમા પરિપૂર્ણ પૌષધ વ્રતના પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં**

| | |
|---|---|
| **અપ્પડિલેહિય - દુપ્પડિલેહિય સિજ્જા સંથારએ** | - પાટ, પથારી આદિની પ્રતિલેખના ન કરી હોય અને કરી હોય તો માઠી રીતે (ઉપેક્ષાપૂર્વક) કરી હોય |
| **અપ્પમજિય- દુપ્પમજિય સિજ્જા સંથારએ** | - પાટ, પથારી આદિની પ્રમાર્જના ન કરી હોય, અને કરી હોય તો માઠી રીતે (ઉપેક્ષાપૂર્વક) કરી હોય |

| | | |
|---|---|---|
| **અપ્પડિલેહિય-** **દુપ્પડિલેહિય** **ઉચ્ચાર પાસવણ ભૂમિ** | } | - લઘુનીત તથા વડીનીત ભૂમિની પ્રતિલેખના કરી ન હોય અને કરી હોય તો માઠી રીતે કરી હોય |
| **અપ્પમજ્જિય-** **દુપ્પમજ્જિય** **ઉચ્ચાર પાસવણ ભૂમિ** | } | - લઘુનીત તથા વડીનીત (સ્થંડિલ) જવાની ભૂમિની પ્રમાર્જના કરી ન હોય; અને કરી હોય તો માઠી રીતે કરી હોય |
| **પોસહસ્સ સમ્મં** **અણણુપાલણયા** | } | - પૌષધ વ્રતનું વિધિપૂર્વક પાલન ન કર્યું હોય |

**એવા અગિયારમા વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-17 બારમું અતિથિ સંવિભાગ વ્રત

### (ચોથું - શિક્ષાવ્રત)

| | |
|---|---|
| **બારમું** | - બારમું |
| **અતિથિ** | - જેઓને આહાર-પાણી વહોરવા આવવાની તિથિ નક્કી નથી; તે અતિથિ |
| **સંવિભાગ વ્રત** | - પોતાનામાંથી વિભાગ કરવારૂપ વ્રત (સાધુ- સાધ્વીજી પધારે તો મારી પાસે જે ખાવા-પીવાની ચીજો છે, તેમાંથી તેઓને વહોરાવું એવી ભાવના ભાવવી તે) |
| **સમણે** | - સાધુ-મુનિરાજને |

| | | |
|---|---|---|
| **નિગ્ગંથે** | - | નિગ્રંથને (જેમને કોઈ પણ જાતનો બાહ્ય કે આભ્યંતર પરિગ્રહ નથી) |
| **ફાસુએણં** | - | જીવરહિત - અચિત્ત (પ્રાસુક) |
| **એસણિજ્જેણં** | - | નિર્દોષ (42, 47, 96 દોષ રહિત) |
| **અસણં** | - | અન્ન (ભોજન) |
| **પાણં** | - | પાણી (પીવા યોગ્ય અચિત્ત) |
| **ખાઇમં** | - | મેવા મીઠાઈ આદિ (ખાવાયોગ્ય) |
| **સાઇમં** | - | મુખવાસ આદિ (સ્વાદ યોગ્ય) |
| **વત્થ** | - | વસ્ત્ર (સુતરાઉ, ઊન, શણ વગેરે) |
| **પડિગ્ગહ** | - | પાત્રા (કાષ્ટ, તુંબીનાં, માટીનાં) |
| **કંબલ** | - | કમ્બલ (કામળી) |
| **પાયપુચ્છણેણં** | - | રજોહરણ-ગુચ્છાથી |
| **પાઢિયારૂ** | - | આપીને; પાછી લેવાય તેવી વસ્તુ |
| **પીઢ** | - | બાજોઠ, પાટલા આદિ |
| **ફલગ** | - | પાટિયું, પાટ આદિ |
| **સિજ્જા સંથારએણં** | - | શય્યા (મકાન), ઘાસની પથારી આદિ |
| **ઓસહ** | - | ઔષધ (જેમાં એક વસ્તુ હોય તેવી; જેમકે-હરડેની ફાકી) |
| **ભેસજ્જેણં** | - | ઘણી વસ્તુ ભેળવીને કરેલી દવા, (જેમકે-ત્રિફળાં આદિ) |
| **પડિલાભેમાણે** | - | ભાવથી આપતો થકો |
| **વિહરિસ્સામિ** | - | વિચરીશ |

**એવી મારી (તમારી) સદ્દહણા પ્રરૂપણાએ કરી સુપાત્ર સાધુ-સાધ્વીજીનો લાભ મળે અને નિર્દોષ આહાર-પાણી વહોરાવું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એવા બારમાં અતિથિ સંવિભાગ વ્રતના પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં**

**સચિત્ત નિક્ખેવણયા** - અચેતમાં સચેત વસ્તુ નાંખીને; જેમકે- ખમણ પર કોથમીર (ધાણા), ચુરમાના લાડવા પર ખસખસ (ભભરાવી હોય) છાંટેલ હોય અથવા અચેત વસ્તુને સચેત ઉપર રાખી હોય

**સચિત્ત પેહણયા** - અચેત વસ્તુને સચેત વસ્તુથી ઢાંકી હોય

**કાલાઇક્કમે** - વસ્તુનો કાળ વીતી ગયા પછી બગડેલી વસ્તુ વહોરાવી હોય

**પરોવએસે** - પોતે સૂઝતો હોવા છતાં બીજાને વહોરાવવાનું કહ્યું હોય

**મચ્છરિયાએ** - દાન આપી અહંકાર કર્યો હોય

**એવા બારમાં વ્રતને વિશે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય તો; અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-18 સંથારો - સંલેખના સૂત્ર

**(વિધિ: સંથારાનો પાઠ બોલતી વખતે ડાબો ગોઠણ ઊંચો રાખવો.)**

**અપચ્છિમ** - છેલ્લી (હવે બીજું કાંઈ કામ કરવાનું બાકી રહયું નથી)

**મારણંતિય** - મરણ વખતે કરાતી

**સંલેહણા** - તપથી શરીર અને કષાયોનું શોષણ કરવાની ક્રિયા

**પૌષધશાળા પોંજીને** - મર્યાદિત ભૂમિને પોંજીને

**ઉચ્ચાર-પાસવણ** - વડીનીત-લઘુનીત

**ભૂમિકા પડિલેહીને** - ભૂમિને નજરે જોઈને

**ગમણા ગમણે** - રસ્તામાં જતાં-આવતાં, ગમનાગમનની અયતના થઈ હોય તેનું

**પડિક્કમિને** - પ્રાયશ્ચિત્ત લઈને

**દર્ભાદિક સંથારો** - ડાભ આદિ તરણાંની પથારી

**સંથરીને** - પાથરીને

**દર્ભાદિક સંથારો** - ડાભ વગેરે તરણાંની પથારી

**દુરૂહીને** - ઉપર બેસીને

**પૂર્વ તથા ઉત્તર દિશિ** - પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ (અથવા ઈશાન કોણ તરફ) મુખ કરીને

**પલ્યંકાદિ આસને બેસીને** - પલાંઠી વાળીને અથવા અનુકૂળ પડે તેવા આસને બેસીને

**કરયલ સંપરિગ્ગહિયં** - બંને હાથ જોડીને,

**સિરસાવત્તં** - મસ્તકે આવર્તન કરીને

**મત્થએ** - મસ્તકે

**અંજલિ કટ્ટુ** - અંજલિ (જોડેલા હાથ) અડાડીને

**એવં વયાસી** - એમ કહે,

**નમોત્થુણં** - નમસ્કાર હોજો,

**અરિહંતાણં ભગવંતાણં** - અરિહંત ભગવંતોને

**જાવ સંપત્તાણં** - યાવત્ મોક્ષ પહોંચેલાઓને

**એમ અનંતા સિદ્ધને નમસ્કાર કરીને વર્તમાન પોતાના ધર્મગુરુ-ધર્માચાર્યને નમસ્કાર કરીને પૂર્વે જે વ્રત આદર્યા છે તે**

| | | |
|---|---|---|
| **આલોવી** | - | વ્રતોમાં અતિક્રમાદિક દોષો લાગ્યા હોય તેને યાદ કરી, ગુરુ આદિની પાસે તેની આલોચના કરીને |
| **પડિક્કમિ** | - | તેનું પ્રાયશ્ચિત્ત લઈને |
| **નિંદી** | - | દોષોની નિંદા કરીને |
| **નિઃશલ્ય થઈને** | - | ત્રણે પ્રકારનાં શલ્ય રહિત થઈને |
| **સવ્વં પાણાઇવાયં પચ્ચક્ખામિ** | - | સર્વ પ્રકારની હિંસાને તજું છું |
| **સવ્વં મુસાવાયં પચ્ચક્ખામિ** | - | સર્વ પ્રકારના જૂઠને તજું છું |
| **સવ્વં અદિન્નાદાણં પચ્ચક્ખામિ** | - | સર્વ પ્રકારની ચોરીને તજું છું |
| **સવ્વં મેહુણં પચ્ચક્ખામિ** | - | સર્વ પ્રકારના મૈથુનને તજું છું |
| **સવ્વં પરિગ્ગહં પચ્ચક્ખામિ** | - | સર્વ પ્રકારના પરિગ્રહને તજું છું |
| **સવ્વં કોહં પચ્ચક્ખામિ** | - | સર્વ પ્રકારના ક્રોધને તજું છું |
| **જાવ** | - | યાવત્ (વચ્ચેનાં માન, માયા વગેરે સહિત 18મા) |
| **મિચ્છા દંસણ સલ્લં** | - | મિથ્યાદર્શન શલ્યને |
| **અકરણિજ્જં જોગં પચ્ચક્ખામિ** | - | ન સેવવા જેવા યોગને તજું છું. |

| | |
|---|---|
| **જાવજ્જીવાએ** | - જીવું ત્યાં સુધી |
| **તિવિહં** | - ત્રણ કરણ |
| **તિવિહેણં** | - ત્રણ યોગે કરીને |
| **ન કરેમિ** | - કરું નહીં (પાપ) |
| **ન કારવેમિ** | - કરાવું નહીં (પાપ) |
| **કરંતં પિ અન્નં** | - (પાપ) કરનારની અનુમોદના ન કરું |
| **ન સમણુજાણામિ** | - ભલું જાણું નહીં |
| **મણસા, વયસા, કાયસા** | - મનથી, વચનથી, કાયાથી |
| **એમ અઢારે** | - એવી રીતે અઢારે પ્રકારનાં |
| **પાપ સ્થાનક પચ્ચક્ખીને** | - પાપનાં પ્રત્યાખ્યાન કરીને |
| **સવ્વં** | - સર્વ પ્રકારનાં |
| **અસણં-પાણં-ખાઇમં-સાઈમં** | - અન્ન, પાણી, મેવો, મુખવાસ |
| **ચઉવ્વિહં પિ આહારં** | - એ ચારે પ્રકારના આહારનાં |
| **પચ્ચક્ખામિ** | - પ્રત્યાખ્યાન કરું છું. |
| **જાવજ્જીવાએ** | - જીવું ત્યાં સુધી |
| **એમ ચારે આહાર પચ્ચક્ખીને** | - એ ચારે પ્રકારના આહારના પ્રત્યાખ્યાન કરીને |
| **જં પિ ય** | - જે, પણ અને |
| **ઇમં શરીરં** | - આ, શરીર |

| | | |
|---|---|---|
| **ઇટ્ઠં** | - | ઈષ્ટકારી |
| **કંતં** | - | કાંત, સુંદર |
| **પિયં** | - | પ્રિય |
| **મણુન્નં** | - | મનોજ્ઞ (મનગમતું) |
| **મણામં** | - | મનને અતિ વહાલું |
| **ધિજ્જં** | - | ધૈર્યરૂપ |
| **વિસાસિયં** | - | વિશ્વાસના ઠેકાણાવાળું |
| **સમયં** | - | સમ્મત (માનવા યોગ્ય) |
| **અણુમયં** | - | વિશેષ માનવા યોગ્ય |
| **બહુમયં** | - | બધા વડે માનવા યોગ્ય |
| **ભંડ કરંડગ સમાણં** | - | આભૂષણોના કરંડિયા (ડાબલા) સમાન |
| **રયણ કરંડગ ભૂયં** | - | રત્નના કરંડિયા (પેટી) સમાન |
| **મા** | - | રખે ! |
| **ણં** | - | અવ્યય છે, વાક્યની શોભાર્થે છે, સ્વતંત્ર કોઈ અર્થ નથી |
| **સીયં** | - | ઠંડી લાગે, |
| **મા ણં ઉણ્હં** | - | રખે ! તાપ લાગે, |
| **મા ણં ખુહા** | - | રખે ! ભૂખ લાગે, |
| **મા ણં પિવાસા** | - | રખે ! તરસ લાગે, |
| **મા ણં બાલા** | - | રખે ! સાપ કરડે, |
| **મા ણં ચોરા** | - | રખે ! ચોર હેરાન કરે, |
| **મા ણં દંસા** | - | રખે ! ડાંસ કરડે, |

| | | |
|---|---|---|
| **મા ણં મસગા** | - | રખે ! મચ્છર કરડે, |
| **મા ણં વાઇયં** | - | રખે ! વાત્ત થાય, |
| **પિત્તિયં** | - | પિત્ત થાય, |
| **સંભિમં** | - | સળેખમ (કફ) થાય, |
| **સન્નિવાઇયં** | - | સન્નિપાત થાય, (ત્રિદોષ) |
| **વિવિહા રોગાયંકા** | - | વિવિધ પ્રકારના આતંક રોગ, (તત્કાળ પ્રાણ લેનાર) પીડાઓ વગેરે થાય |
| **પરિસહોવસગ્ગા** | - | (22 પ્રકારના) પરિસહો[1] અને ઉપસર્ગો[2] થાય તે, |
| **ફાસાફુસંતુ** | - | તે પ્રકારના કોઈ પણ સ્પર્શ થાય |
| **એયં પિ ચ ણં** | - | એવું પણ (શરીરને થાય તો પણ) |
| **ચરમેહિં** | - | છેલ્લા |
| **ઉસ્સાસ નિસ્સાસેહિં** | - | શ્વાસોચ્છ્વાસ સુધી |
| **વોસિરામિ** | - | તજું છું |
| **તિ કટ્ટુ** | - | એમ કરીને, વિચારીને |
| **એમ શરીર વોસિરાવીને** | - | એમ શરીરના મમત્વને છોડીને |
| **કાલં અણવકંખમાણે** | - | મૃત્યુને અણવાંછતો થકો |
| **વિહરિસ્સામિ** | - | વિચરીશ |

---

1. **પરિષહ**-મોક્ષમાર્ગથી ચ્યૂત થયા વિના કર્મ નિર્જરાના ભાવથી જે સહન કરવામાં આવે તેને ‘પરિષહ’ કહે છે. પરિષહ દીર્ઘકાળના હોય છે.
2. **ઉપસર્ગ**- સમીપમાં આવીને અચાનક કોઈ પીડા આપે. તે આવી પડેલી પીડા(દુ:ખ)ને ‘ઉપસર્ગ’ કહે છે. ઉપસર્ગ અલ્પકાળના હોય છે.

**એવી સદ્દહણા પ્રરૂપણાએ કરી, અણસણનો અવસર આવે, અણસણ કરું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો !**

**એવા અપચ્છિમ**

**મારણંતિય સંલેહણા** - મારણાંતિક સંલેખના

**ઝૂસણા** - (અણસણ) સેવવાના

**આરાહણાના** - આરાધનાના

**પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા, તે આલોઉં-**

**ઇહલોગા સંસપ્પઓગે** - આ લોકના સાંસારિક સુખની ઇચ્છા કરે કે- મરીને મોટો સમ્રાટ, અથવા મંત્રી વગેરે બનું

**પરલોગા સંસપ્પઓગે** - પરલોકનાં સુખની ઇચ્છા કરે કે-મરીને મોટો મહર્દ્ધિક દેવ બનું

**જીવિયા સંસપ્પઓગે** - જીવવાની ઇચ્છા કરે (વધુ દિવસ જીવું તો ઠીક, જેથી સંથારો લંબાય તો લોકોમાં મારી આબરૂ વધે)

**મરણા સંસપ્પઓગે** - મરણની ઇચ્છા કરે (બહુ દુ:ખ પામું છું. તેથી હવે તરત મરી જાઉં તો સારું.)

**કામભોગા સંસપ્પઓગે** - મનુષ્ય અથવા દેવ સંબંધી કામ-ભોગો ભોગવવાની ઇચ્છા કરી હોય

**તસ્સ મિચ્છામિ દુક્કડં** - તેનું મારું પાપ મિથ્યા થાઓ

**એમ સમકિતપૂર્વક બાર વ્રત, સંલેખણા સહિત નવ્વાણું અતિચાર, તેને વિશે જે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર જાણતાં, અજાણતાં મન, વચન, કાયાએ કરી સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે અનુમોદના કરી હોય તો; અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

# પાઠ-19 અઢાર પાપસ્થાનક સૂત્ર

(જે મેં જીવ વિરાધિયા; સેવ્યાં પાપ અઢાર પ્રભુ તમારી સાક્ષીએ, વારંવાર ધિક્કાર)

**અઢાર પ્રકારનાં પાપ સ્થાનક સંબંધી પાપ-દોષ લાગ્યા હોય તે આલોઉં.**

**(1) પ્રાણાતિપાત** - પ્રાણોનો અતિપાત કરવો-આત્માથી દ્રવ્ય-પ્રાણોને જુદાં કરવા અર્થાત્ હિંસા[1] કરવી

**(2) મૃષાવાદ** - અસત્ય બોલવું.

**(3) અદત્તાદાન** - અણદીધેલી વસ્તુ લેવી, ચોરી કરવી

**(4) મૈથુન** - અબ્રહ્મચર્ય (સ્ત્રી આદિ સંગ)

**(5) પરિગ્રહ** - નવ પ્રકારનાં બાહ્ય અને ચૌદ પ્રકારના આભ્યંતર[2] પરિગ્રહની ઈચ્છા

**(6) ક્રોધ** - ગુસ્સો

**(7) માન** - અહંકાર

**(8) માયા** - કપટ

**(9) લોભ** - અસંતોષ (પદાર્થોની અધિક ઇચ્છા)

**(10) રાગ** - પ્રિય વસ્તુ વગેરે ઉપર આસક્તિ રાખવી

---

1. હિંસાના ત્રણ ભેદ : (1) સંરંભ-જીવોની હિંસાનો સંકલ્પ કરવો. (2) સમારંભ-હિંસાને માટે પ્રયત્ન કરવો. (3) આરંભ- હિંસા કરવી અર્થાત્ પ્રાણ હરણ કરવા..

2. નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ ‘પાંચમા અણુવ્રત’માં આવી ગયા છે. 14 પ્રકારનો આભ્યંતર પરિગ્રહ

(1) ક્રોધ, (2) માન, (3) માયા, (4) લોભ, (5) હાસ્ય, (6) રતિ, (7) અરતિ, (8) ભય, (9) શોક, (10) દુગુંચ્છા, (11) સ્ત્રી વેદ, (12) પુરુષવેદ, (13) નપુંસક વેદ અને (14) મિથ્યાત્વ.

**(11) દ્વેષ** - અપ્રિય વસ્તુ વગેરે ઉપર દુર્ભાવ રાખવો

**(12) કલહ** - કજિયો (લડાઈ-ઝઘડો)

**(13) અભ્યાખ્યાન** - ખોટું આળ ચડાવવું

**(14) પૈશુન્ય** - ચાડી-ચુગલી કરવી, (નારદવૃત્તિ)

**(15) પર-પરિવાદ** - બીજાની નિંદા કરવી, વાંકુ બોલવું

**(16) રઈ-અરઈ** - પાપના કાર્યમાં ખુશ થવું અને ધર્મના કામમાં નાખુશ થવું

**(17) માયા મોસો** - કપટ સહિત જૂઠું બોલવું

**(18) મિચ્છા દંસણ સલ્લં** - કુદેવ, કુગુરુ અને કુધર્મની શ્રદ્ધા કરી હોય-સેવવાની ઇચ્છા કરી હોય

**એ અઢાર પ્રકારનાં પાપ-સ્થાનક મારા જીવે (તમારા જીવે) સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે અનુમોદના કરી હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-20 પચ્ચીસ પ્રકારનાં મિથ્યાત્વ

**પચ્ચીસ પ્રકારનાં મિથ્યાત્વ સંબંધી પાપ-દોષ લાગ્યા હોય તે આલોઉં-**

**(1) અભિગ્રહિક મિથ્યાત્વ** - સાચા-ખોટાનો નિર્ણય કર્યા વિના ખોટાને હઠથી પકડી રાખવું તે

**(2) અનાભિગ્રહિક મિથ્યાત્વ** - બધા દેવ, ગુરુને માનવા તે

**(3) અભિનિવેશિક મિથ્યાત્વ** - પોતાના મતને ખોટો જાણવા છતાંયે છોડવો નહીં તેમજ કુયુક્તિથી તેનું પોષણ કરવું તે

**(4) સાંશયિક મિથ્યાત્વ** - (સત્યધર્મમાં પણ) શંકાશીલ રહેવું તે

**(5) અણાભોગ મિથ્યાત્વ** - જેમાં બિલકુલ જાણપણું નથી તે

**(6) લૌકિક મિથ્યાત્વ** - આ દુનિયામાં જે દેવ, ગુરુ, ધર્મની વિપરીત સ્થાપના કરેલી છે, તેને માનવા અને તેમનાં પર્વ વગેરે ઉજવવાં, નૈવેદ્ય આદિ કરવાં તે

**(7) લોકોત્તર મિથ્યાત્વ** - બીજા પાખંડી મતની પેઠે, તીર્થંકર દેવની માનતા કરે, (સ્થાપેલ, ચિતરેલ કે ઘડેલ ચીજ કે જેમાં કોઈ પણ જાતના ગુણ નથી, તેની માનતા પૂજા કરે, કુગુરુમાં ગુરુપણાની બુદ્ધિ કરે)

**(8) કુપ્રાવચન મિથ્યાત્વ** - 363 પાખંડીના મતને માને

**(9) જીવને અજીવ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(10) અજીવને જીવ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(11) સાધુને કુસાધુ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(12) કુસાધુને સાધુ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(13) આઠ કર્મથી મુકાણા; તેને નથી મુકાણા શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(14) આઠ કર્મથી નથી મુકાણા; તેને મુકાણા શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(15) ધર્મને અધર્મ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(16) અધર્મને ધર્મ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(17) જિન માર્ગને અન્ય માર્ગ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(18) અન્ય માર્ગને જિન માર્ગ શ્રદ્ધે (કહે) તે મિથ્યાત્વ**

**(19) જિન માર્ગથી ઓછું પ્રરૂપે તે મિથ્યાત્વ**

**(20) જિન માર્ગથી અધિક પ્રરૂપે તે મિથ્યાત્વ**

**(21) જિન માર્ગથી વિપરીત પ્રરૂપે તે મિથ્યાત્વ**

**(22) અવિનય મિથ્યાત્વ** - ગુરુ આદિ વડીલ સંતપુરુષોનો વિનય ન કરે તે.

**(23) અકિરિયા મિથ્યાત્વ** - સંવર, સામાયિક, પૌષધ આદિ ક્રિયાને માને નહિ તે.

**(24) અજ્ઞાન મિથ્યાત્વ** - અજ્ઞાનને શ્રેષ્ઠ માનવું તે

**(25) આશાતના મિથ્યાત્વ** - સુદેવ, સુગુરુ, સુધર્મ અને નિર્ગ્રંથ પ્રવચનની અશાતના કરવી તે

**આ પચ્ચીસ પ્રકારનું મિથ્યાત્વ મારા જીવે (તમારા જીવે) સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદના કરી હોય તો; અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-21 ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ જીવ

**ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્ય સંબંધી પાપ-દોષ લાગ્યા હોય તે આલોઉં-**

**(1) ઉચ્ચારેસુ વા** - વડીનીત (ઝાડા)માં ઊપજે તે અને

**(2) પાસવણેસુ વા** - લઘુનીત (પેશાબ)માં ઊપજે તે અને

**(3) ખેલેસુ વા** - કફ (બળખા)માં ઊપજે તે અને

**(4) સિંઘાણેસુ વા** - નાકના મેલ (લીંટ)માં ઊપજે તે અને

**(5) વંતેસુ વા** - વમન (ઊલટી)માં ઊપજે તે અને

**(6) પિત્તેસુ વા** - લીલા પીળા પિત્તમાં ઊપજે તે અને

**(7) પૂએસુ વા** - પરુ (રસી)માં ઊપજે તે અને

**(8) સોણિએસુ વા** - લોહી (શોણિત)માં ઊપજે તે અને

**(9) સુક્કેસુ વા** - વીર્ય (શુક્ર)માં ઊપજે તે અને

| | | |
|---|---|---|
| **(10) સુક્કપુગ્ગલ પરિસાડેસુ વા** | - | વીર્ય આદિનાં સુકાયેલાં પુદ્ગલો ફરી ભીનાં થાય, તેમાં ઊપજે તે અને |
| **(11) વિગયજીવ કલેવરેસુ વા** | - | મરેલા જીવોનાં કલેવરોમાં ઊપજે તે અને |
| **(12) ઇત્થીપુરિસ સંજોગેસુ વા** | - | સ્ત્રી-પુરુષના સંયોગથી યોનિમાં ઊપજે તે અને |
| **(13) નગર નિદ્ધમણેસુ વા** | - | શહેરની ગટરોમાં ઊપજે તે અને |
| **(14) સવ્વેસુ ચેવ અસુઇટ્ઠાણેસુ વા** | - | સર્વ પ્રકારનાં અશુચિ સ્થાનોમાં ઊપજે તે |

**એ ચૌદ પ્રકારનાં સંમૂર્ચ્છિમ મનુષ્યની વિરાધના કરી હોય તો; અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## • ઇચ્છામિ ઠામિ •

**ઈચ્છામિ ઠામિ**
**પડિક્કમિઉં**
**જો મે**
**દેવસિઓ**
**અઈયારો**
**કઓ**
**કાઈઓ**
**વાઇઓ**
**માણસિઓ**
**ઉસ્સુત્તો**
**ઉમ્મગ્ગો**
**અકપ્પો**
**અકરણિજ્જો**
**દુજ્ઝાઓ**
**દુવ્વિચિંતિઓ**
**અણાયારો**
**અણિચ્છિયવ્વો**
**અસાવગ પાઉગ્ગો**

નાણે
તહ
દંસણે
ચરિત્તાચરિત્તે
સુએ
સામાઇએ
તિણ્હં
ગુત્તીણં
ચઉણ્હં
કસાયાણં
પંચણ્હ
મણુવ્વયાણં
તિણ્હં
ગુણવ્વયાણં
ચઉણ્હં
સિક્ખાવયાણં
બારસ
વિહસ્સ
સાવગ ધમ્મસ્સ
જં ખંડિયં
જં વિરાહિયં
તસ્સ મિચ્છામિ દુક્કડં

## • નમસ્કાર મંત્ર •

નમો અરિહંતાણં નમો સિદ્ધાણં
નમો આયરિયાણં નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વસાહૂણં

## • કરેમિ ભંતે સૂત્ર •

કરેમિ ભંતે !
સામાઇયં
સાવજ્જં જોગં
પચ્ચક્ખામિ
જાવ નિયમં
પજ્જુવાસામિ
દુવિહં તિવિહેણં
ન કરેમિ ન કારવેમિ
મણસા
વયસા
કાયસા
તસ્સ ભંતે !
પડિક્કમામિ
નિંદામિ
ગરિહામિ
અપ્પાણં વોસિરામિ

## પાઠ-22 ચત્તારિ મંગલ સૂત્ર

**(વિધિ: 'ચત્તારિ મંગલં'નો પાઠ બોલતાં સમયે જમણો ઢીંચણ ઊંચો કરી, ડાબો ઢીંચણ ધરતીએ સ્થાપીને, બંને હાથ જોડી, મસ્તકે અંજલિ કરી બોલવો.)**

| | | |
|---|---|---|
| **ચત્તારિ મંગલં** | - | સંસારમાં ચાર (અલૌકિક-લોકોત્તર) મંગલ પદાર્થ છે |
| **અરિહંતા મંગલ** | - | અરિહંત દેવો મંગલ છે |
| **સિદ્ધા મંગલં** | - | સિદ્ધ ભગવંતો મંગલ છે |
| **સાહૂ મંગલં** | - | સાધુ ભગવંતો મંગલ છે |
| **કેવલી પન્નત્તો** | - | કેવળી (સર્વજ્ઞ) પ્રરૂપિત |
| **ધમ્મો મંગલં** | - | ધર્મ મંગલ છે |
| **ચત્તારિ લોગુત્તમા** | - | લોકને વિશે ચાર ઉત્તમ છે |
| **અરિહંતા લોગુત્તમા** | - | અરિહંત દેવો લોકમાં ઉત્તમ છે |
| **સિદ્ધા લોગુત્તમા** | - | સિદ્ધ ભગવંતો લોકમાં ઉત્તમ છે |
| **સાહૂ લોગુત્તમા** | - | સાધુ ભગવંતો લોકમાં ઉત્તમ છે |
| **કેવલી પન્નત્તો** | - | કેવળી પ્રરૂપિત |
| **ધમ્મો લોગુત્તમો** | - | ધર્મ લોક-સંસારમાં, ઉત્તમ-શ્રેષ્ઠ છે |
| **ચત્તારિ સરણં** | - | ચારનાં શરણાંને |
| **પવજ્જામિ** | - | અંગીકાર કરું છું |
| **અરિહંતે સરણં** | - | અરિહંત દેવોનું શરણ |
| **પવજ્જામિ** | - | અંગીકાર કરું છું |
| **સિદ્ધે સરણં** | - | સિદ્ધ ભગવંતોનું શરણ |
| **પવજ્જામિ** | - | અંગીકાર કરું છું |
| **સાહૂ સરણં** | - | સાધુ ભગવંતોનું શરણ |
| **પવજ્જામિ** | - | અંગીકાર કરું છું |
| **કેવલી પન્નત્તં ધમ્મં** | - | કેવળી પ્રરૂપિત ધર્મનું |
| **સરણં પવજ્જામિ** | - | શરણ અંગીકાર કરું છું |

## • છંદ •

**ચાર શરણા, દુઃખ હરણા, અવર શરણ નહીં કોઈ**
**જે ભવ્ય પ્રાણી આદરે, અક્ષય અવિચળ પદ હોય**
**અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર**
**ગુરુ ગૌતમને સમરીએ, મનવાંછિત ફળ દાતાર**
**ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન**
**ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળજ્ઞાન**

## • દયા તે સુખની વેલડી... દોહરા •

દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ
અનંતા જીવ મુક્તે ગયા, દયા તણાં ફળ જાણ...
હિંસા દુ:ખની વેલડી, હિંસા દુ:ખની ખાણ
અનંતા જીવ નરકે ગયા, હિંસા તણાં ફળ જાણ...
જીવડા જીવનું જતન કરજે, ઓળખજે આચાર,
દોહ્યલી વેળાએ જાણજે, ધર્મ સખાયો થાય...
ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય
ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય...
રાત્રિ ગુમાવી સૂઈને, દિવસ ગુમાવ્યો ખાય,
હીરા જેવો મનુષ્ય ભવ, કોડી બદલે જાય...
દાન શિયળ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર,
કરો આરાધો ભાવથી, તો ઊતરશો ભવ પાર...
કરો દલાલી ધર્મની, દીસે અધિકી જ્યોત,
શ્રી કૃષ્ણ વાસુદેવ જાણવા, જેણે બાંધ્યું તીર્થંકર ગોત્ર...

## ઇચ્છામિ ઠામિ સૂત્ર

ઇચ્છામિ ઠામિ
સૂત્ર પડિક્કમિઉં
જો મે
દેવસિઓ
અઇયારો
કઓ
કાઈઓ
વાઈઓ
માણસિઓ
ઉસ્સુત્તો
ઉમ્મગ્ગો
અકપ્પો
અકરણિજ્જો
દુજ્ઝાઓ
દુવ્વિચિંતિઓ
અણાયારો
અણિચ્છિયવ્વો
અસાવગ પાઉગ્ગો
નાણે
તહ
દંસણે
ચરિત્તાચરિત્તે
સુએ
સામાઇએ
તિણ્હં
ગુત્તીણં
ચઉણ્હં
કસાયાણં
પંચણ્હ
મણુવ્વયાણં
તિણ્હં
ગુણવ્વયાણં
ચઉણ્હં
સિક્ખાવયાણં
બારસ
વિહસ્સ
સાવગ ધમ્મસ્સ
જં ખંડિયં
જં વિરાહિયં
તસ્સ મિચ્છામિ દુક્કડં

## ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર

ઇચ્છામિ
પડિક્કમિઉં
ઇરિયાવહિયાએ
વિરાહણાએ
ગમણાગમણે
પાણક્કમણે

બીયક્કમણે
હરિયક્કમણે
ઓસા
ઉત્તિંગ
પણગ
દગ
મટ્ટી
મક્કડા-સંતાણા
સંકમણે
જે મે જીવા
વિરાહિયા
એગિંદિયા
બેઇંદિયા
તેઇંદિયા
ચઉરિંદિયા
પંચિંદિયા
અભિહયા
વત્તિયા
લેસિયા
સંઘાઈયા
સંઘટ્ટિયા
પરિયાવિયા
કિલામિયા
ઉદ્દવિયા
ઠાણાઓ ઠાણં
સંકામિયા
જીવિયાઓ વવરોવિયા
તસ્સ મિચ્છામિ દુક્કડં

## આલોયણા સૂત્ર

ચાર ગતિ, ચોવીસ દંડક, ચોર્યાસી લાખ જીવાયોનિ, એક ક્રોડ સાડી સત્તાણું લાખ કુલ કોટીના જીવને મારા જીવે, (તમારા જીવે) આજના દિવસ સંબંધી આરંભે, સમારંભે મન, વચન, કાયાએ કરી દુભવ્યા હોય; દ્રવ્યપ્રાણ ભાવપ્રાણ દુભવ્યા હોય; પરિતાપના કિલામના ઉપજાવી હોય; ક્રોધે, માને, માયાએ, લોભે, રાગે, દ્વેષે, હાસ્યે, ભયે, ખળાયે, ધ્રીઠાયે, આપ-થાપનાએ, પર-ઉથાપનાએ, દુષ્ટ લેશ્યાએ, દુષ્ટ પરિણામે, દુષ્ટ ધ્યાને (આર્ત, રૌદ્ર ધ્યાન) કરીને, ઈર્ષ્યાએ, મમતે, હઠપણે, અવજ્ઞા કરી હોય; દુઃખમાં જોડ્યાં હોય, સુખથી ચૂકવ્યા (છોડાવ્યા) હોય; પ્રાણ, પર્યાય, સંજ્ઞા, ઈન્દ્રિય આદિ લબ્ધિ-ઋદ્ધિથી ભ્રષ્ટ કર્યા હોય; તો તે સર્વ મળી અઢાર લાખ ચોવીસ હજાર એકસો વીસ પ્રકારે પાપ-દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ, તસ્સ મિચ્છામિ દુક્કડં.

## • શ્રમણ સૂત્ર •

## પાઠ-23 પહેલું શ્રમણ[1] સૂત્ર-શય્યા સૂત્ર[2]

### (નિદ્રા દોષથી નિવર્તવાનો પાઠ)

| | | |
|---|---|---|
| **ઇચ્છામિ** | - | (હું) ઈચ્છું છું |
| **પડિક્કમિઉં** | - | પ્રતિક્રમણ કરવાને |
| **પગામસિજ્જાએ** | - | ઘણું સૂતાં રહેવાથી |
| **નિગામસિજ્જાએ** | - | ઓઢવા-પાથરવાનાં ઘણાં ઉપકરણ રાખી, ઘણું સૂતાં રહેવાથી |
| **સંથારા ઉવટ્ટણાએ** | - | સૂતાં સૂતાં વગર પોંજ્યે પડખા ફેરવવાથી |
| **પરિયટ્ટણાએ** | - | વારંવાર વગર પોંજ્યે પડખા ફેરવવાથી |
| **આઉંટ્ટણ પસારણાએ** | - | વગર પોંજ્યે હાથ, પગ વગેરે અંગ સંકોચવાથી અને લાંબા કરવાથી, |
| **છપ્પઈ સંઘટ્ટણાએ** | - | છપગી-જૂ વગેરે જીવ કચરવાથી, |
| **કુઇએ** | - | અવિધિથી ખાંસી-ઉધરસ ખાવાથી |
| **કક્કરાઈએ** | - | શય્યાના દોષો બોલવાથી અર્થાત્ શય્યા સંબંધી કચકચ કરવાથી |

1. પાંચ 'શ્રમણસૂત્ર' મુખ્યત્વે પૂ. સાધુ-સાધ્વીજીઓને આલોચવાના છે. પરંતુ વ્રતધારી શ્રાવક-શ્રાવિકાઓને અને તેમાંયે ખાસ કરીને પૌષધ આદિ વ્રતમાં નિદ્રા દોષ અને અતિચારોની શુદ્ધિ માટે આવશ્યકતા રહે છે, તેથી શ્રાવકોએ પણ શ્રમણસૂત્ર બોલવામાં કોઈ વિરોધ સમજવો નહીં, તેમજ શ્રદ્ધા, પ્રરૂપણા માટે તો જરૂરી છે જ. તેથી શ્રાવકોને બોલવા ઉચિત લાગે છે.

2. કોઈ પણ વ્રતમાં નિદ્રા કરી હોય ત્યારે નિદ્રામાંથી નિવૃત્ત થાય પછી પહેલા શ્રમણ સૂત્ર(શય્યા-સૂત્ર)નો કાયોત્સર્ગ અવશ્ય કરવાનો હોય છે અને 'ચાર લોગસ્સ'નો કાયોત્સર્ગ પણ ભાવ વિશુદ્ધિ માટે કરવામાં આવે છે.

| | |
|---|---|
| **છીએ** | - (અયત્નાથી) છીંક ખાવાથી, |
| **જંભાઈએ** | - (અવિધિથી) બગાસુ ખાવાથી, |
| **આમોસે** | - વગર પોંજ્યે શરીર ખંજવાળવાથી |
| **સસરક્ખામોસે** | - સચેત રજયુક્ત વસ્તુને સ્પર્શવાથી |
| **આઉલમાઉલાએ** | - આકુળ-વ્યાકુળતાથી |
| **સોવણવત્તિયાએ** | - સ્વપ્નનાં નિમિત્તથી |
| **ઇત્થી[1] વિપ્પરિયાસિયાએ** | - સ્ત્રીના વિપર્યાસ ભ્રમથી (સ્વપ્નમાં મૈથુન સેવવાની ઇચ્છા થઈ હોય) |
| **દિટ્ઠિ વિપ્પરિયાસિયાએ** | - દષ્ટિના વિપર્યાસથી (સ્વપ્નમાં દષ્ટિથી ક્રીડા કરી હોય) |
| **મણ વિપ્પરિયાસિયાએ** | - મનના વિપર્યાસથી (સ્વપ્નમાં મનથી ક્રીડા કરી હોય) |
| **પાણભોયણ વિપ્પરિયાસિયાએ** | - પાણી અને ભોજનના વિપર્યાસથી (સ્વપ્નમાં સારા-નરસા આહાર-પાણીથી રતિ-અરતિ થઈ હોય) |

**જો મે દેવસિઓ[2] અઇયારો કઓ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

---

1. બહેનોએ 'પુરિસ વિપ્પરિયાસિયાએ' પાઠ બોલવો.
2.યથાકાળ પ્રતિક્રમણમાં (1) રાઈઓ (2) પક્ખિઓ (3) ચાઉમ્માસિઓ સંવચ્છરિઓ શબ્દ બોલવા.

## પાઠ-24 બીજું શ્રમણ સૂત્ર-ગોચર[1] ચર્યા સૂત્ર

### (ગોચરીના દોષોથી નિવર્તવાનો પાઠ)

**પડિક્કમામિ** - પ્રતિક્રમણ કરું છું

**ગોચર ચરિયાએ** - ગાયના ચરવાની માફક જેમાં ફરવાનું છે એવી,

**ભિક્ખાયરિયાએ** - ભિક્ષા-ચર્યામાં (કયા દોષ લાગ્યા ?)

**ઉગ્ઘાડ-કવાડ-ઉગ્ઘાડણાએ** - અર્ધખૂલા દરવાજાને પૂરા ખોલીને ભિક્ષા લેવા વડે,

**સાણા-વચ્છા-દારા-સંઘટ્ટણાએ** - કૂતરાં, વાછરડાં, બાળકને અડીને કે ઓળંગીને જવા વડે

**મંડી પાહુડિયાએ** - કોઈ નિમિત્તે રાખેલો આહાર હોય, તે લેવા પડે (અગ્રપિંડ - કૂતરા આદિને માટે બનાવેલી પહેલી રોટલી આદિ)

**બલિ પાહુડિયાએ** - ઉછાળવા માટે જે બાકુળા કર્યા હોય તે લેવા વડે (બલિકર્મ)

**ઠવણા પાહુડિયાએ** - ભિક્ષુકોને દાન આપવા માટે સ્થાપિત કરી રાખેલી ભિક્ષા લેવા વડે

**સંકિએ** - શંકાવાળો આહાર લેવા વડે

**સહસાગારે** - ઉતાવળથી લેવા વડે

**અણેસણાએ[2]** - સૂઝતા-અસૂઝતાની ગવેષણા કરી ન હોય અસૂઝતું લેવા વડે

---

1. શ્રાવકોએ ગોચરી દયા(દસમું વ્રત)માં આહારાદિ લાવ્યા પછી 'ઈરિયાવહિયં સૂત્ર' અને 'બીજા શ્રમણ સૂત્ર'નો કાયોત્સર્ગ કરવાનો હોય છે.

2. ઘણી આધુનિક પ્રતોમાં 'પાણેસણાએ', 'આણભોયણાએ' શબ્દો અહીં જોવા મળે છે. પરંતુ પ્રાચીન પ્રતોમાં આ શબ્દોનો ઉલ્લેખ જોવામાં જણાતો નથી, તેથી એ બે પદો લીધા નથી.

| | | |
|---|---|---|
| **પાણ ભોયણાએ** | - | પ્રાણીવાળું (વિકલેન્દ્રિય) ભોજન લેવા વડે |
| **બીય ભોયણાએ** | - | બીજવાળું ભોજન લેવા વડે |
| **હરિય ભોયણાએ** | - | લીલોતરીવાળું ભોજન લેવા વડે |
| **પચ્છા કમ્મિયાએ** | - | પશ્ચાત્ કર્મવાળી ભિક્ષા લેવા વડે |
| **પુરે કમ્મિયાએ** | - | પૂર્વ કર્મવાળી ભિક્ષા લેવા વડે (વહોરાવ્યા પહેલાં સચેત પાણીથી હાથ ધોએ વગેરે દોષો) |
| **અદિટ્ઠહડાએ** | - | નજરે દેખાતું નથી, તેવા સ્થાનેથી લાવેલી ભિક્ષા લેવા વડે |
| **દગ-સંસટ્ઠ-હડાએ** | - | સચેત પાણીનાં સ્પર્શવાળી ભિક્ષા લેવા વડે |
| **રય-સંસટ્ઠ-હડાએ** | - | સચેત રજથી સ્પર્શવાળી ભિક્ષા લેવા વડે |
| **પારિસાડણિયાએ** | - | વેરાતી, ઢોળાતી, છાંટા પડતા હોય, તેવી ભિક્ષા લેવા વડે |
| **પારિટ્ઠાવણિયાએ** | - | ઘણાં કાંટા, ગોઠલી વગેરે યુક્ત આહાર કે જે પરઠવો પડે તેવો પરઠવા યોગ્ય આહાર લેવા વડે |
| **ઓહાસણભિક્ખાએ** | - | વિશિષ્ટ વસ્તુઓ માંગીને ભિક્ષા લેવા વડે |
| **જં** | - | (અને) જે |
| **ઉગ્ગમેણં** | - | આધાકર્માદિ 16 ઉદ્ગમના દોષ વહોરાવનાર (ગૃહસ્થ) થી લાગે તેવી |
| **ઉપ્પાયણેસણાએ** | - | ઉપ્પાયણ-ઉત્પાદનના દોષો (વહોરનાર સાધુથી) એષણાએ-એષણાના દોષો (ગૃહસ્થ અને સાધુ બંનેથી) લાગે તેવી |
| **અપરિસુદ્ધં** | - | અશુદ્ધ ભિક્ષા |
| **પરિગ્ગહિયં** | - | ગ્રહણ કરેલી હોય |
| **પરિભુત્તં વા** | - | ભોગવેલી હોય અથવા |

| | | |
|---|---|---|
| **જં** | - | (અને) જે ભૂલથી ગ્રહણ કરેલી અશુદ્ધ ભિક્ષા |
| **ન પરિટ્ઠવિયં** | - | પરઠી ન હોય તો |
| **તસ્સ મિચ્છામિ દુક્કડં** | - | તેનું મારું પાપ મિથ્યા થાઓ |

## પાઠ-25 ત્રીજું શ્રમણ સૂત્ર-કાલ પ્રતિલેખના[1] સૂત્ર

## (સ્વાધ્યાય અને પ્રતિલેખનના દોષથી નિવર્તવાનો પાઠ)

| | | |
|---|---|---|
| **પડિક્કમામિ** | - | (હું) પ્રતિક્રમણ કરું છું. (કયા અતિચારોનું ?) |
| **ચાઉક્કાલં** | - | (સ્વાધ્યાય કરવાના) ચાર કાળ (દિવસ અને રાત્રિના પહેલા અને ચોથા પ્રહરમાં) |
| **સજ્ઝાયસ્સ** | - | સ્વાધ્યાયને, |
| **અકરણયાએ** | - | નહીં કરવા વડે (તેમજ) |
| **ઉભઓકાલં** | - | બંને કાળ (દિવસના પ્રથમ અને છેલ્લા પ્રહરમા) |
| **ભંડોવગરણસ્સ** | - | પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિની |
| **અપ્પડિલેહણાએ** | - | પ્રતિલેખના ન કરવા વડે; મૂળથી અને નજરે ન જોવાથી |
| **દુપ્પડિલેહણાએ** | - | માઠી રીતે પ્રતિલેખના કરવા વડે |
| **અપ્પમજ્જણાએ** | - | રજોહરણ આદિથી પ્રમાર્જન ન કરવાથી |
| **દુપ્પમજ્જણાએ** | - | અવિધિએ પ્રમાર્જન કરવાથી |
| **અઈક્કમે** | - | અતિક્રમને વિશે |
| **વઈક્કમે** | - | વ્યતિક્રમને વિશે |

---

1. પૌષધ આદિ વ્રત આરાધનામાં પ્રતિલેખનાથી નિવૃત્ત થયા પછી 'ત્રીજા શ્રમણ સૂત્ર'નો કાઉસ્સગ્ગ કરવાની વિધિ છે.

**અઈયારે** - અતિચારને વિશે અને

**અણાયારે** - અનાચારને વિશે

**જો મે દિવસિઓ[1] અઇયારો કઓ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

## પાઠ-26 ચોથું શ્રમણ સૂત્ર-અસંયમ[2] સૂત્ર

## (33 બોલમાં હેય, જ્ઞેય, ઉપાદેય સંબંધીનો પાઠ)

**પડિક્કમામિ[3]** - હું નિવર્તુ છું

**એગવિહે** - એક પ્રકારનાં

**અસંજમે** - (અવિરતિ રૂપ) અસંયમથી

**પડિક્કમામિ** - નિવર્તુ છું

**દોહિં બંધણેહિં** - બે પ્રકારનાં (કર્મબંધનાં કારણોથી) બંધનોથી

**રાગ બંધણેણં** - રાગના બંધનથી

**દોસ બંધણેણં** - દ્વેષના બંધનથી

**પડિક્કમામિ** - નિવર્તુ છું

**તિહિં દંડેહિં** - ત્રણ પ્રકારના (ચારિત્ર રૂપ ઐશ્વર્ય અસાર બને તેવા) દંડથી

**મણ દંડેણં** - મનના દંડથી (અશુભ વિચારોથી)

---

1. યથાકાળ પ્રતિક્રમણમાં (1) રાઈઓ (2) પક્ખિઓ (3) ચાઉમ્માસિઓ અને (4) સંવચ્છરિઓ શબ્દ બોલવા.

2. 'ચોથા શ્રમણ સૂત્ર'માં એકથી તેત્રીસ બોલનું વર્ણન છે. તેત્રીસ બોલ જ્ઞેય (= જાણવા યોગ્ય) છે. વિરતિરૂપ પરિણામવાળા બોલ ઉપાદેય (= આદરવા યોગ્ય) છે અને આશ્રવ આદિના હેતુભૂત છે તે હેય (= ત્યાગવા યોગ્ય) છે.

3. પડિક્કમામિ-પાછો ફરું છું. જેનો નિષેધ છે તેમાં પ્રવૃત્તિ કરવા વડે અને જેનો નિષેધ નથી અર્થાત્ જે આચરણીય છે તેમાં પ્રમાદવશ અતિચાર કરવા વડે.

| | | |
|---|---|---|
| **વય દંડેણં** | - | વચનના દંડથી (અહિતકર વાણીથી) |
| **કાય દંડેણં** | - | કાયાના દંડથી (કાયાનાં અયત્ના પૂર્વકનાં પ્રવર્તનથી) |
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું |
| **તિહિં ગુત્તિહિં** | - | ત્રણ પ્રકારની ગુપ્તિઓથી (ગુપ્તિના પાલનમાં પ્રમાદવશ લાગેલા અતિચારોથી) |
| **મણ ગુત્તીએ** | - | મન ગુપ્તિથી |
| **વય ગુત્તીએ** | - | વચન ગુપ્તિથી |
| **કાય ગુત્તીએ** | - | કાય ગુપ્તિથી |
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું |
| **તિહિં સલ્લેહિં** | - | ત્રણ પ્રકારના શલ્ય- શૂળથી |
| **માયા સલ્લેણં** | - | કપટનાં શલ્યથી |
| **નિયાણ સલ્લેણં** | - | નિદાનનાં શલ્યથી |
| **મિચ્છા દંસણ સલ્લેણં** | - | મિથ્યાત્વરૂપી શલ્યથી |
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું |
| **તિહિં ગારવેહિં** | - | ત્રણ પ્રકારના ગર્વ-ગારવથી |
| **ઇડ્ઢી ગારવેણં** | - | ઋદ્ધિના ગર્વથી (પદવી, સત્કાર, સન્માનાદિ પ્રાપ્તિમાં અભિમાન અને પ્રાપ્ત ન થવાથી લાલસા રાખવી તે) |
| **રસ ગારવેણં** | - | રસના ગર્વથી (સ્વાદની લોલુપતા) |
| **સાયા ગારવેણં** | - | શારીરિક, માનસિક સુખ-સામગ્રીનો ગર્વ કરવાથી |
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું |

| | |
|---|---|
| **તિહિં વિરાહણાહિં** | - ત્રણ પ્રકારની વિરાધનાથી |
| **નાણ વિરાહણાએ** | - જ્ઞાનની વિરાધનાથી (જ્ઞાન તથા જ્ઞાનીની નિંદા, જ્ઞાન પ્રાપ્ત કરવામાં પ્રમાદ, બીજાને અંતરાય, અકાળમાં સ્વાધ્યાય આદિ) |
| **દંસણ વિરાહણાએ** | - દર્શનની વિરાધનાથી (સમકિત અને સમકિતધારી સાધકની નિંદા, મિથ્યાત્વ; મિથ્યાત્વીની પ્રશંસા વગેરે) |
| **ચરિત્ત વિરાહણાએ** | - ચારિત્રની વિરાધનાથી (વ્રત આદિમાં દોષ લગાડવા વગેરે) |
| **પડિક્કમામિ** | - નિવર્તું છું |
| **ચઉહિં કસાએહિં** | - ચાર પ્રકારના કષાયોથી |
| **કોહ કસાએણં** | - ક્રોધ કષાયથી |
| **માણ કસાએણ** | - માન કષાયથી |
| **માયા કસાએણં** | - માયા-કપટ કષાયથી |
| **લોહ કસાએણં** | - લોભ કષાયથી |
| **પડિક્કમામિ** | - નિવર્તું છું |
| **ચઉહિં સન્નાહિં** | - ચાર પ્રકારની સંજ્ઞા-ઈચ્છાઓથી |
| **આહાર સન્નાએ** | - આહાર સંજ્ઞાથી |
| **ભય સન્નાએ** | - ભય સંજ્ઞાથી |
| **મેહુણ સન્નાએ** | - મૈથુન સંજ્ઞાથી |
| **પરિગ્ગહ સન્નાએ** | - પરિગ્રહ સંજ્ઞાથી |
| **પડિક્કમામિ** | - નિવર્તું છું |
| **ચઉહિં વિકહાહિં** | - ચાર પ્રકારની વિકથાઓથી |

**ઇત્થી કહાએ**[1] - સ્ત્રીનાં શૃંગારાદિની કથાથી

**ભત્ત કહાએ** - ભોજન સંબંધી કથાથી

**દેસ કહાએ** - દેશ સંબંધી કથાથી

**રાય કહાએ** - રાજા, પ્રધાન વગેરેની કથાથી

**પડિક્કમામિ** - નિવર્તુ છું

**ચઉહિં ઝાણેહિં** - ચાર પ્રકારનાં ધ્યાનોથી

**અટ્ટેણં ઝાણેણં** - આર્તધ્યાન કરવાથી

**રુદ્દેણં ઝાણેણં** - રૌદ્રધ્યાન કરવાથી

**ધમ્મેણં ઝાણેણં** - ધર્મધ્યાન ન ધ્યાવવાથી

**સુક્કેણં ઝાણેણં** - શુક્લધ્યાન ન ધ્યાવવાથી

**પડિક્કમામિ** - નિવર્તુ છું

**પંચહિં કિરિયાહિં** - પાંચ ક્રિયાઓથી (પાપ આવવાનાં કારણોથી)

**કાઇયાએ** - કાયા દ્વારા (અયત્નાએ) થનારી ક્રિયા તે કાયિકી ક્રિયા

**અહિગરણિયાએ** - જે ક્રિયા કરવાથી આત્મા નરક આદિ દુર્ગતિનો અધિકારી બને છે, તે અધિકરણિકી ક્રિયાથી

**પાઉસિયાએ** - જીવ તથા અજીવ ઉપર દ્વેષભાવ કરવો તે પ્રાદ્વેષિકી ક્રિયાથી

**પારિતાવણિયાએ** - પોતાને કે પરને મારપીટ વગેરેથી સંતાપ આપવો તે પારિતાપનિકી ક્રિયાથી

**પાણાઇવાય કિરિયાએ** - સ્વ-પરના પ્રાણનો નાશ થાય તે પ્રાણાતિપાતિકી ક્રિયાથી

1. બહેનોએ ‘પુરિસ કહાએ’ પાઠ બોલવો.

| | | |
|---|---|---|
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું |
| **પંચહિં કામગુણેહિં** | - | પાંચ કામ ગુણોથી (વિષય ભોગને ઉત્તેજન આપનાર) |
| **સદ્દેણં** | - | શબ્દથી (વિકારી શબ્દો સાંભળવાથી) |
| **રૂવેણં** | - | સ્ત્રી આદિનાં રૂપો જોવાથી |
| **ગંધેણં** | - | ગંધથી (સુગંધી, ફૂલ, સેંટ, અત્તરથી) |
| **રસેણં** | - | રસથી (પુષ્ટિકારક ભોજનથી) |
| **ફાસેણં** | - | સ્પર્શથી (કોમળ, મુલાયમ) |
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું |
| **પંચહિં મહવ્વએહિં** | - | પાંચ, મહાવ્રતો(ના દોષો)થી |
| **સવ્વાઓ પાણાઈવાયાઓ** | - | સર્વ પ્રાણાતિપાત-જીવ હિંસાથી |
| **વેરમણં** | - | વિરમણ-અહિંસા મહાવ્રત (3 કરણ X 3 યોગ -9 કોટિએ) |
| **સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં** | - | સર્વ મૃષાવાદ-જૂઠું બોલવાથી વિરમણ-સત્ય મહાવ્રત |
| **સવ્વાઓ અદિન્નાદાણાઓ વેરમણં** | - | સર્વ અદત્તાદાન-ચોરી કરવાથી વિરમણ-અસ્તેય મહાવ્રત |
| **સવ્વાઓ મેહુણાઓ વેરમણં** | - | સર્વથા પ્રકારે મૈથુનથી વિરમણ-બ્રહ્મચર્ય મહાવ્રત |
| **સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં** | - | સર્વથા પ્રકારે પરિગ્રહથી વિરમણ-અપરિગ્રહ મહાવ્રત |
| **પડિક્કમામિ** | - | નિવર્તું છું |

| | | |
|---|---|---|
| **પંચહિં સમિઈહિં** | - | પાંચ પ્રકારની સમિતિના દોષોથી |
| **ઈરિયા સમિઇએ** | - | ઈર્યા (ગમનાદિક) સમિતિથી |
| **ભાસા સમિઈએ** | - | ભાષા (સર્વ જીવોને હિત મિત, પ્રિય બોલવું) સમિતિથી |
| **એસણા સમિઈએ** | - | એષણા (42 દોષ રહિત આહાર, પાણી વગેરે લાવવા તે) સમિતિથી |
| **આયાણ ભંડમત્ત નિક્ખેવણિયા સમિઈએ** | - | વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણ લેતાં-મૂકતાં યતના રાખવાની સમિતિથી |
| **ઉચ્ચાર-પાસવણ-ખેલ જલ્લ-સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિઈએ** | - | વડીનીત, લઘુનીત, કફ, શરીરનો મેલ, નાકનો મેલ, તેને પરઠવાની સમિતિથી |
| **પડિક્કમામિ** | - | નિવર્તુ છું |
| **છહિં જીવનિકાએહિં** | - | છ પ્રકારના; (જીવ-આત્મા અને નિકાય-સમૂહ) જીવ નિકાયોથી અર્થાત્ જીવોની હિંસાના દોષોથી |
| **પુઢવિકાએણં** | - | પૃથ્વીકાયની હિંસાથી |
| **આઉકાએણં** | - | અપ્કાયની હિંસાથી |
| **તેઉકાએણં** | - | તેઉ(અગ્નિ)કાયની હિંસાથી |
| **વાઉકાએણં** | - | વાયુકાયની હિંસાથી |
| **વણસ્સઈકાએણં** | - | વનસ્પતિકાયની હિંસાથી |
| **તસકાએણં** | - | ત્રસકાયના જીવોની હિંસાથી |
| **પડિક્કમામિ** | - | નિવર્તુ છું |
| **છહિં લેસાહિં** | - | છ લેશ્યાઓથી, અર્થાત્ પહેલી ત્રણ અધર્મ- |

લેશ્યામાં પ્રવૃત્તિ કરવાથી અને અંતિમ ત્રણ લેશ્યાનું આચરણ ન કરવાથી

**કિણ્હલેસાએ** - કૃષ્ણ લેશ્યાથી (હિંસા આદિ અત્યંત મલિન પરિણામ)

**નીલલેસાએ** - નીલ લેશ્યાથી (ક્રોધ, દ્વેષ આદિ પરિણામ)

**કાઉલેસાએ** - કાપોત લેશ્યાથી (વિષમ અભિલાષા આદિ પરિણામ)

**તેઉલેસાએ** - તેજોલેશ્યાથી (આત્માના શુભ-પરિણામનું આચરણ ન કરવા)

**પઉમલેસાએ** - પદ્મલેશ્યાથી (આત્માના શુભતર-પરિણામનું આચરણ ન કરવા)

**સુક્કલેસાએ** - શુક્લ લેશ્યાથી (આત્માના શુભતમ-પરિણામનું આચરણ ન કરવા)

**પડિક્કમામિ** - નિવર્તું છું

**સત્તહિં ભયટ્ઠાણેહિં** - સાત[1] પ્રકારના ભયનાં સ્થાન સેવવાથી

**અટ્ઠહિં મયટ્ઠાણેહિં** - આઠ પ્રકારનાં મદનાં[2] સ્થાનથી

---

1. **સાત ભય :**

(1) આલોક ભય, (2) પરલોક ભય, (3) આદાન ભય,
(4) અકસ્માત ભય, (5) આજીવિકા ભય, (6) મરણ ભય,
(7) અપયશ ભય.

2. **આઠ મદ :**

(1) જાતિમદ, (2) કુળમદ, (3) બળમદ, (4) રૂપમદ,
(5) તપમદ, (6) શ્રુતમદ, (7) લાભમદ (8) ઐશ્વર્યમદ.

**નવહિં બંભચેરગુત્તીહિં**[1] - નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓથી,

**દસવિહે સમણધમ્મે**[2] - દસ પ્રકારના સાધુધર્મમાં લાગેલા દોષોથી

**એક્કારસહિં ઉવાસગ પડિમાહિં**[3] - અગિયાર પ્રકારની શ્રાવકની પડિમા પ્રતિજ્ઞા સંબંધી લાગેલા દોષોથી,

---

**1. બ્રહ્મચર્યની નવ ગુપ્તિ :** (1) પહેલી વાડે - સ્ત્રી, પશુ અને નપુંસક રહિત સ્થાનક સેવવું, અને સેવે તો ઉંદર-બિલાડીનું દૃષ્ટાંત, (2) બીજી વાડે - સ્ત્રી-પુરુષની વિષયરૂપ વિકથા કરવી નહીં, કરે તો લીંબુ ને દાઢનું દેષ્ટાંત , (3) ત્રીજી વાડે - સ્ત્રી-પુરુષના આસન પર અંતર્મુહૂર્ત વીત્યા સિવાય બેસવું નહિ, બેસે તો કોળું ને કણકનું દૃષ્ટાંત, (4) ચોથી વાડે - સ્ત્રી-પુરુષનાં અંગોપાંગ વિષયબુદ્ધિથી નીરખવાં નહીં, નીરખે તો સૂર્ય ને નેત્રનું દૃષ્ટાંત, (5) પાંચમી વાડે - (કુડયાંતરે) ભીત ખપેડાને આંતરે ગૃહસ્થ વસતા હોય ત્યાં બ્રહ્મચારીએ વસવું નહીં, વસે તો લાખ, અગ્નિ અને મીણનું દેષ્ટાંત, (6) છ ઠ્ઠી વાડે - પૂર્વે ભોગવેલા કામભોગ સંભારવા નહીં, સંભારે તો મુસાફરને (સાપના વલોણાંના) છાશનું દૃષ્ટાંત, (7)સાતમી વાડે-પ્રતિદિન અતિશય સરસ આહાર કરવો નહીં, કરે તો સન્નિપાતવાળાને દૂધ સાકરનું દૃષ્ટાંત, (8)આઠમી વાડે-અતિશય ચાંપીને આહાર કરવો નહીં, કરે તો શેરની તોલડી અને બશેરનું દૃષ્ટાંત, (9)નવમી વાડે-શરીર ઉપર શોભા-શણગાર કરવા નહીં, કરે તો રાંકના હાથમાં રત્નનું દૃષ્ટાંત.

**2. દસવિધ શ્રમણધર્મ :** (1) ક્ષમા, (2) નિર્લોભતા, (3) આર્જવ – સરળતા, (4) માર્દવ-નિરાભિમાનપણું, (5) લઘુતા, (6) સત્ય, (7) સંયમ, (8) તપ, (9) ત્યાગ અને (10) બ્રહ્મચર્ય.

**3. શ્રાવકની 11 પડિમા :** (1) દર્શન પડિમા - 1 માસ પર્યંત નિર્મળ સમકિત પાળે, શંકા, કંખા આદિ અતિચાર સેવે નહીં; (2) વ્રત પડિમા - બે માસ પર્યંત સમકિત સહિત વ્રત પ્રત્યાખ્યાન નિરતિચાર પાળે; (3) સામાયિક પડિમા - ત્રણ માસ પર્યંત સમકિત અને વ્રતો સહિત પ્રાતઃ અને સંધ્યા એમ પ્રતિદિન બે સામાયિક નિરતિચાર કરે; (4) પૌષધપડિમા - ચાર માસ પર્યંત પૂર્વોક્ત ત્રણે બોલના આરાધન સહિત, અઢાર દોષ રહિત દર માસે છ પૌષધ કરે ; (5) નિયમ પડિમા -પાંચ માસ સુધી ઉપરના ચારે બોલ

પાળવા ઉપરાંત પાંચ પ્રકારના નિયમ પાળે 1. સ્નાન કરે નહીં, 2. રાત્રિભોજન કરે નહીં 3. ધોતિયાની કાછડી વાળે નહીં, 4. દિવસે બ્રહ્મચર્ય પાળે, 5. રાત્રે બ્રહ્મચર્યનું પરિમાણ કરવું; (6) બ્રહ્મચર્ય પડિમા-છ મહિના સુધી ઉપરના બોલની પાલના ઉપરાંત દિવસે અને રાત્રે નિરતિચાર બ્રહ્મચર્ય પાળે; (7) સચિત્ત પરિત્યાગ પડિમા-સાત મહિના સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત સચિત્ત આહારનો ત્યાગ કરે; (8) અણારંભ પડિમા-આઠ મહિના સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત છકાયનો સ્વયં આરંભ કરે નહીં; (9) પેષારંભ વિવજ્જણ પડિમા-નવ માસ સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત અન્ય પાસે આરંભ કરાવે નહીં, (10) ઉદ્દિષ્ટ ભક્ત પડિમા-દસ માસ સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત પોતાને ઉદ્દેશીને થયેલા આહારાદિ ગ્રહણ કરે નહીં; (11) સમણભૂય પડિમા-અગિયાર માસ સુધી ઉપરના બોલ પાળવા, ઉપરાંત મસ્તક, દાઢી, મૂછનો લોચ કરે, શિખા (ચોટલી) રાખે, સાધુ જેવો વેશ રાખે, રજોહરણની દાંડી ઉપર કપડું ન રાખે, સ્વજાતિમાંથી નિર્દોષ ગોચરી કરે.

**1. બાર પ્રકારની ભિક્ષુની પડિમા :** (1) પહેલી એક માસની તે એક માસ સુધી આહાર - પાણીની એક એક દત્તિ (અખંડિત ધાર) ગ્રહણ કરે, (2) બીજી બે માસની તેમાં આહાર - પાણીની બે દત્તિ ગ્રહણ કરે, એમ અનુક્રમે એક એક દત્તિ વધારતા સાતમી પડિમા સાત માસની તેમાં સાત સાત દત્તિ આહાર પાણી ગ્રહણ કરે. આઠમી પડિમા સાત અહોરાત્રિની - તેમાં એકાંતર ચોવિહારા ઉપવાસ કરે, ગામની બહાર કાઉસ્સગ્ગ કરે, ઉત્તાનાદિ આસને રહી ઉપસર્ગ સહન કરે, નવમી પડિમા સાત અહોરાત્રિની. તેમાં ઉત્કટ આસને અથવા દંડાસને રહે, ચોવિહારા ઉપવાસ કરે, ગામ બહાર કાઉસ્સગ્ગ કરી ઉપસર્ગ સહન કરે, દસમી પડિમા 7 અહોરાત્રિની, પૂર્વોક્ત ક્રિયા સહિત વીરાસનાદિ આસને રહે, અગિયારમી પડિમા એક અહોરાત્રિની, તેમાં ચૌવિહારો છઠ્ઠ કરે; બીજે દિવસે ગામ બહાર એક અહોરાત્રિનો કાઉસ્સગ્ગ કરે, બારમી પડિમા એક રાત્રિની, તેમાં અઠ્ઠમ ચોવિહારો કરે, સ્મશાનભૂમિમાં એક પુદ્ગલ ઉપર સ્થિર દૃષ્ટિ રાખી એક રાત્રિનો કાઉસ્સગ્ગ કરે, આઠમીથી બારમી પ્રતિમા સુધી દેવ, મનુષ્ય અને તિર્યંચના ઉપસર્ગો સહન કરે.

**તેરસહિં કિરિયા ઠાણેહિં**[1] - તેર ક્રિયાનાં સ્થાનોથી અર્થાત્ ક્રિયાઓ કરવાથી

**ચઉદ્દસહિં ભૂયગામેહિં**[2] - ચૌદ જીવોના ભૂતગ્રામ એટલે પ્રાણીના સમુદાયની હિંસાથી નિવર્તું છું.

**પન્નરસહિં પરમાહમ્મિએહિં**[3] - પંદર પરમાધામીઓથી અર્થાત્ તેના જેવા ભાવ યા આચરણ કરવાથી

---

**1. ક્રિયાના તેર સ્થાનક :** (1) અર્થદંડ (પોતાના પ્રયોજન માટે), (2) અનર્થદંડ (કારણ વિના ક્રિયા કરે) (3) હિંસા કરવાનો સંકલ્પ કરી હિંસા કરે, (4) અકસ્માત ક્રિયા- તે જેમ કોઈ હરણને તીર મારવા જતાં માણસને વાગે અને તેનો જીવ જાય, (5) દૃષ્ટિ વિપર્યાસ દંડ-પત્થર સમજીને તેતર ચકલી આદિની હિંસા થવી તે, (6) મુસાવાઇ ક્રિયા-તે જૂઠ બોલવાથી લાગે, (7) અદત્તાદાન ક્રિયા તે ચોરી કરવાથી લાગે, (8) અધ્યાત્મ પ્રત્યયિક ક્રિયા-આર્ત રૌદ્ર ધ્યાન ધરવું, (9) માણવત્તિયા ક્રિયા- તે અહંકાર કરવાથી લાગે, (10) મિત્ર દ્વેષ ક્રિયા, માતા-પિતા, પુત્ર, સેવક, મિત્ર આદિને ઉપર દ્વેષ રાખે અથવા તેને થોડે અપરાધે ઘણો દંડ કરે તે, (11) માયાવત્તિયા કપટ કરવું તે, (12) લોભવત્તિયા-લોભ કરવો તે અને (13) ઈરિયાવહિયા ક્રિયા અકષાયી મુનિ તથા કેવળીને યોગોના પ્રવર્તનથી લાગતી ક્રિયા.

**2. જીવના ચૌદ ભેદ :** (1) સૂક્ષ્મ એકેન્દ્રિયના અપર્યાપ્તા, (2) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તા, (3) બાદર એકેન્દ્રિયના અપર્યાપ્તા, (4) બાદર એકેન્દ્રિયના પર્યાપ્તા, (5-6) બેઇન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા, (7-8) તેઈન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા (9-10) ચૌરેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા (11-12) અસંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા-પર્યાપ્તા, (13-14) સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા-પર્યાપ્તા એ જીવના ચૌદ ભેદ.

**3. ભવનપતિની જાતિમાં આવા પરમ અધર્મી દેવો 15 પ્રકારના હોય છે, તેઓ નારકી જીવોને મહાદુ:ખો આપવામાં જ આનંદ માને છે; તેના નામ -** અંબ, અંબરીષ, શ્યામ, શબલ, રૌદ્ર, મહારૌદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુષ, કુંભ, વાલુ, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ.

**સોલસહિં ગાહાસોલસએહિં** - શ્રી સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના 'ગાથા' નામક અધ્યયન સહિત 16 અધ્યયનોથી અર્થાત્ તદનુસાર આચરણ ન કરવાથી

**સત્તરસવિહે[1] અસંજમે** - સત્તર પ્રકારના અસંયમમાં રહેવાથી

**અટ્ઠારસવિહે અબંભે[2]** - અઢાર પ્રકારના અબ્રહ્મચર્યમાં વર્તવાથી

**એગુણવીસાએ નાયજ્ઝયણેહિં[3]** - શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રનાં 19 અધ્યયનોથી અર્થાત્ તદનુસાર સંયમમાં ન રહેવાથી

---

**1. સત્તર પ્રકારનો અસંયમ :** (1) પૃથ્વી, (2) પાણી (3) અગ્નિ (4) વાયુ (5) વનસ્પતિ (6) બેઇન્દ્રિય (7) તેઈન્દ્રિય (8) ચૌરેંન્દ્રિય (9) પંચેન્દ્રિય, એ નવને હણવા તે અસંયમ, (10) અજીવ અસંયમ તે અજતનાથી વસ્તુ વાપરે અગર ઉપકરણાદિનો નાશ કરે, (11) પેહા- જોયા વિના જમીન પર બેસે, (12) ઉપેહા- એટલે સંયમને વિશે બેદરકારી, (13) અપમજ્જણા- પાત્રાદિકને બરાબર પોંજે નહિ, (14) પારિઠાવણિયા- મળ મૂત્રાદિ અશુચિને અવિધિએ પરઠે, (15) મન અસંયમ, (16) વચન અસંયમ અને (17) કાયા અસંયમ.

**2. અઢાર પ્રકારનાં અબ્રહ્મચર્ય:** ઔદારિક (મનુષ્ય, તિર્યંચ) સાથે વિષય સેવવો, સેવરાવવો અને અનુમોદવો એ ત્રણ; મને કરી, 2 વચને કરી અને 3 કાયાએ કરી એમ નવ અને તેવી જ રીતે વૈક્રિય શરીર (દેવ-દેવી) સંબંધી નવ પ્રકાર (3 કરણ **X** 3 યોગ) એટલે કુલ 18 પ્રકારનું અબ્રહ્મચર્ય.

**3. શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રનાં 19 અધ્યયન:** (1) ઉત્ક્ષિપ્ત (મેઘકુમાર) (2) ધન્ય સાર્થવાહ વિજય ચોર (3) મોરના ઈંડાનું (4) કાચબાનું (5) થાવચ્ચાપુત્ર- શૈલક રાજર્ષિનું (6) તુંબડીનું (7) રોહિણીનું (8) મલ્લિનાથનું (9) જિનરક્ષિત-જિનપાલનું (10) ચંદ્રનું (11) દાવાનલ (દવદવ વૃક્ષ) (12) સુબુદ્ધિ પ્રધાન-ખાઈના પાણીનું (13) નંદ મણિયારનું (14) તેતલીપુત્રનું (15) નંદીફળ (સમુદ્રના વૃક્ષનું) (16) અમરકંકા-દ્રૌપદીનું (17) આકીર્ણ અશ્વનું (18) સુંસુમાદારિકાનું (19) પુંડરીક-કંડરીકનું આ રીતે 19 અધ્યયન છે.

**વીસાએ અસમાહિ[1] ઠાણેહિં** - વીસ અસમાધિનાં સ્થાનોથી

**ઇક્કવીસાએ સબલેહિં** - એકવીસ પ્રકારના સબળા[2] દોષોથી

**બાવીસાએ પરિસહેહિં** - બાવીસ[3] પરિષહોથી અર્થાત્ તેને સહન ન કરવાથી

---

**1. વીસ અસમાધિનાં સ્થાન :** (1) ઉતાવળે ચાલે, (2) વગર પોંજયે ચાલે, (3) જેમ-તેમ પોંજીને ચાલે, (4) વધારે પાટ-પાટલા ભોગવે, (5) ગુરુ સામું બોલે, (6) સાધુની ઘાત ચિંતવે, (7) પ્રાણીની ઘાત ચિંતવે, (8) વારંવાર ક્રોધ કરે, (9) પારકું વાંકું બોલે, (10) નિશ્ચયકારી ભાષા બોલે, (11) ક્લેશ કરે, (12) ઉપશાંત ક્લેશની ઉદિરણા કરે, (13) અકાળે સ્વાધ્યાય કરે, (14) બહારથી આવ્યા પછી હાથ-પગ પોંજ્યા વગર બેસે, (15) પ્રહર રાત્રિ ગયા પછી ઊંચે સાદે બોલે, (16) માંહોમાંહે કજિયા કરે, (17) ગચ્છ ભેદ કરે - તડ પડાવે, (18) પોતે તપે-બીજાને તપાવે, (19) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખા ખા કરે અને (20) અનૈષણિક આહાર આદિનું સેવન કરે.

**2. એકવીસ પ્રકારના સબળ દોષ :** (1) હસ્તકર્મ કરે તો સબળો દોષ લાગે, (2) મૈથુન સેવે તો, (3) રાત્રિભોજન કરે તો, (4) દોષ સહિત લીધેલો આહાર જમે તો, (5) રાજપિંડ ભોગવે તો, (6) સાધુ નિમિત્તે ખરીદેલો, ઉધાર લીધેલો, આંચકીને લીધેલો, ધણીની રજા વિના લીધેલો, સન્મુખ લાવી દીધેલો, એ પાંચ દોષયુક્ત આહારાદિ ભોગવે તો, (7) વારંવાર પચ્ચક્ખાણ લઈને ભાંગે તો, (8) વગર પ્રયોજને છ માસની અંદર સંપ્રદાય બદલે તો, (9) એક મહિનામાં ત્રણ વાર નદી ઊતરે તો, (10) એક મહિનામાં ત્રણ માયાનાં સ્થાન સેવે તો, (11) મકાનમાં ઊતરવાની આજ્ઞા આપનારના ઘરનો આહાર ભોગવે તો, (12) જાણી જોઈને હિંસા કરે, (13) જાણી જોઈને અસત્ય બોલે, (14) જાણી જોઈને ચોરી કરે, (15) સચેત પૃથ્વી પર બેસે, (16) પાણીથી ભીંજાયેલી જમીન પર બેસવું, (17) સચેત કે જીવજંતુવાળી જમીન કે પાટ-પાટલા પર બેસે, (18) મૂળ, કંદ સ્કંધ, શાખા, પ્રતિશાખા, ત્વચા, પ્રવાલ, પાંદડાં, ફૂલ, ફળ અને બીજ એ દસ પ્રકારની કાચી વનસ્પતિ ભોગવે, (19) એક વર્ષમાં દસ વખત નદી ઊતરે, (20) એક વર્ષમાં દસ વખત માયાનાં સ્થાન સેવે, (21) સચેત વસ્તુએ કરી હાથ કે વાસણ ખરડાયેલ હોય તેવા પાસેથી આહાર લે એમ એકવીસ પ્રકારે સબળા દોષ લાગે.

**3. બાવીસ પરિષહ:** (1) ભૂખનો, (2) તરસનો, (3) ટાઢનો, (4) તડકાનો, (5) ડાંસ મચ્છરનો, (5) અચેલનો (જોઈતાં વસ્ત્ર નહીં મળવાના), (7) અરતિનો, (8) સ્ત્રીનો (9) ચર્યા (ચાલવા)નો, (10) બેસવાનો, (11) સેજ્જા(સ્થાનક)નો, (12) આક્રોશ વચનનો, (13) વધ (માર)નો, (14) યાચનાનો, (15) અલાભનો, (16) રોગનો, (17) તૃણ- સ્પર્શનો (18) મેલનો, (19) સત્કાર-પુરસ્કારનો, (20) પ્રજ્ઞાનો, (21) અજ્ઞાનનો અને (22) દર્શનનો.

| | | |
|---|---|---|
| **તેવીસાએ સૂયગડજ્ઝયણેહિં** | - | શ્રી સૂયગડાંગ સૂત્રના (પહેલા અને બીજા શ્રુતસ્કંધ) 23 અધ્યયનોથી અર્થાત્ તદનુસાર આચરણ ન કરવાથી |
| **ચઉવીસાએ દેવેહિં** | - | ચોવીસ જાતના દેવોથી[1] અર્થાત્ તેની અવહેલના કરવાથી |
| **પણવીસાએ ભાવણાહિં**[2] | - | પાંચ મહાવ્રતોની 25 ભાવનાઓથી અર્થાત્ તેનું આચરણ ન કરવાથી |
| **છવ્વીસાએ દસા કપ્પ** | - | શ્રી દશાશ્રુતસ્કંધના 10, બૃહત્કલ્પનાં 6, |
| **વવહારાણં ઉદ્દેસણ કાલેહિં** | - | વ્યવહાર સૂત્રના 10 ઉદેશો એમ-કુલ-26 ઉદ્દેશોના કાળથી અર્થાત્ તદનુકૂળ આચરણ ન કરવાથી |

---

**1. ચોવીસ દેવો -** 10 ભવનપતિ, 8 વ્યંતર, 5 જયોતિષી અને 1 વૈમાનિક, એમ કુલ 24 જાતના દેવતા તેમજ ચોવીસ તીર્થંકર દેવો.

**2. પચ્ચીસ પ્રકારની ભાવના -** પાંચ મહાવ્રત, દરેક મહાવ્રતની પાંચ-પાંચ ભાવના આ પ્રમાણે છે: **પહેલા મહાવ્રતની પાંચ ભાવના –** (1) ઇરિયા ભાવના, (2) મન ભાવના, (3) વચન ભાવના, (4) એષણા ભાવના, (5) આયાણ ભંડમત્ત નિક્ખેવણિયા ભાવના. **બીજા મહાવ્રતની પાંચ ભાવના –** (1) વગર વિચારે બોલવું નહીં, (2) ક્રોધથી જૂઠ બોલવું નહીં, (3) લોભથી જૂઠ બોલવું નહીં, (4) ભયથી જૂઠ બોલવું નહીં, (5) હાસ્યથી જૂઠ બોલવું નહીં. **ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના –** (1) 18 પ્રકારના સ્થાન, અણયાચ્યા લેવા નહીં, (2) અણયાચી વસ્તુ લેવી નહીં, (3) સ્થાનક સમું કરવું નહીં, (4) સ્વધર્મીનો સંવિભાગ કરવો, (5) વૃદ્ધ, બાલ, ગ્લાન, રોગી, નવદીક્ષિત, આચાર્ય આદિનો વિનય વૈયાવચ્ચ કરવો. **ચોથા મહાવ્રતની પાંચ ભાવના –** (1) સ્ત્રી (પુરુષ), પશુ, પંડક રહિત સ્થાનક સેવવું, (2) સ્ત્રીની કથાવાર્તા કરવી નહીં, (3) સ્ત્રીના અંગોપાંગ નિરખવા નહીં, (4) પૂર્વે ભોગવેલા કામભોગ સંભારવા નહીં, (5) દિન-દિન પ્રત્યે સરસ આહાર કરવો નહીં. **પાંચમા મહાવ્રતની પાંચ ભાવના -** (1) શ્રોતેન્દ્રિયનો નિગ્રહ કરવો, (2) ચક્ષુઈન્દ્રિયનો નિગ્રહ કરવો, (3) ઘ્રાણેન્દ્રિયનો નિગ્રહ કરવો, (4) રસનેન્દ્રિયનો નિગ્રહ કરવો, (5) સ્પર્શેન્દ્રિયનો નિગ્રહ કરવો, એમ કુલ 25 ભાવના.

| | | |
|---|---|---|
| **સત્તાવીસાએ અણગાર ગુણેહિં[1]** | - | સત્તાવીસ સાધુજીના ગુણોથી અર્થાત્ પૂર્ણત: ધારણ ન કરવાથી |
| **અઠ્ઠાવીસાએ આયારપ્પકપ્પેહિં** | - | અઠ્ઠાવીસ આચાર પ્રકલ્પ-શ્રી આચારાંગ સૂત્ર તથા શ્રી નિશીથ સૂત્રનાં 28 અધ્યયનોથી અર્થાત્ તદનુસાર આચરણ ન કરવાથી |
| **એગૂણતીસાએ પાવસુયપ્પસંગેહિં** | - | ઓગણત્રીસ[2] પાપશ્રુતોના પ્રસંગોથી અર્થાત્ મંત્ર આદિ પાપશ્રુતનો પ્રયોગ કરવાથી |

**1. સાધુના 27 ગુણો :** 5 મહાવ્રતોનું પાલન, 5 ઇન્દ્રિયોનો નિગ્રહ, 4 કષાયનો ત્યાગ એ ચૌદ, 15 ભાવસત્ય, 16 કરણસત્ય, 17 જોગ સત્ય, 18 ક્ષમા, 19 વૈરાગ્ય, 20 મનોગુપ્તિ, 21 વચનગુપ્તિ, 22 કાયગુપ્તિ, 23 જ્ઞાન સંપન્નતા, 24 દર્શન સંપન્નતા, 25 ચારિત્ર સંપન્નતા, 26 પરિષહ સહન, 27 મરણથી ડરે નહિ. (આ ગુણો જુદી-જુદી રીતે અનેક શાસ્ત્રોમાં છે.)

**2. પાપશ્રુતના 29 ભેદ :** (1) ઉત્પાદ-રુધિર આદિ વરસે તેનાં શુભાશુભ ફળ બતાવનાર નિમિત્ત શાસ્ત્ર. (2) ભૌમ- ધરતીકંપનાં ફળ બતાવનાર. (3) સ્વપ્ન શાસ્ત્ર-સ્વપ્નનું ફળ બતાવનાર. (4) અંતરિક્ષ-આકાશમાં થનારા ગ્રહયુદ્ધ આદિનું વર્ણન બતાવનાર. (5) અંગશાસ્ત્ર-શરીરની સ્ફુરણા સંબંધીનું ફળ. (6) સ્વરશાસ્ત્ર-ચંદ્ર અને સૂર્ય સ્વર આદિનું ફળ. (7) વ્યંજન શાસ્ત્ર-તલ-મસા આદિનું ફળ. (8) લક્ષણશાસ્ત્ર-સ્ત્રી અને પુરુષોનાં લક્ષણોનું ફળ (માન-ઉન્માન-પ્રમાણ આદિ) આ પાઠ, વૃત્તિ, વાર્તિક, એમ દરેકના ત્રણ-ત્રણ ભેદ ગણતાં 24 થયા. (25) ગંધર્વ (26) નાટક (27) મંત્ર-તંત્ર સંબંધી (28) વશીકરણાદિ યોગ સંબંધી (29) અન્ય તીર્થિકોનું હિંસા પ્રધાન આચાર શાસ્ત્ર.

**તીસાએ મહામોહણીયઠાણેહિં[1]** - ત્રીસ મહામોહનીય કર્મોના સ્થાનોથી

**એગતીસાએ સિદ્ધાઇગુણેહિં[2]** - સિદ્ધ ભગવંતના એકત્રીસ ગુણોથી અર્થાત્ તેને યોગ્ય શ્રદ્ધા તથા પ્રરૂપણા ન કરવાથી

---

**1. ત્રીસ મહામોહનીયનાં સ્થાનક :** (1) ત્રસ જીવને પાણીમાં ડુબાડીને મારે. (2) લીલા ચામડાથી માથું બાંધીને મારવું. (3) મોઢે ડૂચો દઈ શ્વાસ વગેરે રોકીને મારવાં. (4) અગ્નિ, ધુમાડા વગેરેના પ્રયોગથી મારવાં. (5) મસ્તક પર ખડગ આદિનો પ્રહાર કરી મારવાં. (6) કપટ કરી અથવા મંત્રેલા ફળથી મારવાં. (7) ગુપ્ત પાપાચરણ કરી માયાચારથી છુપાવે અથવા સૂત્ર-અર્થને છુપાવે. (8) પોતે કરેલા ઋષિઘાતાદિ પાપનો બીજા પર આરોપ મૂકવો. (9) સત્ય જાણવા છતાં સભામાં મિશ્રભાષા બોલવી. (10) રાજાની આમદાની રોકી રાજ્યને પોતાના કબજામાં લેવું. (11) પોતે કુંવારો ન હોવા છતાં કુંવારો છું એમ કહેવું. (12) બ્રહ્મચારી નહિ હોવા છતાં બ્રહ્મચારી કહેવરાવવું. (13) જેના આશ્રયે પોતાની ઉન્નત્તિ થઈ હોય તે જ માણસનાં મૂળ કાઢવાં. (14) જે માણસના સમુદાયથી ઉચ્ચ અધિકાર મળ્યો હોય તેનું જ અનિષ્ટ કરવું. (15) પોતાના રક્ષકનો વિનાશ કરવો. (16) દેશના રાજાનો ઘાત ચિંતવવો અથવા ઘાત કરવો. (17) અનેક દેશના સ્વામી રાજા અથવા ધર્માત્માનો ઘાત કરવો. (18) દીક્ષા લેવા તૈયાર થયેલા પુરુષના પરિણામને પાછા હઠાવી દેવા. (19) વીતરાગના અવર્ણવાદ કરવા. (20) મોક્ષમાર્ગનો અપકાર અથવા અવર્ણવાદ કરવો. (21) આચાર્ય, ઉપાધ્યાય આદિથી સૂત્ર-વિનય આદિ શીખ્યા હોય તેની નિંદા કરવી. (22) આચાર્ય-ઉપાધ્યાય આદિની યથાશક્તિ વૈયાવચ્ચ ન કરવી. (23) બહુશ્રુત નહીં હોવા છતાં પોતે બહુશ્રુત છે એમ કહેવું. (24) તપસ્વી નહીં હોવા છતાં તપસ્વી છું એમ કહેવું. (25) ગ્લાન આદિની યશાશક્તિ વૈયાવચ્ચ ન કરવી. (26) હિંસાનો ઉપદેશ આપવો અથવા સંઘમાં, છેદ-ભેદ પાડવો. (27) પોતાની બડાઈ માટે વારંવાર વશીકરણ આદિ અધાર્મિક પ્રયોગ કરવો. (28) આ લોક અથવા પરલોક સંબંધી કામભોગની તીવ્ર લાલસા કરવી. (29) ઋદ્ધિ યુક્ત દેવોના અવર્ણવાદ બોલવા. (30) દેવતાને નહીં જોવા છતાં હું જોઉં છું તેમ કહેવું.

**2. શ્રી સિદ્ધ ભગવંતના** 31 **ગુણો :** 5 જ્ઞાનાવરણીય, 9 દર્શનાવરણીય, 2 વેદનીય, 2 મોહનીય, 4 આયુ, 2 નામ, 2 ગોત્ર અને 5 અંતરાયકર્મની પ્રકૃતિ. એ કુલ 31 પ્રકૃતિના ક્ષયરૂપ એકત્રીસ ગુણો.

**બત્તીસાએ જોગ સંગહેહિં**[1] - બત્રીસ યોગ સંગ્રહોથી અર્થાત્ તેનું આચરણ ન કરવાથી

**તેત્તીસાએ આસાયણાહિં**[2] - તેત્રીસ અશાતનાઓથી

(જે કોઈ અતિચાર લાગેલા હોય તેનું પ્રતિક્રમણ કરું છું - તેનું મિચ્છામિ દુક્કડં આપું છું. કઈ 33 અશાતનાઓથી ?)

---

**1. બત્રીસ યોગસંગ્રહ :** (1) ગુરુ પાસે જઈ પાપની આલોચના કરવી. (2) બીજાના પાસે શિષ્યોની આલોચના જાહેર કરવી નહીં. (3) આપત્તિકાળે પણ ધર્મમાં દૃઢ રહેવું. (4) ફળની વાંછા રહિત તપ કરવું. (5) શિક્ષા મળી છે તે પ્રમાણે વર્તવું અને ગ્રહણ કરતા જવું. (6) શરીર સંસ્કારનો પરિત્યાગ. (7) ગુપ્ત તપ કરવું. (8) નિર્લોભપણું રાખવું. (9). પરિષહ જીતવો. (10)સરળ ચિત્ત રાખવું. (11) શુદ્ધ સંયમ પાળવો. (12) સમકિત શુદ્ધ રાખવું. (13) ચિત્તની સમાધિ રાખવી. (14) કપટરહિત આચાર પાળવો. (15) વિનય બરાબર કરવો. (16) સંતોષ રાખવો. (17) વૈરાગ્યભાવ રાખવો. (18) કપટરહિતપણું, (19) શુદ્ધ કરણી. (20) સંવર. (21) પોતાના દોષ ટાળવા. (22) વિષયોથી વિરમવું. (23) મૂળગુણ પચ્ચક્ખાણ (પાંચ મહાવ્રતોનું પાલન) (24) ઉત્તરગુણ પચ્ચક્ખાણ (દ્રવ્યથી ઉપધિ ત્યાગ, ભાવથી ગુર્વાદિકનો ત્યાગ કરવો). (25) ભાવ સહિત કાઉસ્સગ્ગ કરે, (26) પ્રમાદ રહિત વર્તે, (27) હંમેશાં ચારિત્રને વિશે સાવધાન રહે. (28) ધ્યાન ધરે, (સંવર યોગ કરે). (29) મરણાંત દુ:ખ પડ્યે ભય ન પામે, (30) સ્ત્રી આદિના સંગને છાંડે (સ્વજનાદિકનો ત્યાગ કરે). (31) પ્રાયશ્ચિત્ત લે (વિશુદ્ધ કરે). (32) મરણકાળે આરાધના કરે (આરાધક પંડિત મરણ થાય તેમ આરાધના કરે).

**2. તેત્રીસ પ્રકારની અશાતના :** (1) શિષ્ય ગુરુની આગળ આગળ ચાલે તે અવિનય. (2) ગુરુની જોડાજોડ (બરાબર) ચાલે. (3) ગુરુને અડીને ચાલે. (4) ગુરુને પીઠ દઈને ઊભા રહે. (5) ગુરુની જોડાજોડ ઊભો રહે. (6) ગુરુની પીઠ અડીને ઊભા રહે. (7) ગુરુની આગળ બેસે. (8) ગુરુની જોડાજોડ બેસે. (9) ગુરુને અડીને બેસે. (10) ગુરુ પહેલાં આગમન લે. (11) ઉપાશ્રયમાં આવ્યા પછી ગુરુ પહેલાં ઇરિયાવહી પડિક્કમે. (12) કોઈ માણસ ગુરુ સાથે બોલવા ચાહે છે, તે અગાઉ પોતે તે માણસ સાથે વાત કરવા માંડી જાય. (13) પોતે સૂતો હોય ને જાગતો પણ હોય, છતાં ગુરુ સાદ કરે તો બોલે નહિ. (14) પોતે આહાર-પાણી લાવ્યો તે પહેલાં ગુરુને દેખાડ્યા વિના બીજાને

| | | |
|---|---|---|
| **અરિહંતાણં આસાયણાએ** | - | અરિહંતોની અશાતનાથી |
| **સિદ્ધાણં આસાયણાએ** | - | સિદ્ધોની અશાતનાથી |
| **આયરિયાણં આસાયણાએ** | - | આચાર્યોની અશાતનાથી |
| **ઉવજ્ઝાયાણં આસાયણાએ** | - | ઉપાધ્યાયોની અશાતનાથી |
| **સાહૂણં આસાયણાએ** | - | સાધુઓની અશાતનાથી |
| **સાહૂણીણં આસાયણાએ** | - | સાધ્વીઓની અશાતનાથી |
| **સાવયાણં આસાયણાએ** | - | શ્રાવકોની અશાતનાથી |
| **સાવિયાણં આસાયણાએ** | - | શ્રાવિકાઓની અશાતનાથી |
| **દેવાણં આસાયણાએ** | - | દેવોની અશાતનાથી |
| **દેવીણં આસાયણાએ** | - | દેવીઓની અશાતનાથી |

દેખાડે. (15) પોતે આહાર-પાણી લાવ્યો તે પહેલાં પોતાના શિષ્યને દેખાડે ને પછી પોતાના ગુરુને દેખાડે. (16) પોતે જે આહાર-પાણી લાવ્યો છે, તે પહેલાં પોતાના શિષ્યને દઈને પછી ગુરુને દે. (17) પોતાનો શિષ્ય આહાર- પાણી લાવ્યો છે તે ગુરુને પૂછ્યા વિના બીજાને આપે. (18) ગુરુ આદિ સાથે આહાર કરવા બેઠો, તે પોતે ઉતાવળો-ઉતાવળો સારું-સારું ખાઈ જાય. (19) ગુરુ બોલાવે ને બોલે નહીં. (20) ગુરુએ બોલાવ્યા છતાં બેઠો-બેઠો હોંકારો કરે, પણ આવીને જવાબ દે નહીં. (21) ગુરુ બોલાવે ત્યારે તહત્ત નહીં કહેતાં જોરથી બોલે કે શું કહો છો ? (22) ગુરુ કામ બતાવે તો ઉલટું કહે કે તમે કરો. (23) ગુરુને આકરા વચને બોલે. (24) ગુરુને તિરસ્કારે બોલાવી વચન ન માને. (25) ગુરુ કથા કહેતા હોય તેમાં આડું બોલે કે આમ કહો. (26) ગુરુ કથા કહેતા હોય તેમાં કહે કે તમે શું ભૂલી ગયા કે ? (27) ગુરુ ધર્મકથા કહેતા હોય તેમાં રાજી ન રહે. (28) ગુરુની ધર્મકથામાં ભેદ પાડે. (29) ગુરુ ધર્મકથા કહેતા હોય તેમાં ગોચરીનો સમય થઈ ગયો છે, તેમ બોલવું. (30) બેઠેલી સભામાં ગુરુજીએ કહેલી કથા બીજી વખત સુંદર રૂપથી કહે. (31) ગુરુની પથારીને પગથી સ્પર્શ કરવો. (32) ગુરુની પથારી વગેરે પર બેસે. (33) ગુરુથી ઊંચે આસને બેસે. એ તેત્રીસ પ્રકારથી ગુરુનો અવિનય થાય માટે તેમ કરવું નહીં.

| | |
|---|---|
| **ઇહલોગસ્સ આસાયણાએ** | - આ લોકની અશાતનાથી |
| **પરલોગસ્સ આસાયણાએ**[1] | - પરલોકની અશાતનાથી |
| **કેવલી પન્નત્તસ્સ** | - કેવળી - સર્વજ્ઞ દ્વારા પ્રરૂપિત |
| **ધમ્મસ્સ આસાયણાએ** | - ધર્મની અશાતનાથી |
| **સદેવ મણુય આસુરસ્સ લોગસ્સ આસાયણાએ** | - દેવ મનુષ્ય, અસુર સહિત સમગ્ર લોકની અશાતનાથી |
| **સવ્વ પાણ ભૂય જીવ સત્તાણં આસાયણાએ** | - બધાં પ્રાણી ( વિકલેન્દ્રિય) ભૂત (વનસ્પતિ) જીવ (પંચેન્દ્રિય) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ) એ જીવોને જીવ નથી એમ માનવારૂપ અશાતનાથી |
| **કાલસ્સ આસાયણાએ** | - ત્રણે કાળની (ભૂત, વર્તમાન, ભવિષ્ય) અશાતનાથી |
| **સુયસ્સ આસાયણાએ** | - શ્રુતની અશાતનાથી |
| **સુયદેવયાએ આસાયણાએ** | - શ્રુતદેવતા - ગણધરની અશાતનાથી |
| **વાયણારિયસ્સ આસાયણાએ** | - વાચનાચાર્યની (વાંચણી આપનાર) અશાતનાથી (જે દોષ લાગ્યા હોય) |
| **જં** | - અને જે (આગમ ભણતાં થકાં) |
| **વાઇદ્ધં** | - સૂત્રો આઘા-પાછાં ભણાયાં હોય |
| **વચ્ચામેલિયં** | - ધ્યાન વિના સૂત્રો ભણાયાં હોય |
| **હીણક્ખરં** | - અક્ષરો ઓછાં ભણાયાં હોય. |
| **અચ્ચક્ખરં** | - અક્ષરો અધિક ભણાયાં હોય |

1. અહીં 'કેવલીણં આસાયણાએ' આવો પાઠ જૂની પ્રતોમાં નથી. વળી આ પદોને અશાતનાના 33 બોલ તરીકે ગણાવેલ છે, અને ઉપરોક્ત પદ સહિત 34 થઈ જાય છે.

| | |
|---|---|
| **પયહીણં** | - પદ ઓછું ભણાયું હોય |
| **વિણયહીણં** | - વિનય રહિત ભણાયું હોય |
| **જોગહીણં** | - મન-વચન-કાયાના અસ્થિર યોગે ભણાયું હોય |
| **ઘોસહીણં** | - શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય |
| **સુટ્ઠુદિન્નં** | - શિષ્યમાં જ્ઞાન ગ્રહણ કરવાની જેટલી શક્તિ હોય, તેનાથી વધારે ભણાવેલ હોય |
| **દુટ્ઠુ પડિચ્છિયં** | - સૂત્રજ્ઞાનને દુષ્ટ ભાવથી ગ્રહણ કરેલ હોય-ભણેલ હોય |
| **અકાલે કઓ સજ્ઝાઓ** | - અકાળે સ્વાધ્યાય કર્યો હોય |
| **કાલે ન કઓ સજ્ઝાઓ** | - સ્વાધ્યાયના કાળે સ્વાધ્યાય ન કર્યો હોય |
| **અસજ્ઝાઇએ સજ્ઝાયં** | - સ્વાધ્યાય ન કરવા યોગ્ય સ્થળે સ્વાધ્યાય કર્યો હોય |
| **સજ્ઝાઇએ ન સજ્ઝાયં** | - સ્વાધ્યાય કરવા યોગ્ય સ્થળે સ્વાધ્યાય ન કર્યો હોય |
| **તસ્સ મિચ્છામિ દુક્કડં** | - તેનું મારું પાપ મિથ્યા થાઓ |

**એમ એક બોલથી માંડીને તેત્રીસ બોલ સુધી મારા જીવે; (તમારા જીવે), જાણવા જોગ બોલ જાણ્યા ન હોય; આદરવા જોગ બોલ આદર્યા ન હોય; અને છાંડવા જોગ બોલ છાંડયા ન હોય, તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

**ધન્ય છે એ મહાપુરુષોને ! જેઓ જાણવા જોગ બોલ જાણતા હશે, આદરવા જોગ આદરતા હશે અને છાંડવા જોગ છાંડતા હશે. તેમને મારી (તમારી) સમય-સમયની વંદના હોજો.**

# પાઠ-27 પાંચમું શ્રમણ સૂત્ર - પ્રતિજ્ઞા સૂત્ર

## (નિર્ગ્રંથ પ્રવચન વિશુદ્ધિનો પાઠ)

| | | |
|---|---|---|
| **નમો** | - | નમસ્કાર હોજો |
| **ચઉવીસાએ તિત્થયરાણં** | - | ચોવીસે તીર્થંકરોને |
| **ઉસભાઇ મહાવીર** | - | ઋષભદેવથી માંડીને મહાવીર સ્વામી |
| **પજ્જવસાણાણં** | - | પર્યંતનાં |
| **ઈણમેવ** | - | આ જ |
| **નિગ્ગંથં** | - | નિર્ગ્રંથ |
| **પાવયણં** | - | પ્રવચન |
| **સચ્ચં** | - | સત્ય છે |
| **અણુત્તરં** | - | અનુત્તર - સર્વોત્તમ છે |
| **કેવલિયં** | - | કેવળ - અદ્વિતીય છે અથવા કેવળી - કેવળીજ્ઞાનીઓ દ્વારા પ્રરૂપિત છે |
| **પડિપુન્નં** | - | પ્રતિપૂર્ણ છે |
| **નેઆઉયં** | - | ન્યાયયુક્ત છે |
| **સંસુદ્ધં** | - | પૂર્ણ શુદ્ધ અર્થાત્ નિષ્કલંક છે |
| **સલ્લકત્તણં** | - | માયા આદિ શલ્યોને (કાતરની જેમ કાપનાર); નાશ કરનાર છે |
| **સિદ્ધિ મગ્ગં** | - | સિદ્ધ થવાનો માર્ગ છે |
| **મુત્તિ મગ્ગં** | - | આઠ કર્મોથી મુક્તિનો માર્ગ છે |
| **નિજ્જાણ મગ્ગં** | - | સંસારથી નીકળવાનો માર્ગ છે. મોક્ષ સ્થાનનો માર્ગ છે |
| **નિવ્વાણ મગ્ગં** | - | નિર્વાણનો માર્ગ છે. પરમ શાંતિનો માર્ગ છે |

| | |
|---|---|
| **અવિતહમવિસંધિ** | - અવિતહં - મિથ્યાત્વ રહિત છે. સત્ય છે. યથાર્થ છે અવિસંધિ - વિચ્છેદ રહિત અર્થાત્ સદા શાશ્વત છે |
| **સવ્વ દુક્ખ પહીણમગ્ગં** | - સર્વ દુ:ખોનો પૂર્ણ રીતે ક્ષય કરવાનો માર્ગ છે |
| **ઈત્થં** | - આ નિર્ગ્રંથ પ્રવચનમાં |
| **ઠિયા** | - સ્થિત રહેલાં |
| **જીવા** | - જીવો |
| **સિજ્ઝંતિ** | - સિદ્ધ થાય છે |
| **બુજ્ઝંતિ** | - બુદ્ધ (-સર્વજ્ઞ) થાય છે |
| **મુચ્ચંતિ** | - ભવોપગ્રાહી કર્મોથી મુક્ત થાય છે |
| **પરિનિવ્વાયંતિ** | - સર્વ પ્રકારે શીતલીભૂત થાય છે |
| **સવ્વ દુક્ખાણ** | - શારીરિક, માનસિક દુ:ખોનો |
| **મંતં કરંતિ** | - અંત-ક્ષય કરે છે |
| **તં ધમ્મં** | - તે, ધર્મની |
| **સદ્દહામિ** | - શ્રદ્ધા કરું છું |
| **પત્તિઆમિ** | - પ્રતીતિ કરું છું |
| **રોએમિ** | - રુચિ કરું છું |
| **ફાસેમિ** | - સ્પર્શના કરું છું |
| **પાલેમિ** | - પાલના કરું છું |
| **અણુપાલેમિ** | - અણુ-વિશેષ રૂપથી નિરંતર, પાલેમિ- પાલના કરું છું |
| **તં ધમ્મં** | - તે, ધર્મની |

| | | |
|---|---|---|
| **સદ્દહંતો** | - | શ્રદ્ધા કરતો થકો |
| **પત્તિઅંતો** | - | પ્રતીતિ કરતો થકો |
| **રોઅંતો** | - | રુચિ કરતો થકો |
| **ફાસંતો** | - | સ્પર્શના કરતો થકો |
| **પાલંતો** | - | પાલના કરતો થકો |
| **અણુપાલંતો** | - | વિશેષે નિરંતર પાળતો થકો |
| **તસ્સ ધમ્મસ્સ** | - | તે, ધર્મની |
| **કેવલી પન્નત્તસ્સ** | - | કેવળી પ્રરૂપિત |
| **અબ્ભુટ્ઠિઓમિ** | - | આરાધનામાં હું |
| **આરાહણાએ** | - | ઉદ્યમવંત થયો છું |
| **વિરઓમિ વિરાહણાએ** | - | વિરાધનાથી નિવૃત્ત થયો છું |
| **અસંજમં પરિયાણામિ** | - | અસંયમ[1] આદિને જ્ઞ પરિજ્ઞાથી જાણું છું અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગું છું |
| **સંજમં ઉવસંપજ્જામિ** | - | સંયમને અંગીકાર કરું છું |
| **અબંભં પરિયાણામિ** | - | અબ્રહ્મચર્યને જાણું છું અને ત્યાગું છું |
| **બંભં ઉવસંપજ્જામિ** | - | બ્રહ્મચર્યને અંગીકાર કરું છું |
| **અકપ્પં પરિયાણામિ** | - | અકલ્પ - અકૃત્યને જાણું છું અને ત્યાગું છું |
| **કપ્પં ઉવસંપજ્જામિ** | - | કલ્પ - કૃત્યને અંગીકાર કરું છું |
| **અન્નાણં પરિયાણામિ** | - | અજ્ઞાનને જાણું છું અને ત્યાગું છું |

---

અસંયમ આદિને 'જ્ઞ' પરિજ્ઞાથી જાણી અને 'પ્રત્યાખ્યાન' પરિજ્ઞાથી ત્યાગીને. સાવદ્ય અનુષ્ઠાનને જાણું છું અને ત્યાગું છું. સંયમ આદિ અનુષ્ઠાનોનો સ્વીકાર કરું છું. આ રીતે બધામાં સમજી લેવું.

| | | |
|---|---|---|
| **નાણં ઉવસંપજ્જામિ** | - | જ્ઞાનને અંગીકાર કરું છું |
| **અકિરિયં પરિયાણામિ** | - | અક્રિય - નાસ્તિકવાદને જાણું છું અને ત્યાગું છું |
| **કિરિયં ઉવસંપજ્જામિ** | - | ક્રિયા - સમ્યક્‌વાદને સ્વીકારું છું |
| **મિચ્છત્તં પરિયાણામિ** | - | મિથ્યાત્વને જાણું છું અને ત્યાગું છું. |
| **સમ્મત્તં ઉવસંપજ્જામિ** | - | સમકિતને અંગીકાર કરું છું |
| **અબોહિં પરિયાણામિ** | - | મિથ્યાત્વના કાર્યને જાણું છું અને ત્યાગું છું |
| **બોહિં ઉવસંપજ્જામિ** | - | સમ્યક્ત્વ કાર્યને સ્વીકારું છું |
| **અમગ્ગં પરિયાણામિ** | - | જિનમાર્ગથી વિપરીત એવા ઉન્માર્ગને જાણું છું અને ત્યાગું છું |
| **મગ્ગં ઉવસંપજ્જામિ** | - | મોક્ષમાર્ગ (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ)ને અંગીકાર કરું છું |
| **જં સંભરામિ** | - | જે દોષ મને યાદ છે |
| **જં ચ ન સંભરામિ** | - | અને જે દોષ મને યાદ નથી |
| **જં પડિક્કમામિ** | - | જેનું પ્રતિક્રમણ કરું છું |
| **જં ચ ન પડિક્કમામિ** | - | અને જેનું પ્રતિક્રમણ કરી શકયો નથી |
| **તસ્સ સવ્વસ્સ** | - | તે સર્વ |
| **દેવસિયસ્સ**[1] | - | દિવસ સંબંધી |
| **અઈયારસ્સ** | - | અતિચારોનું |
| **પડિક્કમામિ** | - | પ્રતિક્રમણ કરું છું |
| **સમણોऽહં** | - | હું શ્રમણ છું |

1. **યથાકાળ પ્રતિક્રમણમાં** (1) રાઈયસ્સ, (2) પક્ખિયસ્સ, (3) ચાઉમાસ્સિયસ્સ, (4) સંવચ્છરિયસ્સ શબ્દ બોલવા.

| | |
|---|---|
| **સંજય** | - સંયતિ છું |
| **વિરય** | - પાપથી નિવૃત્ત છું |
| **પડિહય** | - રોકી દીધાં છે |
| **પચ્ચક્ખાય** | - પ્રત્યાખ્યાન કરીને |
| **પાવકમ્મો** | - પાપકર્મોને જેણે (એવો હું છું) |
| **અનિયાણો** | - નિદાન રહિત છું |
| **દિટ્ઠિસંપન્નો** | - સમ્યક્દૃષ્ટિ યુક્ત છું |
| **માયામોસો વિવજ્જિઓ** | - કપટ સહિત જૂઠથી સર્વથા રહિત થયો છું (તેથી) |
| **અડ્ઢાઈજ્જેસુ દીવ સમુદ્દેસુ** | - અઢી દ્વીપ અને બે સમુદ્રને વિશે |
| **પન્નરસ કમ્મભૂમીસુ** | - પંદર કર્મ ભૂમિઓમાં (પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહક્ષેત્ર-15) |
| **જાવંતિ** | - જેટલાં પણ |
| **કેઈ** | - કોઈ |
| **સાહૂ** | - સાધુઓ રહેલાં છે (તેઓ કેવાં છે ?) |
| **રયહરણ ગુચ્છગ પડિગ્ગહધારા** | - રજોહરણ, ગુચ્છો અને પાત્રાના ધારક |
| **પંચ મહવ્વય ધારા** | - પાંચ મહાવ્રતના ધારક છે. |
| **અટ્ઠારસ સહસ્સ સીલાંગ રહધારા** | - અઢારહજાર[1] શીલરૂપી રથના ધારક |

1. **બ્રહ્મચર્યના 18000 અંગરૂપ રથ :** 10 પ્રકારના યતિધર્મને પૃથ્વીકાય આદિ દશ (પાંચ સ્થાવર, ચાર ત્રસ અને એક અજીવ)ની સાથે ગુણતાં 100 થયા, તેને પાંચ ઇન્દ્રિયો વડે ગુણતાં 500 થયા. તેને આહાર આદિ ચાર સંજ્ઞાએ ગુણતાં 2000 થયા. તેને કરવું, કરાવવું અને અનુમોદવું, એ ત્રણથી ગુણતાં 6000 થયા. તેને મન, વચન અને કાયાએ ત્રણથી ગુણતાં 18000 ભેદ થયા.

| | | |
|---|---|---|
| **અક્ખય આયાર ચરિત્તા** | - | અક્ષત-પરિપૂર્ણ આચારયુક્ત ચારિત્રના ધારક છે. |
| **તે સવ્વે** | - | તે સર્વને |
| **સિરસા** | - | શિરથી (ઉત્તમ અંગ વડે) |
| **મણસા** | - | શુદ્ધ અંત:કરણથી (મનથી) |
| **મત્થએણ વંદામિ** | - | મસ્તક નમાવીને વંદન કરું છું. |

**ઈતિ અતિચાર આલોવ્યા, પડિક્કમ્યા, નિંદ્યા, નિ:શલ્ય થયા. વિશેષે-વિશેષે અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ-સાધ્વી, ગુર્વાદિકને ભુજો-ભુજો કરી ખમાવું છું.**

## પાઠ-28 પહેલા ખામણા - અરિહંત ભગવંતોને

**(ખામણાની વિધિ: ભૂમિ ઉપર બંને ગોઠણ ઢાળી, બંને હાથની કોણીઓ નાભિએ અડાડીને રાખવી તથા બંને હાથ જોડી રાખી સ્થિર ચિત્તે ખામણા બોલવા.)**

**પહેલા ખામણા પંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે જયવંતા તીર્થંકર દેવ બિરાજે છે, તેઓને કરું છું. તે સ્વામીના ગુણગ્રામ કરતાં જઘન્ય રસ ઊપજે તો કર્મની ક્રોડો ખપે અને ઉત્કૃષ્ટ રસ ઊપજે તો આ જીવ તીર્થંકર નામગોત્ર ઉપાર્જે. હાલ બિરાજતા વીસ તીર્થંકરોનાં નામ કહું છું :**

(1લા) **શ્રી સીમંધર સ્વામી**
(2જા) **શ્રી યુગમંધર સ્વામી**
(3જા) **શ્રી બાહુ સ્વામી**
(4થા) **શ્રી સુબાહુ સ્વામી**
(5માં) **શ્રી સુજાતનાથ સ્વામી**
(6ઠ્ઠા) **શ્રી સ્વયંપ્રભ સ્વામી**
(7માં) **શ્રી ઋષભાનન સ્વામી**
(8માં) **શ્રી અનંતવીર્ય સ્વામી**
(9માં) **શ્રી સૂરપ્રભ સ્વામી**
(10માં) **શ્રી વિશાલપ્રભ સ્વામી**
(11માં) **શ્રી વજ્રધર સ્વામી**
(12માં) **શ્રી ચન્દ્રાનન સ્વામી**

| | |
|---|---|
| (13માં) શ્રી ચંદ્રબાહુ સ્વામી | (17માં) શ્રી વીરસેન સ્વામી |
| (14માં) શ્રી ભુજંગદેવ સ્વામી | (18માં) શ્રી મહાભદ્ર સ્વામી |
| (15માં) શ્રી ઈ શ્વર સ્વામી | (19માં) શ્રી દેવજશ સ્વામી |
| (16માં) શ્રી નેમપ્રભ સ્વામી | (20માં) શ્રી અજિતસેન સ્વામી |

એ જઘન્ય તીર્થંકર 20 અને ઉત્કૃષ્ટ હોય, તો 160 અથવા 170. તેઓને મારી (તમારી) સમય-સમયની વંદના હોજો.

તે સ્વામીનાથ કેવા છે ? મારા-તમારા મન-મનની વાત જાણી-દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી-દેખી રહ્યા છે. સમય-સમયની વાત જાણી-દેખી રહ્યા છે. ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી-દેખી રહ્યા છે. તે સ્વામીને અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે, અનંત ધૈર્ય છે અને અનંત વીર્ય છે, એ ષટે ગુણે કરી સહિત છે. ચોત્રીસ અતિશયે કરી બિરાજમાન છે. પાંત્રીસ પ્રકારની સત્ય વચન વાણીના ગુણે કરી સહિત છે. એક હજારને અષ્ટ ઉત્તમ લક્ષણે કરી સહિત છે. અઢાર દોષ રહિત છે. બાર ગુણે કરી સહિત છે. ચાર ઘનઘાતી કર્મ ક્ષય કર્યા છે. બાકીનાં ચાર કર્મ પાતળાં પાડયાં છે. મુક્તિ જવાના કામી થકા વિચરે છે. ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી, સશરીરી, કેવળજ્ઞાની-કેવળદર્શની, યથાખ્યાત ચારિત્રના ધારણહાર છે. ક્ષાયિક સમકિત, શુક્લ ધ્યાન, શુક્લ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ, 64 ઇન્દ્રોના પૂજનિક, વંદનિક, અર્ચનિક છે. પંડિત વીર્ય આદિ અનંતગુણે કરી સહિત છે.

ધન્ય તે ગ્રામ, નગર, રાયહાણી, પુર, પાટણ જ્યાં-જ્યાં પ્રભુ દેશના દેતા થકા વિચરતા હશે, ત્યાં-ત્યાં રાઈસર, તલવર, માડંબિય, કોડુંબિય, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે તેમને ધન્ય છે, સ્વામીનાં દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે તેમને ધન્ય છે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તેમને પણ ધન્ય છે.

ધન્ય સ્વામીનાથ ! આપ શ્રી પંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન, અહીં બેઠો છું. આપના કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્ર અને તપને વિશે અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો-ભુજો કરી ખમાવું છું.

(વિધિઃ 'વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ' સુધીનો પાઠ મસ્તક નમાવી ત્રણ વાર બોલવો.)

## પાઠ-29 બીજા ખામણા - સિદ્ધ ભગવંતોને

બીજા ખામણા અનંતા સિદ્ધ ભગવંતોને કરું છું. એ ભગવંતોના ગુણગ્રામ કરતા જઘન્ય રસ ઊપજે તો ક્રોડો કર્મ ખપે અને ઉત્કૃષ્ટ રસ ઊપજે તો આ જીવ તીર્થંકર નામગોત્ર ઉપાર્જે. આ ભરતક્ષેત્રને વિશે છેલ્લા ચોવીસ તીર્થંકરો સિદ્ધ થયા. તેમનાં નામ કહું છુંઃ

(1લા) શ્રી ઋષભદેવ સ્વામી
(2જા) શ્રી અજિતનાથ સ્વામી
(3જા) શ્રી સંભવનાથ સ્વામી
(4થા) શ્રી અભિનંદન સ્વામી
(5માં) શ્રી સુમતિનાથ સ્વામી
(6ટ્ઠા) શ્રી પદ્મપ્રભ સ્વામી
(7માં) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી
(8માં) શ્રી ચંદ્રપ્રભ સ્વામી
(9માં) શ્રી સુવિધિનાથ સ્વામી
(10માં) શ્રી શીતલનાથ સ્વામી
(11માં) શ્રી શ્રેયાંસનાથ સ્વામી
(12માં) શ્રી વાસુપૂજ્ય સ્વામી
(13માં) શ્રી વિમલનાથ સ્વામી
(14માં) શ્રી અનંતનાથ સ્વામી
(15માં) શ્રી ધર્મનાથ સ્વામી
(16માં) શ્રી શાંતિનાથ સ્વામી
(17માં) શ્રી કુંથુનાથ સ્વામી
(18માં) શ્રી અરનાથ સ્વામી
(19માં) શ્રી મલ્લિનાથ સ્વામી
(20માં) શ્રી મુનિસુવ્રત સ્વામી
(21માં) શ્રી નમિનાથ સ્વામી
(22માં) શ્રી નેમિનાથ સ્વામી
(23માં) શ્રી પાર્શ્વનાથ સ્વામી
(24માં) શ્રી વીર વર્ધમાન મહાવીર સ્વામી

આ એક ચોવીશી, અનંત ચોવીશી પંદર ભેદે સીઝી, બુઝી, આઠ કર્મ ક્ષય કરી મોક્ષે પધાર્યા છે, તેમને મારી-તમારી સમય-સમયની વંદના હોજો, આઠ કર્મનાં નામ (1) જ્ઞાનાવરણીય, (2) દર્શનાવરણીય, (3) વેદનીય, (4) મોહનીય, (5) આયુષ્ય, (6) નામ, (7) ગોત્ર (8) અંતરાય. એ આઠ કર્મ ક્ષય કરી, મુક્તિશિલાએ પહોંચ્યા છે. તે મુક્તિશિલા ક્યાં છે ?

સમપૃથ્વીથી 790 જોજન ઊંચપણે તારા મંડળ આવે. ત્યાંથી દસ જોજન ઊંચપણે સૂર્યનું વિમાન છે. ત્યાંથી 80 જોજન ઊંચપણે ચંદ્રનું વિમાન છે. ત્યાંથી ચાર જોજન ઊંચપણે નક્ષત્રનાં વિમાન છે. ત્યાંથી ચાર જોજન ઊંચપણે બુધનો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે શુક્રનો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે બૃહસ્પતિ (ગુરુ)નો તારો છો. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે મંગળનો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે છેલ્લો શનિશ્ચરનો તારો છે. એમ નવસો જોજન સુધી જ્યોતિષ ચક્ર છે.

ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે બાર દેવલોક આવે છે. તેનાં નામ : (1) સુધર્મ (2) ઈશાન (3) સનત્કુમાર (4) માહેન્દ્ર (5) બ્રહ્મલોક (6) લાંતક (7) મહાશુક્ર (8) સહસ્રાર (9) આણત (10) પ્રાણત (11) આરણ અને (12) અચ્યુત. ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે ચડીએ ત્યારે નવ ગ્રૈવેયક આવે છે. તેનાં નામ : (1) ભદ્દે, (2) સુભદ્દે, (3) સુજાએ, (4) સુમાણસે, (5) પ્રિયદંસણે, (6) સુદંસણે, (7) આમોહે, (8) સુપડિબદ્ધે અને (9) જસોધરે. તેમાં ત્રણ ત્રિક છે. પહેલી ત્રિકમાં 111 વિમાન છે. બીજી ત્રિકમાં 107 અને ત્રીજી ત્રિકમાં 100 વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે ચડીએ, ત્યારે પાંચ અનુત્તર વિમાન આવે છે. તેનાં નામઃ (1) વિજય, (2) વિજયંત, (3) જયંત, (4) અપરાજિત અને (5) સર્વાર્થ સિદ્ધ.

આ સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર જોજન ઊંચપણે મુક્તિશિલા છે, તે મુક્તિશિલા કેવી છે ? પિસ્તાલીસ (45) લાખ જોજનની લાંબી - પહોળી ગોળાકાર છે. મધ્ય આઠ જોજનની જાડી છે. ઊતરતાં છેડે

**માખીની પાંખ કરતાં પણ અધિક પાતળી છે. ઉજળી, ગોક્ષીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાનો પટ, મોતીનો હાર અને ક્ષીર સાગરના પાણી થકી પણ અધિક ઉજળી છે.**

**એ સિદ્ધશિલા ઉપર એક જોજન, તેના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિશે શ્રી સિદ્ધ ભગવંતજી નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તે ભગવંતજી કેવા છે? અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી, ભૂખ નહીં, દુઃખ નહીં, રોગ નહીં, શોક નહીં, જન્મ નહીં, જરા નહીં, મરણ નહીં, કાયા નહીં, કર્મ નહીં, અનંત-અનંત આત્મિક સુખની લહેરમાં બિરાજી રહ્યા છે.**

**ધન્ય સ્વામીનાથ! આપ શ્રી સિદ્ધક્ષેત્રને વિશે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપના અનંત જ્ઞાન, દર્શન ઉપયોગ સંબંધી અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો-ભુજો કરી ખમાવું છું.**

**(વિધિઃ વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ - આ પાઠ ત્રણ વાર બોલવો.)**

## પાઠ-30 ત્રીજા ખામણા-(કેવળી[1] ભગવંતોને)

**1. કેવળી** - જેમને સંપૂર્ણ કેવળજ્ઞાન થયું છે, તે કેવળી અને તીર્થંકર. બંને અહીંથી નિર્વાણ પામીને અવશ્ય મોક્ષ જવાના છે, અને ત્યાં બંને સરખા છે, તીર્થંકર પ્રભુ અને કેવળી- (કેવળજ્ઞાની)માં ફરક એટલો જ છે કે- તીર્થંકર પ્રભુનાં પુણ્ય ઘણાં હોય છે. તેઓ ચાર તીર્થની સ્થાપના કરે છે, ચોત્રીસ અતિશય, પાંત્રીસ પ્રકારની સત્યવાણીથી યુક્ત હોય છે. તેઓને જન્મથી જ મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હોય છે, તેમજ જન્મથી જ તેઓ દેવોથી પૂજાય છે. તીર્થંકર પ્રભુનાં શાસન ચાલે છે, જેમ અત્યારે મહાવીર સ્વામીનું ચાલે છે તેમ. તીર્થંકર પ્રભુ આ લોક ઉપર ઘણા ઉપકાર કરે છે. ટૂંકમાં ફક્ત પુણ્યનો જ ફેર છે, બાકી જ્ઞાનમાં સમાન છે.

ત્રીજા ખામણા પંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે બિરાજતા જયવંતા કેવળી ભગવંતોને કરું છું. તે સ્વામી જઘન્ય હોય તો બે ક્રોડ કેવળી અને ઉત્કૃષ્ટ હોય, તો નવ ક્રોડ કેવળી, એ સર્વને મારી (તમારી) સમય-સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ? મારા તમારા મન[1]-મનની વાત જાણી દેખી રહ્યા છે. ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છે. સમય-સમયની વાત જાણી દેખી રહ્યા છે. ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી દેખી રહ્યા છે. તેમને અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે. અનંત ધૈર્ય છે, અનંત વીર્ય છે. એ ષટ્ ગુણે કરી સહિત છે. ચાર ઘનઘાતી કર્મ ક્ષય કર્યાં છે, બાકીનાં ચાર કર્મ પાતળાં પાડયાં છે. મુક્તિ જવાના કામી થકા વિચરે છે. ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી સશરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની, યથાખ્યાત ચારિત્રના ધારણહાર છે. ક્ષાયિક સમકિત શુક્લ ધ્યાન, શુક્લલેશ્યા, શુભધ્યાન, શુભ જોગ, પંડિત વીર્ય આદિ અનંત ગુણે કરી સહિત છે.

ધન્ય તે સ્વામી ! ગામ, નગર, રાયહાણી પુર, પાટણને વિશે જ્યાં-જ્યાં દેશના દેતાં થકા વિચરતાં હશે, ત્યાં ત્યાં રાઈસર, તલવર, માડંબિય, કોડુંબિય, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે, સ્વામીનાં દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે, સ્વામીને અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તેમને પણ ધન્ય છે.

ધન્ય સ્વામીનાથ ! આપ શ્રી પંચ મહાવિદેહ ક્ષેત્રને વિશે બિરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપનાં કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાતચારિત્ર અને તપને વિશે અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો-ભુજો કરી ખમાવું છું.

**1.** સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને મન હોય છે. તેથી તેમના મનની વાત જાણી શકે છે પણ 1-2-3-4 ઈન્દ્રિયવાળા તથા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને મન હોતું નથી, તે જીવોના પણ આત્મભાવોને જાણે છે.

(વિધિ: વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ - આ પાઠ ત્રણ વાર બોલવો.)

## પાઠ-31 ચોથા ખામણા-(ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને)

ચોથા ખામણા ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને કરું છું. ગણધરજી બાવન ગુણે કરી સહિત છે. આચાર્યજી છત્રીસ ગુણે કરી સહિત છે. ઉપાધ્યાયજી પચ્ચીસ ગુણે કરી સહિત છે. મારા-તમારા ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મ ઉપદેશના દાતાર, મહાપુરુષ, પંડિતરાજ, મુનિરાજ, ગીતાર્થ, બહુસૂત્રી, સૂત્ર સિદ્ધાંતના પારગામી, તરણતારણ તારણી નાવા સમાન, સફરી જહાજ સમાન, રત્નચિંતામણિ સમાન, પારસમણિ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના મુખી, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક, એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી આલોવી, પડિક્કમિ નિંદી નિઃશલ્ય થઈ, મોક્ષગતિમાં તથા પ્રાયઃ દેવલોકે પધાર્યા છે, તેમનો ઘણો-ઘણો ઉપકાર છે.

આજ વર્તમાનકાળે તરણતારણ તારણી નાવ સમાન, સફરી જહાજ સમાન, રત્નચિંતામણિ સમાન, પારસમણિ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના અગ્રેસર, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક આદિ અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન જે-જે આચાર્યજી, ઉપાધ્યાયજીઓ વીતરાગદેવની આજ્ઞામાં જ્યાં–જ્યાં બિરાજતા હોય તે સર્વને મારી (તમારી) સમય-સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે? શુદ્ધ પંચ મહાવ્રતના પાલણહાર છે, પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત, છકાયના પિયર, છકાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દસ વિધ યતિ ધર્મના અજવાલિક, બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર, સત્તર ભેદે સંયમના ધારણહાર, બાવીસ પરિષહના

જિતણહાર, સત્તાવીસ સાધુજીના ગુણે કરી સહિત, 42-47-96 દોષરહિત આહાર પાણીના લેવણહાર, બાવન અનાચારના ટાલણહાર, સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન-કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર આદિ અનેક ગુણે કરી સહિત છે.

ધન્ય સ્વામીનાથ ! આપ શ્રી ગામ, નગર, રાયહાણી, પુર, પાટણને વિશે બિરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિશે અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો -ભુજો કરી ખમાવું છું.

(વિધિઃ વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ - આ પાઠ ત્રણ વાર બોલવો.)

## પાઠ-32 પાંચમાં ખામણા-(સાધુ-સાધ્વીજીઓને)

પાંચમાં ખામણા પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ; એ અઢી-દ્વીપ ક્ષેત્રને વિશે બિરાજતાં સાધુ-સાધ્વીજીઓને કરું છું. તેઓ જઘન્ય હોય તો બે હજાર ક્રોડ અને ઉત્કૃષ્ટ હોય તો નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વીજી તેમને મારી-તમારી સમય સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ! પાંચ મહાવ્રતના પાલણહાર છે. પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત, છ કાયના પિયર, છ કાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશવિધ યતિ ધર્મના અજવાલિક, બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર, સત્તર ભેદે સંયમના ધારણહાર, બાવીસ પરિષહના જિતણહાર, સત્તાવીસ સાધુજીના ગુણે કરી સહિત, 42-47-96 દોષરહિત આહાર-પાણીના લેવણહાર, બાવન અનાચારના ટાલણહાર, સચેતના ત્યાગી,

**અચેતના ભોગી, કંચન- કામિનીના ત્યાગી, માયા, મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર આદિ અનેક ગુણે કરી સહિત છે.**

**ધન્ય સ્વામીનાથ ! આપ શ્રી ગામ, નગર, રાયહાણી, પુર, પાટણને વિશે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિશે અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજો-ભુજો કરી ખમાવું છું.**

**(વિધિઃ વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ - આ પાઠ ત્રણ વાર બોલવો.)**

## પાઠ-33 છઠ્ઠા ખામણા-(શ્રાવક-શ્રાવિકાજીઓને)

**છઠ્ઠા ખામણા અઢીદ્વીપ માંહેના સંખ્યાતા, અઢીદ્વીપ બહાર અસંખ્યાતા[1] શ્રાવક- શ્રાવિકાજીઓને કરું છું. તે શ્રાવક- શ્રાવિકાજીઓ કેવાં છે ?**

**હુંથી, તમથી દાને, શીલે, તપે, ભાવે ગુણે કરી અધિક છે. બે વખત આવશ્યક પ્રતિક્રમણના કરનાર છે. મહિનામાં બે, ચાર અને છ પૌષધના કરનાર છે. સમકિત સહિત શ્રાવકના બાર વ્રતધારી, અગિયાર**

1. મનુષ્યો સંખ્યાતા જ હોય છે, તેથી શ્રાવક-શ્રાવિકા સંખ્યાતા હોવાં જોઈએ, પણ અઢીદ્વીપની બહારના તિર્યંચો પણ શ્રાવકનાં વ્રતો ધારણ કરે છે. આ તિર્યંચોને દેવ વગેરેને જોવાથી જાતિ-સ્મરણ તેમજ અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે, અને તેઓ દેશ વિરતિ ધર્મની પાલના કરે છે. આ રીતે તિર્યંચ શ્રાવક-શ્રાવિકા અસંખ્યાતા હોય છે.

**પડિમાના સેવણહાર છે. ત્રણ[1] મનોરથના ચિંતવનાર છે. દુબળા-પાતળા જીવની દયાના આણનાર છે. જીવ, અજીવ આદિ નવ તત્વના જાણનાર છે. શ્રાવકજીનાં એકવીસ ગુણે સહિત છે. પર ધન પથ્થર બરાબર લેખે છે. પર સ્ત્રી માત-બહેન સમાન લેખે છે. દઢધર્મી[2], પ્રિયધર્મી[3], દેવતાના ડગાવ્યા ડગે નહીં એવા છે. ધર્મનો રંગ હાડ હાડની મજ્જાએ લાગ્યો છે. એવાં શ્રાવક- શ્રાવિકાજી સંવર, પૌષધ, પ્રતિક્રમણમાં બિરાજતાં હશે, તેમને ધન્ય છે. તેમનો અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય, તો હાથ જોડી, મસ્તક નમાવી, ભુજો-ભુજો કરી ખમાવું છું.**

**સાધુ-સાધ્વીજીઓને વાંદું છું. શ્રાવક- શ્રાવિકાજીઓને ખમાવું છું. સમકિત દષ્ટિ જીવોને ખમાવું છું. ઉપકારી ભાઈ-બહેનોને ખમાવું છું, તથા ચોર્યાસી લાખ જીવાયોનિના જીવોને ખમાવું છું:**

---

**1.** (1) કયારે હું થોડો કે વધુ પરિગ્રહ છોડીશ, (2) કયારે હું દીક્ષા લઈશ અને (3) ક્યારે હું સંથારો કરી પંડિત મરણે મરીશ, આ ત્રણ મનોરથ દરેક શ્રાવક-શ્રાવિકાએ રાત્રે સૂતી વખતે ભાવવા જોઈએ. આ માટે શ્રી 'સ્થાનાંગ સૂત્ર'માં કહ્યું છે કે ઉપરની ત્રણ ભાવના ભાવતાં શ્રાવકજીને મહાનિર્જરા થાય છે અને ક્રમે-ક્રમે સંસારનો અંત કરે છે. માટે દરેક શ્રાવક-શ્રાવિકાજીએ ઉપરની ત્રણ ભાવના દરરોજ રાત્રે સૂતી વખતે તો જરૂર ભાવવી જ, તથા દિવસમાં પણ જ્યારે-જ્યારે ફુરસદ હોય, ત્યારે ત્યારે આ ત્રણ ભાવના જરૂર ભાવવી જ. તેથી ઘણાં પાપકર્મ ખપી જાય છે અને એટલો આત્મા હળુકર્મી બને છે.

**2. દઢધર્મી :** પોતાના ધર્મમાં એવો દઢ રહે કે અન્ય ધર્મના ગમે તે માણસો તેને ચલિત કરવા આવે, તો પણ ચલિત થાય નહીં, એટલું જ નહીં પણ કદાચ દેવતા આવીને પણ તેને ધર્મથી વિમુખ કરવા માંગે, તો પોતે તો ચલિત થાય નહીં, પણ સામા દેવતાને પણ પોતાના શુદ્ધ અહિંસક ધર્મમાં લાવે. શ્રાવક-શ્રાવિકાઓ આવા દઢધર્મી હોય, નહીં કે કોઈ અન્ય ધર્મની ધામધૂમ જોઈ તેમાં ફસાઈ જાય નહીં તો જેવો ધર્મ તેવા થઈ જાય, ગંગાએ નાહવા જાય તો ભાઈ

## ચોર્યાસી લાખ જીવાયોનિ સૂત્ર

**સાત લાખ પૃથ્વીકાય**
**સાત લાખ અપ્કાય**
**સાત લાખ તેઉકાય**
**સાત લાખ વાઉકાય**
**દસ લાખ પ્રત્યેક વનસ્પતિકાય**
**ચૌદ લાખ સાધારણ**
**વનસ્પતિકાય**
**બે લાખ બેઈન્દ્રિય**
**બે લાખ તેઇન્દ્રિય**
**બે લાખ ચૌરેન્દ્રિય**
**ચાર લાખ નારકી**
**ચાર લાખ દેવતા**
**ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય**
**ચૌદ લાખ મનુષ્યની જાતિ**
**(કુલ 84 લાખ જીવાયોનિ)**

**આ ચોર્યાસી લાખ જીવાયોનિના જીવોને મારા જીવે, તમારા જીવે હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, જાણતાં-અજાણતાં, હણ્યા હોય, હણાવ્યા હોય, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના-કિલામના ઉપજાવી હોય, તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

---

'ગંગાદાસ' થઈ જાય, અને જમનાએ નાહવા ગયા તો 'જમનાદાસ' થઈ જાય. આવું ન હોવું જોઈએ. ધર્મ સત્ય, શુદ્ધ અને પવિત્ર છે, તેમાં શંકા રાખવાનું કોઈ કારણ નથી. તો તેમાં જ બરાબર દૃઢ રહી દૃઢધર્મી બનવું.

**૩. પ્રિયધર્મી :** પોતાના ધર્મને જે પ્રિય વહાલો ગણતો હોય તે પ્રિયધર્મી. દરેક શ્રાવક-શ્રાવિકાએ પ્રિયધર્મી બનવું જોઈએ. પરમ પવિત્ર ધર્મ, દેવ કે ગુરુ ઉપર અન્ય ધર્મીઓ તરફથી ખોટી નિંદા કે આક્ષેપો થતા હોય, તો તેનું નિવારણ કરવું, તે દરેક પ્રિયધર્મીની ફરજ છે. આપણે કોઈ ધર્મ ઉપર આક્ષેપ ન કરવા પણ આપણા ધર્મ ઉપર થતા આક્ષેપોનો તો જવાબ જરૂર દેવો જ જોઈએ. આપણા દેવ, ગુરુ અને ધર્મનો આપણા ઉપર મહાન ઉપકાર છે. આવા મહાન ઉપકારી ઉપર આક્ષેપો થતા હોય તો આપણે કેમ કરી જોઈ શકીએ ? આવા આક્ષેપોનું નિવારણ કરવું, તેના સચોટ જવાબ આપવા, તે દરેક પ્રિયધર્મીની ફરજ છે. આપણાં શાસ્ત્રોમાં આવા અનેક દાખલાઓ છે. આવી રીતે પોતાના ધર્મની વત્સલતા કરતાં, સેવા કરતાં જો ઉત્કૃષ્ટ ભાવ આવી જાય, તો તે જીવ તીર્થંકર નામગોત્રકર્મ ઉપાર્જન કરે છે.

## પાઠ-34 ક્ષમાપના સૂત્ર

(અનુષ્ટુપ્ છંદ)

**ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા વિ ખમન્તુ મે,**
**મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ।।1।।**

(આર્યા છંદ)

**એવમહં આલોઇયં, નિંદિયં ગરહિયં દુગંછિયં,**
**સમ્મં તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં।।2।।**

**ખામેમિ** - ખમાવું છું
**સવ્વે** - સર્વ (બધાં)
**જીવા** - જીવોને
**સવ્વે** - સર્વ
**જીવા** - જીવો
**વિ** - પણ
**ખમંતુ** - ક્ષમા કરે
**મે** - મને
**મિત્તી** - (કેમકે) મિત્રતા છે
**મે** - મારી
**સવ્વભૂએસુ** - બધા જીવોથી
**વેરં** - વેરભાવ (શત્રુતા)
**મજ્ઝં** - મારે
**ન** - નથી
**કેણઈ** - કોઈની સાથે
**એવં** - આ રીતે
**અહં** - હું

| | | |
|---|---|---|
| **આલોઈયં** | - | આલોચના કરીને |
| **નિંદિયં** | - | નિંદા કરીને |
| **ગરહિયં** | - | ગર્હા કરીને |
| **દુગંછિયં** | - | જુગુપ્સા (ગ્લાનિ-ઘૃણા) કરીને |
| **સમ્મં** | - | સમ્યક્ પ્રકારે, |
| **તિવિહેણ** | - | ત્રણે યોગોથી |
| **પડિક્કંતો** | - | પાપકર્મોથી નિવૃત્ત થઈને |
| **વંદામિ** | - | વંદન કરું છું |
| **જિણે** | - | અરિહંત ભગવાનોને |
| **ચઉવ્વીસં** | - | ચોવીસે |

**ઈતિ અતિચાર આલોવ્યા, પડિક્કમ્યા, નિંદ્યા, નિ:શલ્ય થયા વિશેષ-વિશેષ અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ, સાધ્વી, ગુર્વાદિકને ભુજો-ભુજો કરી ખમાવું છું.**

## ઈચ્છામિ ખમાસમણો

**(વિધિ: આ પાઠ ઊભડક આસને બે વાર બોલવો.)**

**ઈચ્છામિ**
**ખમાસમણો**
**વંદિઉં**
**જાવણિજ્જાએ**
**નિસીહિયાએ**
**અણુજાણહ**
**મે મિ ઉગ્ગહં**

**નિસીહિ**
**અહો કાયં**
**કાય સંફાસં**
**ખમણિજ્જો**
**ભે કિલામો**
**અપ્પ કિલંતાણં**
**બહુ સુભેણં**

ભે દિવસો
વઈક્કંતો ?
જત્તા ભે ?
જવણિજ્જં
ચ ભે ?
ખામેમિ
ખમાસમણો !
દેવસિયં વઈક્કમં
આવસ્સિયાએ
પડિક્કમામિ
ખમાસમણાણં
દેવસિયાએ
આસાયણાએ
તિત્તીસન્નયરાએ
જં કિંચિ
મિચ્છાએ

મણ દુક્કડાએ
વય દુક્કડાએ
કાય દુક્કડાએ
કોહાએ માણાએ
માયાએ લોહાએ
સવ્વ કાલિયાએ
સવ્વ મિચ્છોવયારાએ
સવ્વ ધમ્માઈક્કમણાએ
આસાયણાએ
જો મે દેવસિઓ
અઈયારો કઓ
તસ્સ ખમાસમણો
પડિક્કમામિ નિંદામિ
ગરિહામિ
અપ્પાણં
વોસિરામિ

સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસત્થો બે, વંદના ત્રણ અને પ્રતિક્રમણ ચાર. આ ચાર આવશ્યક પૂરાં થયાં એને વિશે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત, અનંતા સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

## પાંચમો કાઉસ્સગ્ગ[1] આવશ્યક

**(વિધિ: અહીં ઊભા થઈને વિધિપૂર્વક ત્રણ વંદના કરી 'પાંચમાં આવશ્યકની આજ્ઞા' એમ બોલીને માંગવી.)**

## પાઠ-35 વિશુદ્ધિ સૂત્ર

**દેવસિય** - દિવસ સંબંધી

**પાયચ્છિત્ત** - પ્રાયશ્ચિત્ત (સ્થાન, અતિચારો)ની

**વિશુદ્ધનાર્થં** - વિશેષ શુદ્ધિ કરવા માટે

**કરેમિ** - કરું છું

**કાઉસ્સગ્ગં** - કાયોત્સર્ગ (શરીરના વ્યાપારનો ત્યાગ)

## નમસ્કાર મંત્ર

**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વ સાહૂણં**

---

1. પક્ખી પ્રતિક્રમણમાં 8 અથવા 12 લોગસ્સ, ચૌમાસી પ્રતિક્રમણમાં 12 અથવા 20 લોગસ્સ, સંવત્સરી પ્રતિક્રમણમાં 20 અથવા 40 લોગસ્સ આ રીતે કાઉસ્સગ્ગ કરવો. દરરોજ ચાર લોગસ્સ અથવા ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ કરવાની પરંપરા પણ છે.

## કરેમિ ભંતે ! સૂત્ર

કરેમિ ભંતે !
સામાઈયં
સાવજ્જં જોગં
પચ્ચક્ખામિ
જાવ નિયમં
પજ્જુવાસામિ
દુવિહં તિવિહેણં
ન કરેમિ ન કારવેમિ
મણસા
વયસા
કાયસા
તસ્સ ભંતે !
પડિક્કમામિ
નિંદામિ
ગરિહામિ
અપ્પાણં વોસિરામિ

## ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગ સૂત્ર

ઇચ્છામિ ઠામિ
કાઉસ્સગ્ગં
જો મે દેવસિઓ
અઈયારો
કઓ
કાઈઓ
વાઈઓ
માણસિઓ
ઉસ્સુત્તો
ઉમ્મગ્ગો
અકપ્પો
અકરણિજ્જો
દુજ્ઝાઓ
દુવ્વિચિંતિઓ
અણાયારો
અણિચ્છિયવ્વો
અસાવગ
પાઉગ્ગો
નાણે
તહ
દંસણે
ચરિત્તાચરિત્તે

સુએ સમાઇએ
તિણ્હં ગુત્તીણં
ચઉણ્હં કસાયાણં
પંચણ્હ મણુવ્વયાણં
તિણ્હં ગુણવ્વયાણં

ચઉણ્હં સિક્ખાવયાણં
બારસ વિહસ્સ
સાવગ ધમ્મસ્સ
જં ખંડિયં જં વિરાહિયં
તસ્સ મિચ્છામિ દુક્કડં

## તસ્સ ઉત્તરી સૂત્ર

તસ્સ ઉત્તરી કરણેણં
પાયચ્છિત્ત કરણેણં
વિસોહિ કરણેણં
વિસલ્લી કરણેણં
પાવાણં કમ્માણં
નિગ્ઘાયણટ્ઠાએ
ઠામિ
કાઉસ્સગ્ગં
અન્નત્થ
ઊસસિએણં
નીસસિએણં
ખાસિએણં
છીએણં
જંભાઈએણં
ઉડ્ડુએણં

વાયનિસગ્ગેણં
ભમલીએ
પિત્તમુચ્છાએ
સુહુમેહિં અંગ સંચાલેહિં
સુહુમેહિં ખેલ સંચાલેહિં
સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં
એવમાઈ એહિં આગારેહિં
અભગ્ગો
અવિરાહિઓ
હુજ્જ મે
કાઉસ્સગ્ગો
જાવ
અરિહંતાણં
ભગવંતાણં
નમોક્કારેણં

| | |
|---|---|
| ન પારેમિ | મોણેણં |
| તાવ | ઝાણેણં |
| કાયં | અપ્પાણં વોસિરામિ |
| ઠાણેણં | |

(વિધિ: નીચે મુજબ ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ અથવા 4 લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.)

## પાઠ-36 ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ

| | | |
|---|---|---|
| સે કિં તં ધમ્મજ્ઝાણએ ? | - | ધર્મધ્યાન તે શું છે ? |
| ધમ્મજ્ઝાણે ચઉવ્વિહે | - | ધર્મધ્યાન ચાર પ્રકારના છે |
| ચઉપ્પડોયારે | - | તે દરેકના ચાર-ચાર પેટાભેદ છે |
| પન્નત્તે | - | પ્રરૂપ્યા |
| તં જહા | - | તે આ પ્રમાણે |
| આણા વિજએ | - | આજ્ઞાનો વિચાર ચિંતવવો |
| અવાય વિજએ | - | દુ:ખનો વિચાર ચિંતવવો |
| વિવાગ વિજએ | - | જીવ સુખ-દુ:ખ શા થકી ભોગવે છે તેનો વિચાર ચિંતવવો |
| સંઠાણ વિજએ | - | લોકના આકારનો વિચાર ચિંતવવો |
| ધમ્મસ્સણં ઝાણસ્સ | - | ધર્મધ્યાનનાં |
| ચત્તારિ લક્ખણા | - | ચાર લક્ષણ |
| પન્નત્તા તં જહા | - | પ્રરૂપ્યા તે આ પ્રમાણે |
| આણા રુઇ | - | આજ્ઞાની રુચિ |
| નિસ્સગ્ગ રુઇ | - | શ્રદ્ધાની રુચિ |

| | |
|---|---|
| ઉવએસ રુઈ | - ઉપદેશની રુચિ |
| સુત્ત રુઈ | - સૂત્ર-સિદ્ધાંતની રુચિ |
| ધમ્મસ્સણં ઝાણસ્સ | - ધર્મધ્યાનના |
| ચત્તારિ આલંબણા | - ચાર આલંબન |
| પન્નત્તા તં જહા | - પ્રરૂપ્યા તે આ પ્રમાણે |
| વાયણા | - વાંચવું |
| પુચ્છણા | - પૂછવું |
| પરિયટ્ટણા | - શીખેલું સંભારવું |
| ધમ્મકહા | - ધર્મકથા કરવી |
| ધમ્મસ્સણં ઝાણસ્સ | - ધર્મધ્યાનની |
| ચત્તારિ અણુપ્પેહાઓ | - ચાર અનુપ્રેક્ષાઓ, (વિચારણા) |
| પન્નત્તાઓ તં જહા | - પ્રરૂપી તે આ પ્રમાણે |
| એગચ્ચાણુપ્પેહા | - એકલાપણાનો વિચાર ચિંતવવો (કે-આ જીવ એકલો આવ્યો છો; અને એકલો જ જશે.) |
| અણિચ્ચાણુપ્પેહા | - અનિત્યપણાનો વિચાર ચિંતવવો. (કે-સંસાર અનિત્ય છે વગેરે) |
| અસરણાણુપ્પેહા | - અશરણપણાનો વિચાર ચિંતવવો. (કે-સંસારમાં કોઇ કોઈને ત્રાણ-શરણભૂત નથી વગેરે) |
| સંસારાણુપ્પેહા | - સંસાર વિશે વિચાર ચિંતવવો. (કે સંસાર કેવો વિચિત્ર છે વગેરે) |

આ ધર્મધ્યાનનો સૂત્ર પાઠ કહ્યો. હવે તેનો અર્થ કહે છે.

**ધર્મધ્યાનના પહેલા ચાર ભેદ :**

| | |
|---|---|
| **(1) આણા વિજએ** | **(3) વિવાગ વિજએ** |
| **(2) અવાય વિજએ** | **(4) સંઠાણ વિજએ** |

<u>પહેલો ભેદ-આણા વિજએ</u> : આણા વિજએ કહેતાં વીતરાગદેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો. વીતરાગદેવની આજ્ઞા એવી છે કે- સમકિત સહિત શ્રાવકનાં બાર વ્રત, અગિયાર પડિમા, સાધુજીનાં પાંચ મહાવ્રત તથા બાર ભિક્ષુની પડિમા. શુભ ધ્યાન, શુભ જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને છકાય જીવની રક્ષા -એ વીતરાગદેવની આજ્ઞા આરાધવી. તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો. ચતુર્વિધ સંઘના ગુણકીર્તન કરવાં. આ ધર્મધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

<u>બીજો ભેદ- અવાય વિજએ</u>: અવાય વિજએ કહેતાં-જીવ સંસારમાં દુઃખ શા માટે ભોગવે છે ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે-મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, અઢાર પાપ સ્થાનક અને છકાય જીવની હિંસા, એથી કરીને જીવ દુઃખ પામે છે. માટે એવું દુઃખનું કારણ જાણી, એવો આશ્રવ માર્ગ ત્યાગી, સંવર માર્ગ આદરવો. જેથી જીવ દુઃખ ન પામે. આ ધર્મધ્યાનનો બીજો ભેદ કહ્યો.

<u>ત્રીજો ભેદ- વિવાગ વિજએ</u>: વિવાગ વિજએ કહેતાં - જીવ સંસારમાં સુખ અને દુઃખ ભોગવે છે તે શા થકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે- જીવે જેવે રસે કરી પૂર્વે જેવાં શુભાશુભ જ્ઞાનાવરણીય

આદિ આઠ કર્મ ઉપાર્જન કર્યા છે, તે શુભાશુભ કર્મના ઉદયથી, જીવ તે પ્રમાણે સુખ અને દુઃખ અનુભવે છે. તે અનુભવતાં થકા કોઈ ઉપર રાગ-દ્વેષ ન આણી, સમતા ભાવ રાખી, મન, વચન, કાયાના શુભ યોગ સહિત શ્રી જૈન ધર્મને વિશે પ્રવર્તીએ જેથી નિરાબાધ પરમસુખને પામીએ. આ ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.

<u>ચોથો ભેદ- સંઠાણ વિજએ</u>: સંઠાણ વિજએ કહેતાં- ત્રણ લોકના આકારનો વિચાર ચિંતવવો. ત્રણ લોકના આકારનું સ્વરૂપ સુપઈઠીક - સુપ્રતિષ્ઠત (સારી રીતે ગોઠવેલો) સરાવલાને આકારે છે. લોક જીવ-અજીવથી સંપૂર્ણ ભર્યો છે. મધ્યભાગે અસંખ્યાતા જોજનની કોડા-કોડી પ્રમાણ તિરછો લોક છે. તેમાં અસંખ્યાતા દ્વીપ-સમુદ્ર છે. અસંખ્યાતા વાણવ્યંતરનાં નગરો છે. અસંખ્યાતા જ્યોતિષીનાં વિમાનો છે તથા અસંખ્યાતી દેવતાની રાજધાનીઓ છે. તેને મધ્યભાગે અઢીદ્વીપ છે. તેમાં જઘન્ય તીર્થંકર 20 અને ઉત્કૃષ્ટ હોય, તો 160 અથવા 170, જઘન્ય બે ક્રોડ કેવળી અને ઉત્કૃષ્ટ હોય તો નવ ક્રોડ કેવળી તથા જઘન્ય બે હજાર ક્રોડ સાધુ-સાધ્વી અને ઉત્કૃષ્ટ હોય તો નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વી તેમને વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ, તેમજ તિરછાલોકમાં અસંખ્યાતા શ્રાવક- શ્રાવિકાજીઓ છે તેમના ગુણગ્રામ કરવા.

તિરછાલોકથી અસંખ્યાત ગુણો અધિક (મોટો) ઊર્ધ્વ લોક છે. તેમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન છે. તે સર્વમાં

મળીને કુલ ચોર્યાસી લાખ, સત્તાણું હજાર, ત્રેવીસ (84,97,023) વિમાનો છે. તે ઉપર લોકાગ્રે- સિદ્ધક્ષેત્ર છે. ત્યાં સિદ્ધ ભગવંતજી નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તેમને વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ.

તે ઊર્ધ્વલોકથી કાંઈક વિશેષ અધિક (મોટો) અધોલોક છે. તેમાં સાત નરકના ચોર્યાસી લાખ નરકાવાસા છે. સાત કરોડ બોંતેર લાખ ભવનપતિનાં ભવનો છે.

એવા ત્રણે લોકનાં સર્વ સ્થાનોમાં (પાંચ અનુત્તર વિમાનના દેવો સિવાય) સમકિત કરણી વિના આ જીવે અનંતી અનંતીવાર જન્મ-મરણે કરી સ્પર્શી મૂક્યા છે, તો પણ આ જીવનો પાર આવ્યો નહીં. એવું જાણી સમકિત સહિત શ્રુત (જ્ઞાન, દર્શન) અને ચારિત્ર ધર્મની આરાધના કરવી. જેથી અજર, અમર, નિરાબાધ પરમ સુખને પામીએ. આ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો. ઇતિ ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ સંપૂર્ણ.

ધર્મધ્યાનના કાઉસ્સગ્ગમાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. કાઉસ્સગ્ગ પૂરો થતાં પાળું છું. (પળાવું છું.) નમો અરિહંતાણં...

(વિધિઃ અહીં કાઉસ્સગ્ગ પાળીને સામાયિક સૂત્રનો પાંચમો પાઠ 'લોગસ્સ સૂત્ર' કાવ્ય રૂપે બોલીને તીર્થંકરોનાં ગુણકીર્તન કરવાં.)

## લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી (1)
ઉસભમજિયં ચ વંદે, સંભવ મભિનંદણં ચ સુમઇં ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. (2)
સુવિહિં ચ પુપ્ફદંતં, સીયલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. (3)
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. (4)
એવં મએ અભિથુઆ, વિહુય રય-મલા પહીણ જર-મરણા;
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. (5)
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગ બોહિલાભં, સમાહિ વર મુત્તમં દિંતુ. (6)
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (7)

## ઈચ્છામિ ખમાસમણો

(વિધિ: આ પાઠ ઉભડક આસને બે વાર બોલવો.)

ઈચ્છામિ
ખમાસમણો !
વંદિઉં
જાવણિજ્જાએ
નિસીહિયાએ
અણુજાણહ

મે મિ ઉગ્ગહં
નિસીહિ
અહો કાયં
કાયસંફાસં
ખમણિજ્જો
ભે !

કિલામો
અપ્પ કિલંતાણં
બહુ સુભેણં
ભે દિવસો
વઇક્કંતો ?
જત્તા ભે ?
જવણિજ્જં
ચ ભે ?
ખામેમિ
ખમાસમણો
દેવસિયં
વઇક્કમં
આવસ્સિયાએ
પડિક્કમામિ
ખમાસમણાણં
દેવસિયાએ
આસાયણાએ
તિત્તીસન્નયરાએ
જં કિંચિ

મિચ્છાએ
મણ દુક્કડાએ
વય દુક્કડાએ
કાય દુક્કડાએ
કોહાએ માણાએ
માયાએ લોહાએ
સવ્વ કાલિયાએ
સવ્વમિચ્છોવયારાએ
સવ્વ ધમ્માઇક્કમણાએ
આસાયણાએ
જો મે
દેવસિઓ
અઇયારો
કઓ
તસ્સ
ખમાસમણો !
પડિક્કમામિ
નિંદામિ ગરિહામિ
અપ્પાણં વોસિરામિ

સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસત્થો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર અને કાઉસ્સગ્ગ પાંચ. આ પાંચે આવશ્યક પૂરાં થયા એને વિશે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર ઓછું અધિક વિપરીત ભણાયું હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

## છઠ્ઠો પચ્ચક્ખાણ આવશ્યક

(**વિધિ:** પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ બિરાજતાં હોય તો સવિધિ ત્રણ વંદના કરવી અને 'પચ્ચક્ખાણ ફરમાવશોજી' એમ વિનંતિ કરવી અને પચ્ચક્ખાણ કરવા. પૂ. સાધુ-સાધ્વીજીઓ બિરાજતાં ન હોય તો વડીલ શ્રાવકજીને વિનંતિ કરવી અને કોઈ ન હોય તો પોતાની જાતે નીચે મુજબ પ્રત્યાખ્યાનનો પાઠ બોલી પચ્ચક્ખાણ કરવા.)

## પાઠ-37 ચૌવિહાર પચ્ચક્ખાણ સૂત્ર

**ધારણા પ્રમાણે ચઉવ્વિહં પિ આહારં પચ્ચક્ખામિ-**
**અસણં, પાણં, ખાઈમં, સાઈમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં,**
**મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં, અપ્પાણં વોસિરામિ.**

## પાઠ-38 પ્રતિક્રમણ સમાપ્તિ સૂત્ર

**સ્વામીનાથ! સામાયિક એક, ચઉવીસત્થો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર, કાઉસ્સગ્ગ પાંચ અને છઠ્ઠા કર્યા પચ્ચક્ખાણ. આ છએ આવશ્યક પૂરાં થયા એને વિશે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

**મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અવ્રતનું પ્રતિક્રમણ, પ્રમાદનું પ્રતિક્રમણ, કષાયનું પ્રતિક્રમણ, અશુભ યોગનું પ્રતિક્રમણ- આ સર્વ મળી ૮૨ બોલનું પ્રતિક્રમણ. એને વિશે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર, જાણતાં-અજાણતાં મન, વચન, કાયાએ કરી જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય, તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાન કાળનો સંવર અને આવતા કાળનાં પચ્ચક્ખાણ. એને વિશે જે કોઈ પાપ-દોષ લાગ્યો હોય, તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા.
સાચાની શ્રદ્ધા, ખોટાનું વારંવાર મિચ્છામિ દુક્કડં.
દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ, કેવળી ભાષિત દયામય ધર્મ.
આ ત્રણ તત્વ સાર, સંસાર અસાર.
ભગવંત ! આપનો માર્ગ સત્ય છે.
તમેવ સચ્ચં ! તમેવ સચ્ચં !
કરેમિ મંગલં, મહામંગલં, થવ થુઇ મંગલં

(વિધિઃ અહીં ત્રણ 'નમોત્થુણં' બોલવા.)

## નમોત્થુણં સૂત્ર

(વિધિઃ ડાબો ઢીંચણ ઊભો રાખી, જમણો ઢીંચણ ધરતી ઉપર રાખી બંને હાથ જોડીને, મસ્તકે અંજલિ કરીને ત્રણ 'નમોત્થુણં' કહેવા.)

• પહેલું નમોત્થુણં શ્રી સિદ્ધ ભગવંતોને કરું છું •

નમોત્થુણં
અરિહંતાણં
ભગવંતાણં
આઈગરાણં
તિત્થયરાણં
સયં-સંબુદ્ધાણં
પુરિસુત્તમાણં
પુરિસસીહાણં

પુરિસવર પુંડરિયાણં
પુરિસવર ગંધ હત્થીણં
લોગુત્તમાણં
લોગ નાહાણં
લોગ હિયાણં
લોગ પઈવાણં
લોગ પજ્જોયગરાણં
અભય દયાણં

**ચક્ખુ દયાણં**
**મગ્ગ દયાણં**
**સરણ દયાણં**
**જીવ દયાણં**
**બોહિ દયાણં**
**ધમ્મ દયાણં**
**ધમ્મ દેસયાણં**
**ધમ્મ નાયગાણં**
**ધમ્મ સારહીણં**
**ધમ્મવર ચાઉરંત**
**ચક્કવટ્ટીણં**
**દીવોત્તાણં**
**સરણ ગઈ**
**પઈટ્ઠાણં**
**અપ્પડિહય**
**વર નાણ**
**દંસણ ધરાણં**
**વિયટ્ટ છઉમાણં**
**જિણાણં**
**જાવયાણં**

**તિન્નાણં**
**તારયાણં**
**બુદ્ધાણં**
**બોહયાણં**
**મુત્તાણં**
**મોયગાણં**
**સવ્વન્નૂણં**
**સવ્વદરિસીણં**
**સિવ**
**મયલ**
**મરુય**
**મણંત**
**મક્ખય**
**મવ્વાબાહ**
**મપુણરાવિત્તિ**
**સિદ્ધિગઈ નામધેયં**
**ઠાણં સંપત્તાણં**
**નમો જિણાણં**
**જિય ભયાણં**

## • બીજું નમોત્થુણં •

**બીજું નમોત્થુણં શ્રી અરિહંત દેવોને કરું છું**
**નમોત્થુણં અરિહંતાણં** જાવ.. **સિદ્ધિ ગઈ નામધેયં** (સુધી પાઠ બોલવો પછી...) **ઠાણં સંપાવિઉ કામાણં,**
**નમોજિણાણં જિયભયાણં.**

### • ત્રીજું નમોત્થુણં •

ત્રીજું નમોત્થુણં મારા (તમારા) ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, સમ્યક્ત્વરૂપી બોધિબીજના દાતાર, જિનશાસનના શણગાર એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન જે-જે સાધુ-સાધ્વીજીઓ વીતરાગદેવની આજ્ઞામાં જ્યાં-જ્યાં વિચરતાં હોય, ત્યાં-ત્યાં તેઓને મારી (તમારી) સમય-સમયની વંદના હોજો.

(વિધિઃ નીચેનો પાઠ ત્રણ વાર બોલવો.)

**તિક્ખુત્તો આયાહિણં પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ
સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ.**

**નમો અરિહંતાણં નમો સિદ્ધાણં
નમો આયરિયાણં નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વસાહૂણં.**

## શ્રી પ્રતિક્રમણ સૂત્ર અર્થ અને વિધિ સહિત સમાપ્ત

### • મોટો ચઉવીસત્થો •

સ્વામિનાથ! સામાયિક એક,ચઉવીસત્થો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર, કાઉસ્સગ્ગ પાંચ, છઠ્ઠા કર્યા ચૌવિહારના પચ્ચક્ખાણ, તે છ એ આવશ્યક પૂરા થયા. તેમાં કાનો, માત્રા, મીંડુ, પદ, અક્ષર ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, આરાધના કરતાં વિરાધના થઈ હોય તો અરિહંત, અનંતા સિદ્ધ, કેવળી, ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**મિથ્યાત્વનું પ્રતિક્રમણ:**

મિથ્યાત્વનું પ્રતિક્રમણ કહેતા અહો પંચ પરમેષ્ઠી પરમાત્મા! મારો

આત્મા વર્તમાનકાળે સંપૂર્ણપણે સમ્યક્પદનો ધારક હોવા છતાં તે ભાવથી ભ્રષ્ટ થઈને સુદેવ, સુગુરુ, સુધર્મની શ્રદ્ધા અને પ્રરૂપણા યથાર્થ હોવા છતાં યથાર્થ વર્તન ન કર્યું હોય, આત્મવિરુદ્ધ વર્તન કર્યું હોય અને આજના દિવસ સંબંધી કોઈ પણ પ્રકારે પાપદોષ લાગ્યા હોય, તો અરિહંત... તસ્સ મિચ્છામિ દુક્કડં.

## <u>અવ્રતનું પ્રતિક્રમણ</u>:

અવ્રતનું પ્રતિક્રમણ કહેતા અહો પંચ પરમેષ્ઠી પરમાત્મા! મારો આત્મા વર્તમાનકાળે સંપૂર્ણપણે વ્રત-પચ્ચક્ખાણનો ધારક હોવા છતાં તે ભાવથી ભ્રષ્ટ થઈને શ્રોતેન્દ્રિય દ્વારા મનગમતા અનુકૂળ શબ્દો સાંભળી તેના પર રાગ કર્યો હોય, પ્રતિકૂળ-તિરસ્કારજનક શબ્દો સાંભળી, તેના પર દ્વેષ કર્યો હોય, ચક્ષુરિન્દ્રિય દ્વારા આ વિશ્વની વિધ-વિધ વસ્તુઓને, વિધ-વિધ વ્યક્તિઓને નિહાળીને તેના પર રાગ દ્વેષના ભાવ કર્યા હોય, ઘાણેન્દ્રિય દ્વારા સુરભિગંધ કે દુરભિગંધમાં આસક્ત બન્યો હોય, રસેન્દ્રિય દ્વારા મનગમતા ભાવતા ભોજનને વારંવાર ખાવાની ઈચ્છા કરી હોય, ભાવે નહીં, ફાવે નહીં, પથ્થકારી રૂપે પરિણમે નહીં, તેવા ભોજનનો ત્યાગ કરીને વાસ્તવમાં ત્યાગી ન હોવા છતાં ત્યાગીનું બિરુદ ધરાવ્યું હોય, સ્પર્શેન્દ્રિય દ્વારા સુંવાળા-મુલાયમ સ્પર્શ પર રાગ કર્યો હોય, કર્કશ- ખરબચડા સ્પર્શ પર દ્વેષ કર્યો હોય,

આ રીતે પાંચ ઈન્દ્રિય અને મનને મોકળું મૂકીને યથાખ્યાત ચારિત્રની ઉમેદવારી નોંધાવાને બદલે ચારિત્ર મોહનીયકર્મ બાંધી અનંત સંસાર વધાર્યો હોય તો આજના દિવસ સંબંધી અરિહંત... તસ્સ મિચ્છામિ દુક્કડં.

## <u>પ્રમાદનું પ્રતિક્રમણ</u>:

પ્રમાદનું પ્રતિક્રમણ કહેતા અહો પંચ પરમેષ્ઠી પરમાત્મા! મારો

આત્મા વર્તમાનકાળે સંપૂર્ણપણે અપ્રમત્તદશાનો ધારક હોવા છતાં તે ભાવથી ભ્રષ્ટ થઈને સ્વાધ્યાય, ધ્યાન, ચિંતન, મનન કરવાના સમયે આર્તધ્યાન, રૌદ્રધ્યાન કર્યું હોય, આળસ, નિંદા-કુથલીમાં સમય વ્યતીત કર્યો હોય, યેન-કેન પ્રકારે પ્રમાદને જ પ્રોત્સાહન આપ્યું હોય તો આજના દિવસ સંબંધી અરિહંત... તસ્સ મિચ્છામિ દુક્કડં.

## કષાયનું પ્રતિક્રમણ:

કષાયનું પ્રતિક્રમણ કહેતા અહો પંચ પરમેષ્ઠી પરમાત્મા! મારો આત્મા વર્તમાનકાળે સંપૂર્ણપણે વીતરાગદશાનો ધારક હોવા છતાં તે ભાવથી ભ્રષ્ટ થઈને રાગમાં રંગાઈ, દ્વેષથી દૂષિત થઇ, ક્રોધથી કલુષિત બની, અભિમાનમાં અંધ બની, માયામાં મુંઝાઈ, લોભમાં લપટાઇને આ રીતે સોળ કષાય અને નવ નોકષાય તેમ પચ્ચીસ ચારિત્રમોહનીયની પ્રકૃતિના ઉદયને આધીન થઈને મહામોહનીયકર્મ બાંધીને અનંત સંસાર વધાર્યો હોય, તો આજના દિવસ સંબંધી અરિહંત... તસ્સ મિચ્છામિ દુક્કડં.

## યોગનું પ્રતિક્રમણ:

યોગનું પ્રતિક્રમણ કહેતા અહો પંચ પરમેષ્ઠી પરમાત્મા ! મારો આત્મા વર્તમાનકાળે સંપૂર્ણપણે યોગાતીત અર્થાત્ અયોગી દશાનો ધારક હોવા છતાં તે ભાવથી ભ્રષ્ટ થઈને મનના યોગ દ્વારા આર્તધ્યાન-રૌદ્રધ્યાન કર્યું હોય, ખોટા સંકલ્પ-વિકલ્પો કરીને મનના સોળ દંડકમાંથી કોઈ પણ દંડકમાં ઉપજવા યોગ્ય કર્મો બાંધ્યા હોય, તો આજના દિવસ સંબંધી અરિહંત... તસ્સ મિચ્છામિ દુક્કડં.

અહો પંચ પરમેષ્ઠી પરમાત્મા! મારો અને તમારો આત્મા વર્તમાનકાળે સંપૂણપણે વચનાતીત અર્થાત અભાષક દશાનો ધારક હોવા

છતાં તે ભાવથી ભ્રષ્ટ થઈને કર્કશકારી, કઠોરકારી, છેદકારી, ભેદકારી, મર્મકારી, મૃષાકારી, સાવદ્યકારી અને નિશ્ચયકારી આ આઠે પ્રકારની ભાષાના પ્રયોગ વડે કોઈનું દિલ દુભાવ્યું હોય, હૃદય રડાવ્યું હોય, મારા અને તમારા વચનના પ્રયોગથી કોઈને અગ્નિસ્નાન, જલસ્નાન કરવાના ભાવ ઉત્પન્ન થયા હોય, મારા અને તમારા વચન પ્રયોગ સંયમભાવની વૃદ્ધિને માટે જ થવા જોઈએ, તેના બદલે સંસારભાવની વૃદ્ધિને માટે થયા હોય, ભાષાના દુષ્પ્રયોગથી આજના દિવસ સંબંધી અરિહંત... તસ્સ મિચ્છામિ દુક્કડં.

અહો પંચ પરમેષ્ઠી પરમાત્મા ! મારો આત્મા વર્તમાનકાળે સંપૂર્ણપણે અશરીરીદશાનો ધારક હોવા છતાં તે ભાવથી ભ્રષ્ટ થયો છે.

અહો પ્રભુજી ! આપની આજ્ઞાની આરાધનામાં જ આ જીવન સમર્પિત થવું જોઈએ, તેના બદલે આજ્ઞાની વિરાધના કરી હોય અને આજના દિવસ સંબંધી અરિહંત... તસ્સ મિચ્છામિ દુક્કડં.

**25 કષાય, 25 મિથ્યાત્વ, 15 જોગ, 12 અવ્રત અને 5 પ્રમાદ, તે 82 બોલનું પ્રતિક્રમણ 124 દોષ ટાળીને ન કર્યું હોય અને આજના દિવસ સંબંધી અરિહંત... તસ્સ મિચ્છામિ દુક્કડં.**

**સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા, સાચાની શ્રધ્ધા અને ખોટાનું વારંવાર મિચ્છામિ દુક્કડં**

**દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ, કેવળી પ્રરૂપિત ધર્મ તે સત્ય છે, સત્ય છે.**

**ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનકાળનો સંવર અને આવતા કાળના કર્યા પચ્ચક્ખાણ, તેમાં મૂળગણ-ઉત્તરગુણ સંબંધી કોઈપણ પ્રકારે પાપદોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.**

**કરેમિ મંગલં, મહામંગલં થવ થુઈ મંગલં**

**ત્રણ નમોત્થુણં...**

## પહેલા મોટા ખામણાનો વિસ્તાર

**(... પંડિત વીર્ય આદિ અનંત ગુણે કરી સહિત છે. પછી બોલવું.)**

એવા જિનેશ્વર દેવાધિદેવ આગળ ચાલે. તેમની પાછળ ગણધરો ચાલે. તેમની પાછળ સર્વ સાધુજી ચાલે છે. સ્વામી વિહાર કરે ત્યારે ચરણકમળ હેઠળ લાખ પાંખડીવાળું પદ્મકમળનું ફૂલ થઈ આવે છે. પગ ઉપાડતાં જ વિસરાલ થઈ જાય છે. વળી કાંટા સામામુખે હોય તે ઊંધા મુખે થઈ જાય છે. નદી-નાળાં હોય ત્યાં પાળ બંધાઈ જાય છે. સ્વામી હજારો ગાઉનો વિહાર કરે તો પણ થાકતા નથી. તેઓ વનપાલકની આજ્ઞા લઈ ઉદ્યાનમાં વિચરે છે.

જ્યાં ઘણું મિથ્યાત્વ હોય ત્યાં દેવતા ત્રિગડા ગઢના સમવશરણની રચના કરે છે. રૂપાનો ગઢ ને સોનાના કાંગરા, સોનાનો ગઢ ને રત્નના કાંગરા, રત્નનો ગઢ અને મણિરત્નના કાંગરા રચાય છે. ચારે દિશાએ એક-એક દરવાજો હોય છે. દરેક દિશાએ એક લેખે દરેક કોટને ચાર દરવાજા હોય છે. સમવશરણમાં પ્રથમ કોટમાં ચડવાનાં 10 હજાર પગથિયાં છે અને બીજા અને ત્રીજા કોટમાં 5-5 હજાર પગથિયાં હોય છે, એમ કુલ 20 હજાર પગથિયાં એક-એક હાથના અંતરે હોય છે. તેને ચડતાં-ચડતાં કોઈ ચડનારને દેવાધિદેવના પ્રભાવથી થાક વર્તાતો નથી.

સમવશરણના મધ્ય ભાગમાં તીર્થંકર ભગવાન અષ્ટ પ્રતિહાર્ય યુક્ત બિરાજે છે. સમવશરણમાં ભગવંતથી બાર ગુણો ઊંચુ તત્કાળ **અશોકવૃક્ષ** થઈ આવે છે. તેની નીચે પાદપીઠ સહિત રત્નજડિત સુવર્ણનું **સિંહાસન** થઈ આવે છે. તેની ઉપર બેસીને ભગવાન ઉપદેશ આપે છે, ત્યારે તે વખતે લાંબી-લાંબી મોતીઓની ઝાલરવાળા એકના ઉપર એક, એમ **ત્રણ છત્રો** ભગવંતના મસ્તક ઉપર ઊંચે દેખાય છે. ગાયનું દૂધ અને કમલના તંતુઓથી પણ અતિ ઉજ્જવળ કેશવાળા રત્નજડિત દંડયુક્ત ચોસઠ જોડ **ચામરો** ભગવંતની બંને બાજુ વીંઝાય છે. ભગવંતના સમવશરણમાં પંચવર્ણી અચેત ફૂલોની વૃષ્ટિ

થાય છે અને તેના ઢીંચણ પ્રમાણ ઢગલા થાય છે. ભગવંતની પાછળ અંબોડાના સ્થાને અત્યધિક તેજવાળું **ભામંડળ** (તેજોમંડળ) વિરાજે છે, તેથી કરી ભગવાનનાં ચાર મુખ દેખાય છે. એક યોજનના પ્રમાણમાં પ્રભુની ભવતારિણી વાણી સંભળાય છે. તે સમવશરણમાં ભરાયેલી ૧૨ પ્રકારની પરિષદા બરાબર સાંભળે છે. હે સ્વામી ! આપનાથી ઈશાનકોણમાં શ્રાવક, શ્રાવિકા અને વૈમાનિક દેવો બેસે છે. અગ્નિકોણમાં સાધુ, સાધ્વી અને વૈમાનિક દેવોની દેવીઓ બેસે છે. વાયવ્યકોણમાં ભવનપતિ દેવો, વાણવ્યંતર દેવો અને જ્યોતિષી દેવો બેસે છે. નૈઋત્યકોણમાં ભવનપતિની દેવીઓ, વાણવ્યંતરની દેવીઓ અને જ્યોતિષીની દેવીઓ બેસે છે. પ્રકારાન્તરે ચાર જાતિના દેવો, ચાર જાતિની દેવીઓ, મનુષ્ય, મનુષ્યાણી, તિર્યંચ અને તિર્યંચાણી એમ બાર જાતની પરિષદા આપની વાણી સાંભળે છે. હે નાથ ! આપ અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપો છો, પરંતુ આપના અતિશયના પ્રભાવે સહુ પોતાની ભાષામાં સમજે છે. સમવશરણમાં કોઈ જીવને જન્મવેર કે જાતિવેર ઉત્પન્ન થતાં નથી. આકાશમાં સાડા બાર ક્રોડ ગેબી વાજાં-**દેવદુંદુભિ** મીઠા મધુર અવાજે વ્યાખ્યાન સાંભળવામાં ખલેલ કર્યા સિવાય વાગે છે. **(ધન્ય તે ગ્રામ... પાઠ બોલવો.)**

## બીજા મોટા ખામણાનો વિસ્તાર

**(... એમ નવસો જોજન સુધી જ્યોતિષ ચક્ર છે. પછી બોલવું.)**

ત્યાંથી અસંખ્ય યોજનની ક્રોડાક્રોડ ઊંચે પહેલું સુધર્મા અને બીજું ઈશાન નામે દેવલોક જોડાજોડ છે. તે એકેક અર્ધચંદ્રમાના આકારે છે અને બંને મળી પૂર્ણ ચંદ્રમાના આકારે પહેલામાં બત્રીસ લાખ અને બીજામાં અઠ્ઠાવીસ લાખ વિમાન છે.

બંનેના મળીને સાઠ લાખ વિમાનો છે. તે વિમાનો અસંખ્યાતા જોજનનાં લાંબાં પહોળાં છે, તેમાં અસંખ્યાતા મહેલ છે. તે પાંચસો જોજન ઊંચા છે. તેને 2700 જોજનનાં ભોંયતળિયાં છે. તે અઢીસો જોજન લાબાં પહોળાં છે. એક

જોજન ધરતીમાં ઊંડાં છે. તેના ત્રણસો જોજનના કોટને કાંગરા છે. પચાસ જોજન તેમાં વચ્ચે પહોળા છે, પચ્ચીસ જોજન ઉપર પહોળા છે.

ત્યાં નાના પ્રકારની મણિરત્નમય પદ્મવેલ ભીંત છે. તે ભીંત ઘણી જોવા યોગ્ય છે. ત્યાં અરીસા છે. ત્યાં ગજદંતા નામે ખીલીઓ છે, તથા નાગદંતા નામે આંકડીઓ છે. સોના-રૂપાની સાંકળ છે. ત્યાં રત્નજડાવ સીકાં છે.

તે સીકાંમાં અગરના પડા, તગરના પડા, કેસરના પડા, જાઈના પડા, સાકરના પડા, કસ્તૂરીના પડા, એલચીના પડા ભરેલા છે. તે પડા શાશ્વતા સુરભિગંધવાળા છે.

ત્યાં રત્નજડાવ થાંભલા છે. થંભે-થંભે પૂતળીઓ છે. જોડે-જોડે હાર છે. ટોડે–ટોડે તોરણ છે. રાતાં સોનાનાં ફૂમતાં છે. લીલી સોનાની પાંદડીઓ છે. ત્યાં પંચવર્ણા રત્નોનું ઘાસ પથરાઈ રહ્યું છે. ત્યાં પંચવર્ણી રત્નોની વેળુ (રેતી) પથરાઈ રહી છે.

ત્યાં દેવતાને ઊપજવાની ઉપપાત સભા (ઓરડો) છે. ત્યાં દેવતાનો ઢોલિયો ઢળાયેલ છે. તે ઢોલિયાના રાતા સોનાના પાયા છે. મણિરત્નના પડવાયા (પાયા નીચે રાખવાના ટુકડા) છે. લીલાં સોનાનાં ઈસું-ઉપળાં છે. રક્ત રત્નથી સાંધો જડી છે. વજ્ર હીરામય ખીલા જડયા છે. મણિરત્નની પાટીથી તે ઢોલિયો ભર્યો છે. તુલમાની તળાઈ છે. રાતો સોનાનો ગાલીચો છે. સફેદ સોનાની સોડ છે. રાતાં સોનાનાં પાથરણાં છે. જાંબલી સોનાનાં ઓશીકાં છે. ગેરુઆ રંગના સોનાનાં ગાલમસુરિયાં છે. મણિરત્નના ઓછાડથી તે ઢોલિયો બિછાયેલ છે. ત્યાં પંચવર્ણો પંખો ઝૂલી રહ્યો છે.

જ્યારે કોઈ દેવતા મરણ પામે ત્યારે દેવ-દેવીઓ શોક-સંતાપમાં બેઠાં છે. હવે જેમ કોઈ ચતુર બહેન હોય તે રોટલી ફુલાવીને બેવડી કરે, તેમ કાચી બે ઘડીમાં બત્રીસ વરસનો તરુણ પુરુષ અચેત ફૂલની શય્યામાં છએ પર્યાપ્તિ બાંધીને આળસ મરડીને બેઠો થાય. ત્યારે દેવદેવીઓ શોક-સંતાપ ત્યજી હાથ જોડી કહેવા લાગે કે ‘હે સ્વામીનાથ! આપે શા દાન દીધાં, શાં પુણ્ય

કીધાં, શી કરણી-કમાણી કરી, જપતપ કીધા, શા રૂડા સંયમ પાળ્યા, કે જેથી અમારા અનાથના નાથ થયા, અમારા સ્વામી થયા ?' ત્યારે દેવતા અવધિજ્ઞાન મૂકી જુએ, ત્યાં મૃત્યુલોકમાં માતાપિતા વગેરે બધાં રુએ છે. ઝૂરે છે. એ જોઈ, વિચારે છે કે, 'અરેરે મારું સઘળું કુટુંબ મારા વિયોગથી કકળી રહ્યું છે, માટે ચાલ, જઈને તેમને કહી આવું કે મેં ધર્મકરણી કરી, તેથી સ્વર્ગનું અનુપમ સુખ મળ્યું છે. તમો પણ બધા મારા જેવી કરણી -કમાણી કરો, એટલે મારાં જેવાં સુખ પામો,' આમ વિચાર કરે છે ત્યારે દેવ-દેવીઓ કહેવા લાગે છે કે 'હે સ્વામીનાથ ! તમે શા રંગ દીઠા ? શા રાગ દીઠા ? શા નાટકચેટક દીઠા ? તમારા સગાંને જઈને શું કહેશો ? માટે એક ઘડીનું, બે ઘડીનું, એક પહોરનું નાટક જોતા જાવ.' એક ઘડીનું નાટક જોતાં એક હજાર વર્ષ પસાર થઈ જાય. બે ઘડીનું નાટક જોતાં બે હજાર વર્ષ થઈ જાય. એક પહોરનું નાટક જોતાં તો 10 હજાર વર્ષ નીકળી જાય. ત્યારે દેવતા વિચારે છે કે 'હવે તો કંઈક પેઢી મરી ગઈ, કંઈક ફીટી ગઈ, કંઈક પેઢી ચાલી ગઈ, હું ન જાણું એને, એ ન જાણે મને, કોને જઈને કહું ?' વળી મૃત્યુલોકની દુર્ગંધ 500 જોજન ઊંચે સુધી ઊછળે છે.

પછી દેવદેવીઓ દેવતાનો રાજ્યાભિષેક કરે છે. તે મહેલને ફરતા ચાર વન છે -ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન, પંડગવન, ત્યાં ચાર વાવડીઓ છે. તેમાં સુગંધી પાણી છે. તે વાવો ધ્વજા-પતાકા તોરણ સહિત છે. તેની ચાર-ચાર દેવો ચોકી કરે છે. સોનારૂપાના બાજોઠ છે. રત્નજડાવ નાહવાની કુંડીઓ છે. ત્યાં નવા ઉત્પન્ન થયેલા દેવોને સ્નાન-મજ્જન કરાવે છે. 1008 સોનાના કળશા છે, 1008 રૂપાના, 1008 રત્નના, 1008 મણિરત્નના, 1008 સોના-રત્નના, 1008 રૂપા રત્નના, 1008 માટીના, 1008 સોના-રૂપા-રત્ન, મણિરત્ન-માટીના કળશ છે. એમ બધા મળીને 8064 કળશાથી નવડાવે છે. ત્યારબાદ શરીર લૂછવા પહેલી લબ્ધિએ વસ્ત્ર આપે છે. બીજી લબ્ધિએ હળવામાં તૂલ અને ભારેમાં મૂલ (મૂલ્યવંત) દેવતાને પહેરવા વસ્ત્ર આપે છે. ત્રીજી લબ્ધિએ હળવામાં તૂલ, ભારેમાં મૂલ દેવતાને પહેરવાના

આભૂષણ આપે છે. ચોથી લબ્ધિએ દેવતાને ચંદન અરચે છે. સ્નાન-મજ્જનથી પરવારી મણિરત્નનો મુગટ પહેરીને દેવ સુધર્માસભામાં આવે છે. ત્યાં મણિરત્નનું સિંહાસન છે, તે ઉપર દેવતા બેસે છે, પછી વ્યવસાય સભામાં જાય છે. ત્યાં રત્ન જડિત ચોપડા છે. તેનાં ધોળાં સોનાનાં પાનાં છે. રાતાં સોનાનાં પૂંઠાં છે. રાતો સોનાનો ખડિયો છે. લીલી સોનાની લેખણ છે. જાંબુનદ સોનાની શાહી છે. ત્યાં બેઠા-બેઠા દેવતા વિમાનનાં લેખાં કરે છે.

તે દેવતાનું સાત હાથનું દેહમાન છે. બે સાગરનું આયુષ્ય છે. બે પખવાડિયે શ્વાસ ઊંચો લઈ બે પખવાડિયે શ્વાસ નીચો મૂકે. બે હજાર વર્ષો વીતી જાય ત્યારે આહારની ઈચ્છા ઊપજે ત્યારે અચેત પુદ્‌ગલનો આહાર કરે, તે વારે અમીના ઓડકાર આવે. એવા દૈવી સુખો ભોગવતાં પહેલાં અને બીજા દેવલોકના દેવતા વિચરે છે.

ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચે ત્રીજું સનત્કુમાર અને ચોથું માહેન્દ્ર નામે દેવલોક જોડાજોડ છે. તે એકેક અર્ધચંદ્રમાના આકારે છે. બંને મળી પૂર્ણ ચંદ્રમાના આકારે છે. ત્રીજામાં 12 લાખ અને ચોથામાં 8 લાખ વિમાન છે.

ત્રીજા અને ચોથા દેવલોકમાં કુલ વીસ લાખ વિમાનો છે. તે દેવલોકના મહેલ 600 જોજન ઊંચા છે. 2600 જોજનમાં ભોંયતળિયાં છે. 6 હાથની અવગાહના છે. સાત સાગરનું આયુષ્ય છે. 7 પખવાડિયે શ્વાસ ઊંચો લઈ 7 પખવાડિયે શ્વાસ નીચો મૂકે. 7000 વર્ષે આહારની ઈચ્છા ઊપજે ત્યારે માત્ર શુભ પુદ્‌ગલોનો આહાર કરે, તે વારે અમીના ઓડકાર આવે. એવા દૈવી સુખો ભોગવતાં થકા ત્રીજા- ચોથા દેવલોકના દેવતા વિચરે છે.

ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચે પાંચમું બ્રહ્મલોક નામે દેવલોક છે. તે એકલું પ્રતિપૂર્ણ ચંદ્રમાના આકારે છે. તેમાં 4 લાખ વિમાન છે.

બ્રહ્મ દેવલોકના મહેલ 700 જોજન ઊંચા છે. 2500 જોજનનાં ભોંયતળિયાં છે. પાંચ હાથની અવગાહના છે. દસ સાગરનું આયુષ્ય છે. દસ પખવાડિયે શ્વાસ ઊંચો લઈ દસ પખવાડિયે નીચો મૂકે. દસ હજાર વર્ષે આહારની

ઈચ્છા ઊપજે ત્યારે શુભ પુદ્ગલોનો આહાર કરે, તે વારે અમીના ઓડકાર આવે. એવા દેવલોકનાં સુખો ભોગવતાં પાંચમાં દેવલોકના દેવો વિચરે છે.

ત્યાંથી અસંખ્યાત જોજન ઊંચે છઠ્ઠું લાંતક નામે દેવલોક છે. તે એકલું પૂર્ણ ચંદ્રમાના આકારે છે. તેમાં 50 હજાર વિમાન છે.

લાંતક દેવલોકના મહેલ 700 જોજન ઊંચા છે. 2500 જોજનનાં ભોંયતળિયાં છે. પાંચ હાથની અવગાહના છે. 14 સાગરોપમનું આયુષ્ય છે. 14 પખવાડિયે શ્વાસ ઊંચો લઈ ચૌદ પખવાડિયે શ્વાસ નીચો મૂકે. 14 હજાર વર્ષે આહારની ઈચ્છા ઊપજે. શુભ પુદ્ગલોનો આહાર કરે, તે વારે અમીના ઓડકાર આવે. એવા સુરલોકનાં સુખો ભોગવતાં થકા છઠ્ઠા દેવલોકના દેવો વિચરે છે.

ત્યાંથી અસંખ્યાત જોજન ઊંચે સાતમું મહાશુક્ર નામે દેવલોક છે. તે એકલું પૂર્ણ ચંદ્રમાના આકારે છે. તેમાં ચાલીસ હજાર વિમાન છે.

મહાશુક્ર દેવલોકમાં 800 જોજન ઊંચા મહેલ છે, અને 2400 જોજનનાં ભોંયતળિયાં છે. 4 હાથની અવગાહના છે. 17 સાગરનું આયુષ્ય છે. 17 પખવાડિયે શ્વાસ ઊંચો લઈ 17 પખવાડિયે શ્વાસ નીચો મૂકે છે. 17 હજાર વર્ષે આહારની ઈચ્છા ઊપજે, શુભ પુદ્ગલોનો આહાર કરે, તે વારે અમીના ઓડકાર આવે. એવાં દિવ્ય સુખો ભોગવતાં થકા દેવતા વિચરે છે.

ત્યાંથી અસંખ્યાત જોજન ઊંચે આઠમું સહસ્ત્રાર નામે દેવલોક છે. તે એકલું પૂર્ણ ચંદ્રમાના આકારે છે. તેમાં 6000 વિમાન છે.

સહસ્ત્રાર દેવલોકમાં 800 જોજન ઊંચા મહેલ અને 2400 જોજનનાં ભોંયતળિયાં છે. 4 હાથની અવગાહના છે. 18 સાગરનું આયુષ્ય છે. 18 પખવાડિયે શ્વાસ ઊંચો લઈ 18 પખવાડિયે શ્વાસ નીચો મૂકે. 18 હજાર વર્ષે આહારની ઈચ્છા ઊપજે. શુભ પુદ્ગલનો આહાર કરે, તે વારે અમીના ઓડકાર આવે, એવા દિવ્ય સુખો ભોગવતાં થકા તે દેવો વિચરે છે.

ત્યાંથી અસંખ્યાત જોજન ઊંચે નવમું આણત અને દસમું પ્રાણત નામે

દેવલોક છે. તે બંને જોડાજોડ છે. તે દરેક અર્ધચંદ્રમાના આકારે છે. બંને મળી પૂર્ણચંદ્રમાના આકારે છે. તે બંનેમાં 200+200 મળીને કુલ 400 વિમાન છે.

નવમાં અને દસમાં દેવલોકના મહેલની ઊંચાઈ 900 જોજન છે અને ભોંયતળિયાં 2300 જોજનનાં છે. તેમાં ત્રણ હાથનું દેહમાન છે. નવમાં દેવલોકમાં 19 સાગરનું આયુષ્ય અને દસમાં દેવલોકમાં 20 સાગરનું આયુષ્ય છે. શ્વાસ આહારની ઈચ્છા આદિ બધું આયુષ્યના પ્રમાણમાં સમજવું.

ત્યાંથી અસંખ્યાત જોજન ઊંચે અગિયારમું આરણ અને બારમું અચ્યુત એ બે દેવલોક છે. તે બંને અર્ધચંદ્રમાના આકારે છે. બંને મળી પૂર્ણચંદ્રમાના આકારે છે. એકેકમાં 150+150 મળી કુલ 300 વિમાન છે.

અગિયારમાં અને બારમાં દેવલોકના મહેલની ઊંચાઈ 1000 જોજનની છે અને ભોંયતળિયાં 2200 જોજનનાં છે. બે હાથનું દેહમાન છે. અગિયારમાં દેવલોકમાં 21 સાગરોપમનું અને બારમાં દેવલોકમાં 22 સાગરનું આયુષ્ય છે. આયુષ્યના પ્રમાણમાં 21 કે 22 પખવાડિયે શ્વાસ ઊંચો લઈ 21 કે 22 પખવાડિયે શ્વાસ નીચો મૂકે. તેમજ 21 હજાર કે 22 હજાર વર્ષે આહારની ઈચ્છા ઊપજે. શુભ પુદ્‌ગલોનો આહાર કરે, તે વારે અમીના ઓડકાર આવે, એવાં સુખો ભોગવતાં થકા દેવતા વિચરે છે.

ત્યાંથી અસંખ્યાત જોજન ઊંચે નવ ગ્રૈવેયક વિમાનો છે તેના નામ -

| | | | |
|---|---|---|---|
| પહેલી ત્રિકમાં | (1) ભદ્દે | (2) સુભદ્દે | (3) સુજાએ |
| બીજી ત્રિકમાં | (4) સુમાણસે | (5) પિયદંસણે | (6) સુદંસણે |
| ત્રીજી ત્રિકમાં | (7) આમોહે | (8) સુપડિબદ્ધે | (9) જસોધરે |

પહેલી ત્રિકમાં 111 વિમાન છે, બીજી ત્રિકમાં 107 વિમાન છે, ત્રીજી ત્રિકમાં 100 વિમાન છે. બધાં મળીને નવ ગ્રૈવેયકમાં 318 વિમાન છે.

તેના મહેલની ઊંચાઈ 1100 જોજનની છે અને ભોંયતળિયાં 2100

જોજનનાં છે. બે હાથનું દેહમાન છે.

પહેલી ગ્રૈવેયકમાં જઘન્ય 22 ઉત્કૃષ્ટ 23 સાગરનું આયુષ્ય છે.
બીજી ગ્રૈવેયકમાં જઘન્ય 23 ઉત્કૃષ્ટ 24 સાગરનું આયુષ્ય છે.
ત્રીજી ગ્રૈવેયકમાં જઘન્ય 24 ઉત્કૃષ્ટ 25 સાગરનું આયુષ્ય છે.
ચોથી ગ્રૈવેયકમાં જઘન્ય 25 ઉત્કૃષ્ટ 26 સાગરનું આયુષ્ય છે.
પાંચમી ગ્રૈવેયકમાં જઘન્ય 26 ઉત્કૃષ્ટ 27 સાગરનું આયુષ્ય છે.
છઠ્ઠી ગ્રૈવેયકમાં જઘન્ય 27 ઉત્કૃષ્ટ 28 સાગરનું આયુષ્ય છે.
સાતમી ગ્રૈવેયકમાં જઘન્ય 28 ઉત્કૃષ્ટ 29 સાગરનું આયુષ્ય છે.
આઠમી ગ્રૈવેયકમાં જઘન્ય 29 ઉત્કૃષ્ટ 30 સાગરનું આયુષ્ય છે.
નવમી ગ્રૈવેયકમાં જઘન્ય 30 ઉત્કૃષ્ટ 31 સાગરનું આયુષ્ય છે.

જેટલા સાગરનું આયુષ્ય છે, તેટલા પખવાડિયે શ્વાસ ઊંચો લઈને તેટલા પખવાડિયે શ્વાસ નીચો મૂકે, તથા તેટલા હજાર વર્ષે આહારની ઈચ્છા ઊપજે. શુભ પુદ્ગલનો આહાર કરે, તે વારે અમીના ઓડકાર આવે, એવા સુખો ભોગવતાં દેવતા વિચરે છે.

ત્યાંથી અસંખ્યાત જોજન ઊંચે પાંચ અનુત્તર વિમાન છે. તેના નામ- (1) વિજય (2) વિજયંત (3) જયંત (4) અપરાજિત (5) સર્વાર્થસિદ્ધ. અને એ રીતે બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન મળીને કુલ વૈમાનિકનાં 84 લાખ 97 હજાર ને 23 વિમાન છે.

તે વિમાનો સંખ્યાત- અસંખ્યાત જોજન લાંબા પહોળાં છે. તેમાં સંખ્યાતા અસંખ્યાતા દેવતા છે. તેમાં અનુત્તર વિમાનના મહેલ 1100 જોજન ઊંચા અને 550 જોજન લાંબા પહોળા છે. તેમના 2100 જોજનનાં ભોંયતળિયાં છે. ચાર અનુત્તર વિમાનના દેવતાનું એક હાથનું દેહમાન છે. જઘન્ય 31 સાગરનું અને ઉત્કૃષ્ટ 33 સાગરનું આયુષ્ય છે. આયુષ્યના પ્રમાણમાં 31 કે 33 પખવાડિયે શ્વાસ ઊંચો લઈ 31 કે 33 પખવાડિયે શ્વાસ નીચો મૂકે. 31 કે 33 હજાર વર્ષે આહારની ઈચ્છા ઊપજે. શુભ પુદ્ગલોનો આહાર કરે, ત્યારે અમીના

ઓડકાર આવે. એવાં સુખો ભોગવતાં થકા દેવતા વિચરે છે..

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવતાનું મૂઢા હાથનું દેહમાન છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ 33 સાગરોપમનું આયુષ્ય છે. 33 પખવાડિયે શ્વાસ ઊંચો લઈ 33 પખવાડિયે શ્વાસ નીચો મૂકે. 33 હજાર વર્ષે આહારની ઈચ્છા ઊપજે. શુભ પુદ્ગલનો આહાર કરે, ત્યારે અમીના ઓડકાર આવે. એવાં સુખો ભોગવતાં થકા દેવતા વિચરે છે.

સર્વાર્થસિદ્ધ વિમાનના મધ્ય ભાગે એક મણિપીઠિકા એટલે કે ચોતરો છે. તે પાંચસો જોજનનો ઊંચો અને અઢીસો જોજનનો લાંબો પહોળો છે. ત્યાં દેવતાના ઢોલિયા ઢળી રહ્યા છે. તે કેવા છે ? ધોળા સોનાના પાયા છે. સ્ફટિક રત્નના પડવાયા છે. ધોળા સોનાનાં ઈસ-ઊપળાં છે. હીરાકણીના સાંધા જડયા છે. વજ્ર હીરામય ખીલા જડયા છે.

વળી તે સર્વાર્થસિદ્ધ વિમાનનો એક મોટો ચંદરવો છે. તેમાં સોનારૂપાના આંકડિયા છે. તેમાં 253 મોતીની માળાનો ઝૂમખો છે. તેમાં પહેલું મોતી 64 મણનું છે. તેને ફરતાં ચાર મોતી 32-32 મણના છે. તેને ફરતા આઠ મોતી 16-16 મણના છે. તેને ફરતા સોળ મોતી 8-8 મણના છે. તેને ફરતાં બત્રીસ મોતી 4-4 મણના છે. તેને ફરતા 64 મોતી બબ્બે મણના છે. તેને ફરતા 128 મોતી એકેક મણના છે. (એક મણ એટલે લગભગ 20 કિલોગ્રામ વજન થાય.) તેને પૂર્વ-પશ્ચિમ, ઉત્તર- દક્ષિણ એમ ચારે દિશાના વાયરા વાઈ રહ્યા છે. તેથી મોતી માંહોમાંહે અથડાય છે. તેથી કરી છ રાગ, છત્રીસ રાગીણી અને 49 જાતનાં વાજિંત્રોના સરખા રાગ નીકળે છે. 32 બદ્ધ નાટકના ગુંજારવ થાય છે.

હવે તે ઢોલિયામાં અકતુમકતુના વાણ છે. નવાં રૂનાં ગાદલાં છે. તુલમાની તળાઈ છે. ધોળા સોનાનાં પાથરાણાં છે. સ્ફટિક રત્નનાં ગાલમસુરિયાં છે. તે વારે ગૌતમ સ્વામી હાથ જોડી, માન મોડી વીર ભગવંતને પૂછતા હતા, “હે સ્વામી, તે શય્યા કેવી ઉજળી છે ?” તે વારે ભગવંત કહે, “હે ગૌતમ, માખણનો પિંડો, ગાયનું દૂધ, મોતીનો હાર, સ્ફટિક રત્ન, તેથી અનંતગુણી ઉજળી છે. તે વારે ગૌતમ સ્વામી હાથ જોડી, માન

મોડી વીર ભગવંતને પૂછતાં હતાં કે “હે સ્વામી, તે શય્યા કેવી છે ?” ત્યારે ભગવંત કહે કે “હે ગૌતમ, અકર્તુની વનસ્પતિ, મક્તુની વનસ્પતિ, રેશમના તાકા, મશરુના તાકા, તેથી અનંતગુણી સુવાળી છે.” તે વારે ગૌતમ સ્વામી હાથ જોડી માન મોડી, શ્રી ભગવંતને પૂછતા હતા કે “હે સ્વામી, તે શય્યા કેવી સુગંધી છે ?” ત્યારે ભગવંત કહે કે ‘હે ગૌતમ, અગરના પડા, તગરના પડા, કેસરના પડા, કસ્તૂરીના પડા, એલચીના પડા, જાઈના પડા, જાવંત્રીના પડા, ખાંડતા ચાળતા વધારે સુગંધ આપે, તેથી અનંતગુણી સુગંધી છે.’ તે વારે ગૌતમ સ્વામી હાથ જોડી માન મોડી વંદના નમસ્કાર કરી શ્રી વીર ભગવંતને પૂછતા હતા કે “હે સ્વામી, તે શય્યા કોની છે ?’ તે વારે ભગવંત કહે કે “હે ગૌતમ, તે શય્યા લવસત્તિયા દેવતાની છે. જેનું સાત લવનું આયુષ્ય ઓછું રહ્યું છે, એક છટ્ઠ જેટલો તપ ઓછો રહ્યો છે, જેણે ધન્ના અણગારના જેવા પૂર્વે શુદ્ધ ચારિત્ર પાળ્યાં છે, જેથી ત્યાં જઈને ઊપજ્યા છે.” ત્યાં બેઠા દેવતા વિહરમાન શ્રી સીમંધર સ્વામીને મનથી પ્રશ્ન પૂછે છે. દીનદયાળ પ્રભુ, મનથી પ્રશ્નનો ઉત્તર આપે છે. જેને હવે પછી એક જ ભવ કરવો બાકી છે. તે સિદ્ધના પડોશી છે.

તે પ્રભુના ગુણ અનંતા છે. મારી જીભ એક છે. એક જીભે વર્ણવ્યા જાય તેમ નથી.

**સમુદ્ર સઘળા શ્યાહી કરું, લેખણ કરું વનરાય,**
**આભ જેટલો કાગળ કરું, પણ પ્રભુ ગુણ લખ્યા ન જાય.**

(... આ સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી... પાઠ બોલવો.)

# પચ્ચક્ખાણ આવશ્યક

## (પ્રત્યાખ્યાન લેવા-પાળવાની વિધિ)

પ્રત્યાખ્યાનનો સૌથા મોટો લાભ એ છે કે-મનની તૃષ્ણાજન્ય ચંચળતા સમાપ્ત થઇ જાય છે અને સાધક આત્મ સંતોષી બની શકે છે.

1. **નવકારશી-** ઉગ્ગએ સૂરે નમોક્કાર સહિયં પચ્ચક્ખામિ ચઉવ્વિહં પિ આહારં - અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં અપ્પાણં વોસિરામિ.
2. **પોરસી-** પોરિસિં પચ્ચક્ખામિ ચઉવ્વિહં પિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં સવ્વસમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.
3. **એકાસણું-** એગાસણં પચ્ચક્ખામિ તિવિહં પિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં સાગારિયાગારેણં આઉટણ-પસારેણં ગુરુ અબ્ભુટ્ઠાણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.
4. **આયંબિલ-** આયંબિલવિહં પચ્ચક્ખામિ તિવિહં પિ આહારં અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં-ઉક્ખિત્તવિવેગેણં, ગિહત્થસંસટ્ઠેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.
5. **ઉપવાસ-** ઉગ્ગએ સૂરે અભત્તટ્ઠં પચ્ચક્ખામિ ચઉવ્વિહંપિ આહારં, અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ.

(**Note**: તિવિહાર ઉપવાસ કરનારે ઉપરના પાઠમાં 'પાણં' શબ્દ બોલવો નહીં. બે ઉપવાસ માટે 'અભત્તટ્ઠં' ના બદલે 'છટ્ઠભત્તં' જેટલા ઉપવાસ હોય તેના બમણાં કરી તેમાં બે ઉમેરવા. જેમ કે અટ્ઠાઇ હોય તો (16 x 2=18) 'અટ્ઠારસભત્તં', 11 ઉપવાસ હોય તો 'ચૌવીસભત્તં' આ રીતે પાઠ બોલવો.)

**6.** કોઇ પણ નિયમ ધારવાનો પ્રત્યાખ્યાન પાઠ- કોઇ પણ વસ્તુનો ત્યાગ કરવો હોય જેમ કે દારૂ, માંસ, ઇંડા વગેરેના પચ્ચક્ખાણ કરવા હોય તો ઇશાન કોણમાં શ્રી સીમંધર સ્વામીને ત્રણ વંદના કરી આ રીતે પાઠ બોલવો. સમય મર્યાદા નક્કી કરી લેવી. ‘ઉપયોગ સહિત પચ્ચક્ખાણ તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.’

**7.** ગ્રહણ કરેલા પ્રત્યાખ્યાન પાળવાની વિધિ- જે વ્રત નિયમ કે તપ કરેલું હોય તેનું નામ લઇને અર્થાત્ ચૌવિહાર કરેલો હોય, તો તે પાળું છું. તેમાં સમ્મં કાએણં, ન ફાસિયં, ન પાલિયં, ન તીરિયં, ન કિટ્ટિયં, ન સોહિયં ન આરાહિયં આણાએ અણુપાલિયં ન ભવઇ તસ્સ મિચ્છામિ દુક્કડં.

## ત્રણ વાર નવકાર મંત્ર ગણવા

**નમો અરિહંતાણં**

**નમો સિદ્ધાણં**

**નમો આયરિયાણં**

**નમો ઉવજ્ઝાયાણં**

**નમો લોએ સવ્વ સાહૂણં**

નોંધ-

નોંધ-

નોંધ-

નોંધ-

# પ્રતિક્રમણથી ત્રૈકાલિક શુદ્ધિ

પ્રતિક્રમણ આત્મનિરીક્ષણની પ્રજ્વલિત જ્યોતિ છે.
પ્રતિક્રમણથી ભૂતકાલીન દોષોની શુદ્ધિ થાય છે.
વર્તમાનમાં સંવરધર્મની આરાધનાથી આવતા કર્મો રોકાય છે
અને ભવિષ્યમાં તે પાપનું પુનરાવર્તન ન થાય, તે માટે સાધક
સંકલ્પ કરે છે તે તેની ભવિષ્યકાલીન શુદ્ધિ છે.
સંક્ષેપમાં ભૂતકાલીન અશુભયોગથી નિવૃત્તિ,
વર્તમાનકાલીન શુભયોગમાં પ્રવૃત્તિ અને ભવિષ્યમાં પણ
શુભયોગમાં પ્રવૃત્તિ કરવા માટે દૃઢતા હોવાથી
સાધકની ત્રૈકાલિક શુદ્ધિ થાય છે.